
તોહફતુલ આબેરીન.



અહમેદઆબાદ.

તોહફતુઝ ઝાએરીન.

યાઅને

ઝવ્વારોને તોહફો.

જેની અંદર

આકા ઇમામે હુસેન અ૦ અને હઝરતે ઇમામે રઝા અ૦ ની
ઝીયારતની ફઝીલત, સવાબ, આદાબ, મુસાફરીનો હાલ, તેમજ
હજનો સવાબ મક્કા અને મદીનાની મુસાફરીનો હાલ,
સામાનની યાદી મનઝીલો વી૦ વીગતનું બયાન, અને દરેક
રોઝા મુબારકના નકશા તેમજ મક્કાનો નકશો પણ
આપેલ છે.

રૂબાઇ.

યારબ શીતાબ કરબલા જાના નસીબ હો,
આંખેં ઝરીહે શહસે લગાના નસીબ હો*
કુછ અએસાહી કરમ કરો અબ જલ્દ યા હુસૈન,
મુજહકો ભી અબ હુઝુરમેં આના નસીબ હો*

જનાબે આકા ઇમામે હુસયન અલયહીસ્સલામના સદકાથી

પ્રગટ કરનાર

હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ અધીપતી રાહેનજાત
વી૦ કુરઆને શરીફની તફસીર, તોહફતુ રસાએમીન, અહવાલુ-
ઝોસા દુર્રેબેબહા, મખઝનુલ મસાએલ વી૦ના કર્તા.

કીંમત

પોસ્ટેજ સુધાં ૦।।= આફ્રીકાનો રૂ ૧)

ઇસ્નાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ પાંચપટ્ટી.

આ કીતાબનું સાંકળીઊ.

પાના	બયાન
૧	દીબાચો.
૨	ઇમામે હુસયનઅ૦ની ઝીયારતની ફઝીલત.
૪	ઝીયારતના સવાબની હદીસો.
૮	ઝવ્વારની કદર,
૯	ઝીયારતની અજાએબ ખાસીયત અને ફઝીલત.
૧૨	ઝીયારત ન કરવાનાં નુકશાન.
૧૪	ઝીયારત કરવાના ફાયદા.
૧૬	ઈમામે રઝા અ૦ની ઝીયારતની ફઝીલત.
૧૭	એક ઝવ્વારની હ૦ અબ્બાસ અ૦ મદદ કરવી.
૧૮	ઝીયારતના આદાબ.
૧૯	ઝવ્વારોના ઈસ્તીકબાલ.
૧૯	કરબલાના રસ્તામાં ખરચવાનો સવાબ.
૨૦	કરકસર
૨૦	ખાસ મારી ભલામણ.
૨૧	મુસાફરીના આદાબ દોઆ.
૨૬	કીબલો.
૨૭	કીબલાની સમજુતી.
૨૮	કરબલાની મુસાફરી.
૨૮	સામાન સાથે લેવાની યાદી,
૩૦	કરબલા તરફ ચલણી નાણું.
૩૧	ખાવા પીવાની ચીજો.
૩૧	ઝીયારત.
૩૩	અમારી ત્રીજી મુસાફરીનો અહવાલ.
૪૧	ખુરાસાનનો રસ્તો, અને રસ્તામાં આવતાં મોટાં શહરો, અને બુઝુર્ગોના રોઝા વી૦ નો અહવાલ.
૫૪	હજ કરવાનો સવાબ અને હજ ન કરવાનો અઝાબ.
૫૫	હજની મુસાફરી.
૫૭	હજની અમારી મુસાફરી.
૫૯	મનાકેબ.
૬૧થી૭૮	મક્કા, મદીના, કરબલા, નજફ વી૦ ના નકશા.

તોહફતુ ઝાઁએરીન.

૧૬૪

યાને

ઝવ્વારોને તોહફો.

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ. અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન
અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વઆલે મોહમ્મદ.

જો રવઝએ શાહે કરબલા તક પહોંચા॥
હકકીકે વોહ અર્શે મોઅલ્લા તક પહોંચા॥
અર્શ એક તરફ અપના મકૂલા યેહ હય॥
જો પહોંચા હુસયનતક વોહ ખુદાતકપહોંચા॥

બીરાદરાને ઇમાનીની ખીદમતે આ બ રકતમાં ખાકસાર નાચીજ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ અરજ કરે છે કે આએ ઝમાનામાં આકા ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા જવું ઘણુંજ આસાન છે. અને થોડા ખરચમાં પણ જવાય છે, અને આશરે બે અઢી મહીનામાં જઇને અવાય છે.

આગળના ઝમાનામાં આકાના એવા દુશ્મનો હતા કે તેઓએ હઝરતની સાથે દુશમની કરવામાં કાંઇ બાકી રાખ્યું નથી, એટલે સુધી કે હઝરતની કબર મુબારકની નીશાની પણ રહેવા આપવી નહતી, તેથી નદીને ખોદીને આકાની કબર ઉપર લાવ્યા કે ત્યાં નદીનો પાટ બની જાય. પણ ખુદાની કુદરત અને આકાના મોઅજીઝાથી પાણીએ બેઅદબી કરી નહીં, જેમ જેમ તે પાણી વહીને આવતું તેમ આકાની કબર પાસે ભીંતની માફક ઉંચું થતું હતું. આખર તે ઝાલીમો લાચાર થઇને પોતાનાં કાળાં મોડાં ફેરવી ચાલ્યા ગયા.

અફસોસ છે કે જે આકાની કબરની બેઅદબી પાણી પણ ન કરે તેઓની સાથે ઇસલામનો દાવો કરવા વાળાઓએ એવી એવી બેઅદબી કરી કે તે બયાન મશહુર છે અને જ્યારે યાદ કરીએ છીએ ત્યારે દીલ ભરાઇ આવે છે. હાંસલકલામ આશરે દસ વરસ પહેલાં આકા ઇમામે હુસયન અ૦ની ઝીયારતની ફઝીલત અને સવાબ વી૦ ની હદીસો અને હીકાયતો અને કરબલાની મુસાફરી કરવાની રીત વીગેરેનો એક કીતાબ લખી **"તોશએ ઊકબા"** નામ રાખેલું, એ કીતાબની તમામ નકલો ખપી જવાથી અને એક

☛ ખસાએસે હુસૈનનો તરજુમો, ઝાદુલમઆદ તથા તેના હાશીઆ ઉપરની હદીસો, તથા બીજી કેટલીક કીતાબોમાંથી ઉતારો કરેલ છે.

દાયકામાં મુસાફરીના અહવાલમાં ઘણો ફેરફાર થવાથી અને આ વરસે આ ખાકસારને ત્રીજી વખત ઝીયારત નસીબ થવાથી આ કીતાબ સુધારા અને વધારા સાથે લખી "તોહફતુ ઝ્ઝાએરીન" નામ રાખ્યું, અને પહેલી આવૃતી થા કેટલાક બીરાદરોને ઝીયારતનો શોખ થયો અને ઝીયારતથી મુશરરફ પણથયા તેમ આનાથી પણ ઇ૦ ફેઝ પહોંચશે એવી ઉમ્મેદ છે.

જે જે સાહેબો આ કીતાબથી લાભ લીએ તેઓ મેહરબાનીની રાહે મુજ ગુનેહગારને પણ દોઆએ ખૈરથી યાદ કરે અને આ કીતાબ વાંચ્યા પછી જે મારી હયાતીમાં ઝીયારત કરવા જાય તેઓ આકાએ મઝલુમે કવનએન ઇમામે હુસયન અ૦ ની દરગાહમાં મુજ ખાકસારને ચોથી વખત આકાની ઝીયારત નસીબ થવાની દોઆ કરે જેમકે પહેલી આવૃતીમાં ત્રીજી વખત ઝીયારત નસીબ થવા દોઆ કરવા અરજ કરેલી અને તેથી કોઇ બીરાદરની દોઆ કબુલ થવાથી ત્રીજી વખત આ વરસે ઝીયારત નસીબ થઇ તેમજ ઇ૦ ચોથી વખત પણ નસીબ થશે. જો મારી હયાતી બાદ જાય તો હઝરતની ઝરીહ પાસે ઝીયારત પડીને મારી રૂહને સવાબ બક્ષી આપે

ઇમામે હુસયન અ૦ની ઝીયારતની ફઝીલતનું બયાન.

હદીસમાં છે કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવાથી હજ અને ઉમરાહ અને જહાદનો સવાબ મળે છે, ગુનાહ માફ થાય છે નેકી વધે છે જન્નતમાં દરજ્જા બુલંદ થાય છે, દોઆ કબુલ થાય છે, માલમાં બરકત થાય છે. હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે જે વખતે કોઈ શખસ પોતાના ઘરેથી ઇમામે હુસએન અ૦ ની ઝીયારત કરવા નીકળે તો તેની સાથે સાતસો ફીરીસ્તા એવી રીતે તેને ઘેરીને ચાલે છે કે માથા ઉપર પગ ની નીચે જમણી બાજુ અને ડાબી બાજુ સાથે સાથે રહે છે એટલે સુધી કે તે અમનની જગો યાને કરબલા પહોંચે. અને તે શખસ જ્યારે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તો આવાજ આવે કે તારા ગુનાહ બખશાઇ ગયા હવે નવેસરથી અઅમાલ કર.

પછી જ્યારે પાછો ફરે છે તો તેજ સાતસો ફીરીસ્તા તેના ઘર સુધી પહોંચાડવા માટે સાથે આવે છે અને કહે છે કે તને ખુદાની હીફાઝતમાં સોંપીએ છીએ અને જ્યાં સુધી તે જીવતો રહે ત્યાં સુધી મજકુર ફીરીસ્તા હમેશાં તેને મળવા આવે છે. અને તે ગુજરી ગયા પછી તે ફીરીસ્તા હમેશા ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે છે અને તેનો સવાબ તે શખસના નામે અઅમાલમાં લખાય છે; (ખુશા નસીબ ઝવ્વારોના.)

વળી તેજ હઝરતે ફરમાવ્યું કે જે કોઇ ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે અને જાણે કે તે ઇમામ છે અને તેઓની તાબેદારી તમામ ખલક ઉપર વાજીબ છે તો તેના ગુજરેલા અને થનાર તમામ ગુનાહ ખુદા માફ કરી આપે છે, અને તેને ઈખતીયાર આપશે કે સીત્તેર ગુન્હેગારોની શફાઅત કરે અને ઇમામે હુસયન અ૦ ની કબર મુબારક પાસે જે કાંઇ હાજત માગશે તે ખુદા પુરી કરશે.

બીજી હદીસમાં ફરમાવ્યું કે જે વખતે પહેલું પગલું ઝીયારત કરવા જવા માટે ઉપાડે છે તેજ વખતે તેના ગુનાહ માફ થઇ જાય છે. અને તેને પાક પાકીઝાહ કરે છે. અને જે વખતે હઝરતની ઝરીહ પાસે પહોંચે છે તે વખતે ખુદાવંદે કરીમ ફરમાવે છે કે અએ મારા બંદા સવાલ કર તો હું તને આપું દોઆ કર તો કબુલ કરૂં, બખશીસ માગ તો બખશી આપું હાજત ચાહ તો પુરી કરૂં,

(ખુદાવંદે કરીમ ઉપર ફરજ છે કે વાયદો કર્યો હોય તે પુરો કરે.)

હદીસમાં છે કે જે કોઇ ચાલીને ઝીયારત કરવા જાય તો દરેક કદમ ઉપર એક એક નેકી લખાય છે. અને એક એક ગુનાહ માફ થાય છે અને એક એક દરજ્જો બેહીશ્તમાં બુલંદ થાય છે, અને જે વખતે હઝરતની ઝરીહ પાસે પહોંચે છે તો ખુદાવંદે તઆલા બે ફીરીશ્તાઓને મોકલે છે કે તેઓ ફક્ત તેની નેકયુંજ લખે છે અને ગુનાહ લખતા નથી. અને જ્યારે પાછો ફરે છે તો તેને વીદા કરેછે. અને કહે છે કે અએ ખુદાના દોસ્ત તું બખશાઇ ગયો અને ખુદા રસુલ અને અહલેબૈતના ટોળામાંથી છો, ખુદાવંદે કરીમની કસમ ખાઇને કહીએ છીએ કે તું દોઝખની આગને આંખથી નહીં જો અને તું તેનો લુકમો નહીંથા.

બીજી હદીસમાં છે કે જે કોઇ અમારા શીઆહની અંદરથી ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તો તેના તમામ ગુનાહ બખશાઇ જાય. અને તેની સવારીના જનાવરનાં એકએક પગલે હજાર હજાર નેકી લખાય હજાર હજાર ગુનાહ માફ થાય, જન્નતમાં હજાર દરજ્જા તેના માટે ઉંચા થાય.

શેખ મોહમ્મદ મશહદી બયાન કરે છે કે સોલયમાન મેહરવાને કહ્યું કે હું કુફામાં રહેતો હતો મારા પાડોસીની પાસે બેસતો ઉઠતો હતો. એક દીવસે જુમ્માની રાત્રે મજકુર મારા પાડોસીની પાસે બેઠો હતો તો વાતોના પ્રસંગમાં મેં તેને કહ્યું કે આપણે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા જઇએ. આ સાંભળીને તેણે કહ્યું કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવી બીદઅત છે અને તમામ બીદઅત ગુમરાહી છે, અને તમામ ગુમરાહી દોઝખમાં જવાનું કારણ છે. (મતલબ એ કે ઝીયારત કરવા જવું હરામ છે.)

આ વાત તેની જબાનથી સાંભળતાંજ મને ગુસ્સો આવ્યો તેથી હું મારે ઘરે ચાલ્યો આવ્યો અને દીલમાં ઇરાદો કર્યો કે સવારે તેને ઘરે જઇને હઝરત અલી અ૦ની ફઝીલતની એટલી હદીસો બયાન કરીશ કે તે ગુસ્સામાં આવે.

પછી સવારના હું તેના ઘરે ગયો દરવાજો ખડખડાવ્યો, તો અંદરથી કોઇએ કહ્યું કે તે શખશ ઘરમાં નથી તેતો રાતના પહેલા ભાગમાં **કરબલા ઈમામે હુસયન અ૦** ની ઝીયારત કરવા ગયો છે. આ સાંભળીને હું પણ કરબલા રવાના થયો કરબલામાં જઇને જોયું કે તેજ મારો પાડોશી નમાઝ પડે છે, તે નમાઝ પડી રહ્યા પછી મેં તેને પુછ્યું કે અરે ગઇ કાલે તું કહેતો હતો કે ઝીયારત કરવી હરામ છે અને આજે તું ઝીયારત કરવા આવ્યો ?

આ સાંભળીને તેણે મને કહ્યું કે અએ સોલયમાન તું મને ઠપકો ન આપ, કેમકે હું અહલેબયતના ઈમામોને માનતો નહતો તેથી મેં એ મુજબ કહેલું, પણ ગઇ રાતરે તું મારી પાસેથી ગયો અને હું સુઇ ગયો તે વખતે સ્વપનામાં બીહનો અને જોયું કે એક શખસ મીયાના કદ બહુજ ખુબસુરત (કે તેના રૂપને હું બયાન કરી શકતો નથી) આવ્યા અને ઘણા માણસો અતરાફ ખીદમતગાર હતા, તેઓની સાથે એક શખસ ઘોડા ઉપર સવાર હતા, તેઓના માથા ઉપર એક તાજ હતું તે તાજને ચાર ખુણા હતા, હરએક ખુણે એવા જવાહેર જડેલા હતા કે ત્રણ દીવસના રસ્તા ઉપરથી અજવાળુ પડે, મેં કોઇને પુછ્યું કે આ શખસ કોણ છે ? જવાબ મળ્યો કે હઝરત **મોહમ્મદ ઇબ્ને અબ્દોલ્લાહ** (સલલલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પયગમ્બર છે, વળી મેં પુછ્યું કે તે બીજા કોણ છે ? જવાબ મળ્યો કે તેજ પયગમ્બરના વસી **હઝરત અલી** અ૦ છે.

પછી મેં એક સાંઢણી જોઇ કે તેના ઉપર એક નુરનું હવદજ છે, તે જમીન અને આસમાનની વચમાં ઉડે છે. મે પુછ્યું કે આએ હવદજની અંદર કોણ છે ? જવાબ મળ્યો કે જનાબે ફાતેમએ ઝહરા, તથા તેઓની મા જનાબે ખુદયજા કુબરા છે. તેઓની સાથે એક જવાન હતા મેં પુછ્યું કે તે કોણ છે? તો જવાબ મળ્યો કે ઇમામે હુસન અ૦ છે, મેં પુછ્યું કે આ લોક કયાં જાય છે? જવાબ મળ્યો કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા માટે કરબલા જાય છે. પછી હું હવદજ પાસે ગયો તો જોયું કે ત્યાં આસમાનથી કાગળીયા પડતાં હતાં, અને તેમાં લખેલું હતું કે જે કોઇ જુમ્માની રાત્રે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તેના માટે અમાન છે. પછી એક આવાજ આવી કે અમો અને અમારા શીઆહ બેહીશ્તમાં ઊંચા ઊંચા દરજામાં રહીશું.

પછી તે શખશે કહ્યું કે અએ સોલયમાન ખુદાની કસમ છે જયાં સુધી મારી જાન બાકી છે ત્યાંસુધી હું અહીંયાંજ (એટલે કરબલામાં) રહીશ.

ઈમામે હુસયન અ૦ની ઝીયારતના સવાબની હદીસો.

ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા માટે ઘણી હદીસો વારીદ છે, અને ઘણીજ તાકીદ છે, એટલે સુધી કે કેટલીક હદીસોથી સાબીત થાય છે કે મકદુરવાળા ઉપર ઇમામે હુસયન અ૦ની ઝીયારત કરવી વાજીબ છે. મોઅમેનીન એ આકાની ઝીયારત કેમ ન કરીએ? કે જેઓએ આપણી શફાઅત માટે પોતાનું ઘર લુટાવી આપ્યું છે.

મનકુલ છે કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા માટે હર જુમ્માની રાત્રે ખુદાવંદે કરીમ તમામ પયગમ્બરો અને તેઓના વસીયોને કરબલાની જમીન ઉપર મોકલે છે. અને હમેશા હજારો ફીરીશ્તાઓને પણ ઝીયારત કરવા મોકલે છે, હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૦ ફરમાવ્યું કે જે કોઇ ઇમામે હુસયન અ૦ ની ઝીયારત ફુરાતના કીનારે (એટલે કરબલામાં) કરે, અને તે હઝરતના હક હુરમતને અને મોહબ્બતને ઓળખે તો તેને ઓછામાં ઓછો એટલો સવાબ મળશે કે તેના ગુજરેલા અને થવાવાળા ગુનાહ ખુદા માફ કરે.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ અબદુલ્લાહ ઇબ્ને નજ્જારને ફરમાવ્યું કે તું ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા જાય છે ? તેણે અરજ કરી કે હા ! હઝરતે ફરમાવ્યું કે જે વખતે તુફાન થાય અને વહાણ ફરે છે તે વખતે અવાજ આવે છે કે ખુશાહાલ તમારા અને નેક છે બેહીશ્ત તમારા વાસ્તે. બીજી હદીસમાં છે કે તમામ લોકોની ચાળીસ વરસ પહેલાં ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવાવાળા બેહીશ્તમાં જાશે અને બીજા લોક હીસાબ દેવામાં મશગુલ હશે.

વળી ફરમાવ્યું કે જે કોઇ હુબથી ઝીયારત કરવા જાય છે તો કયામતનાં દીવસે બેહીસ્તમાં જાય ત્યાં સુધી ખુદાવંદે કરીમ તેને ઇમામે હુસયન અ૦ ના અલમ મુબારકના છાયામાં જગ્યો આપશે.

હદીસમાં છે કે જે કોઇ ચાહે કે કયામતમાં ખુદાની મેહરબાની અને હઝરતે મોહમ્મદ મુસતફા સ૦ ની શફાઅત થાય તો તે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે.

મનકુલ છે કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવાવાળાએ દુન્યામાં પોતાની જીંદગીમાં જંગલની રેતી દરયાના ફીણ અને પહાડ જેટલા ગુનાહ કર્યા હશે તોપણ ખુદાએ તઆલા તેના ગુનાહની પુછપરછ નહીં કરે અને તેની ઘણીજ બુઝુરગી કરશે.

કેમ મોઅમેનીન ઇમામે મઝલુમની ઝીયારતનો સવાબ એટલો કેમ ન હોય, કે તે આકાએ મઝલુમે કરબલામાં પોતાનું આખું ઘર ખુદાની ખુશી માટે લુટાવી આપ્યું એટલે સુધી કે અઢાર વરસના નવજવાન ફરજંદને પોતાની આંખની સામે લોહીમાં તડપતો અને પગ ઘસતો જોયો. અરે છ મહીનાના માઅસુમ બચ્ચાને પોતાના હાથ ઉપર તીરથી તડપીને જાન ખોતો જોયો, અને પોતે ત્રણ દીવસની ભુખ અને પ્યાસમાં હજારો લાખો દુશ્મનોની સામે લડાઈ કરી, સેંકડો જખમ તીર અને તલવાર ખાઇને શહીદ થયા; આહ આહ હઝરતની મુસીબત એવી છે કે સાંભળનારનાં દીલ ટુકડા થઇ જાય, રોવા માટે એટલુંજ યાદ કરવું બસ છે કે રોઝે આશુરા જે વખતે જનાબે અલી અકબરે નવજવાને મરવાની રજા માગી અને મયદાનમાં રવાના થયા હશે અને મઝલુમે કરબલા તે નવજવાનની લાશને કતલગાહમાંથી ઉપાડીને ખયમામાં લાવ્યા હશે તે વખતે એ જનાબનો અને બીબીઓનો કેવો હાલ થયો હશે? અરે કયામત બરપા થઇ હશે, હદીસમાં છે કે કયામતના દીવસે મુનાદી નીદા કરશે કે મોહમ્મદ સ૦ ની આલના શીઆહ કયાં છે?

આ અવાજ સાંભળીને એક ટોળું ઉભુ થાશે, અને તેની ગણત્રી ખુદા સીવાય કોઇ નહીં જાણે તેની બાદ મુનાદી આવાજ કરશે કે ઇમામે હુસયન અ૦ ના ઝવ્વાર કયાં છે ? એ સાંભળીને ઘણાં ટોળાં ઉભાં થશે. પછી તેઓને કહેવામાં આવશે કે જેને ચાહો તેનો હાથ પકડીને જન્નતમાં લઈ જાઓ આ સાંભળીને હરએક ઝવ્વાર પોતાની ખુશી મુજબ લોકોને બેહીશ્તમાં લઇ જાશે. તે જોઇને કોઇ કોઈ શખસ આવીને કહેશે કે અએ ભાઇ મને પણ સાથે લેતો જા, હું ફલાણો શખસ છું કે દુન્યામાં મેં તારા ઉપર ફલાણું એહસાન કર્યું છે.

તે વખતે ઝવ્વારે હુસયન તેને પણ બેહીસ્તમાં દાખલ કરશે અને કોઇ પણ મના કરશે નહીં.

હદીસમાં છે કે જે કોઈ ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તો તેને દસ હજ અને દસ ઉમરાહનો સવાબ મળે. બીજી હદીસમાં છે કે વીસ હજ અને વીસ ઉમરાહનો સવાબ મળે, બીજી હદીસમાં છે કે ત્રીસ હજ અને ત્રીસ ઉમરાહનો સવાબ મળે. અને બીજી હદીસમાં છે કે સો હજ અને સો ઉમરાહનો સવાબ મળે. એમ કરતાં કરતાં હજાર હજ અને હજાર ઉમરાહનો સવાબ વારીદ થયો છે વળી તે કરતાં ઘણે દરજ્જે વધારે પણ સવાબ છે કે જે૦ આગળ લખાશે. તો સવાબના બારામાં જેટલી હદીસો વારીદ થઇ છે તે તમામ ખરી છે ત્યારે જુદો જુદો સવાબ જે વધારે ઘટારે છે તેના કારણમાં એમ પણ લખે છે કે હરએક શખસની નીયયત ઉપર અને મરતબો સખતી અને મુશકીલી ઉપર આધાર છે. એટલે કોઇ શખસ ઘણી હુબથી જાય છે, કોઈ ખાસ ખુદાની ખુશી માટેજ જાય છે, કોઇ સખી જાય છે, કોઇ બખીલ જાય છે, કોઈ ગરીબ જાય છે, કોઇ અમીર જાય છે. કોઇ ચાલીને જાય છે, કોઇ સવારી પર બેસીને જાય છે, કોઇને રસ્તામાં ઘણીજ તકલીફ પડે છે, કોઇ આસાનીથી જાયછે. તો હરએકની હાલત અને મરતબા મુજબ સવાબ છે તેથી જુદા જુદા સવાબ વારીદ થયા છે.

હદીસમાં છે કે જે કોઇ ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા ચાલીને જાય તો હરહર કદમ ઉપર એક એક બંદો આઝાદ કરવાનો સવાબ મળે, તે એવો બંદો કે હઝરતે ઇસમાઇલ પયગમ્બરની ઔલાદમાંથી હોય.

મનકુલ છે કે ખુદાવંદે કરીમ પેહલે ઇમામે હુસયન અ૦ના ઝવ્વાર ઉપર રહમતની

નજર કરે છે પછી હાજી લોકો ઉપર રહમતની નજર ફરમાવે છે.

મનકુલ છે કે એક શખસને ઇમામે જાઅફરે સાદેક અ૦ પુછ્યું કે તેં કેટલા હજ કર્યા તેણે જવાબ આપ્યો કે ઓગણીસ હજ કર્યા છે. હઝરતે ફરમાવ્યું કે એક હજ બીજો કર અટલે વીસ હજ થાયતો ખુદાવંદે કરીમ તને ઇમામે હુસયન અ૦ ની એક ઝીયારત નો સવાબ આપે. મનકુલ છે કે એક શખસે આવીને હઝરતને પુછ્યું કે મેં સાંભળ્યું છે કે તમોએ કોઇને કહ્યું કે તેં ઓગણીસ હજ અને ઓગણીસ ઉમરાહ કર્યા છે માટે હવે એક હજ અને એક ઉમરાહ કર એટલે તને ઇમામ હુસયન અ૦ ની એક ઝીયારતનો સ-વાબ મળે !!!

આ સાંભળીને હઝરતે ફરમાવ્યું કે હા, અને અએ શખસ તું વીસ હજ અને વીસ ઉમરાહને દોસ્ત રાખે છે કે કયામતના દીવસે હ-ઝરતે ઇમામે હુસયન અ૦ ની સાથે ઉઠવાને દોસ્ત રાખે છે? તે શખસે અરજ કરી કે યા હઝરત હું ઇમામે હુસયન અ૦ ની સાથે ઉઠવાને દોસ્ત રાખું છું, તે વખતે હઝરતે ફર-માવ્યું કે તું ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તો કયામતના દીવસે ઇમામે હુસયન અ૦ ની સાથે ઉઠીશ.

એક રીવાયતમાં છે કે યુનુસ નામના એક શખસે હઝરતે ઇમામે રઝા અ૦ ની ખીદમત-માં અરજ કરી કે યા હઝરત આપ ફરમાવો છો કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારતનો સવાબ હજ કરવા જેટલો છે તો બયાન કરો કે કઇ હજ્જતુલ ઇસલામ એટલે વાજીબ હજ ન કરે અને ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તો પછી હજ કરવાની જરૂરત છે? હઝ-રતે ફરમાવ્યું કે જેના ઉપર હજ વાજીબ થાય તેતો કરવીજ જોઇએ; વાજીબ હજના બદલામાં ઝીયારત નથી, પણ સુન્નત હજના બદલામાં ઝીયારત છે, અને સુન્નત હજ કરતાં ઝીયારત કરવી બેહતર છે, તું નથી જાણતો કે ખાનએ કાઅબાનો તવાફ કરવા સીત્તેર હજાર ફીરીસ્તા સવારના આવે છે, તે સાંજના પાછા જાય છે, અને વળી સાંજના એટલાજ ફીરીસ્તા આવે છે તે સવાર સુધી તવાફ કરે છે. પણ ઇમામે હુસયન અ૦ નો મરતબો કાઅબા કરતાં વધારે છે કે ખુદાવંદે કરીમ હર નમાઝના વખતે વીખરાઇ ગએલા અને માટીવાળા વાળવાળા સીત્તેર હજાર ફીરીસ્તા ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા મોકલે છે, અને ફરીને કયામત સુધી તેઓનો વારો નહીં આવે. એટલે હમેશાં નવા નવા ફીરી-સ્તા આવ્યા કરે છે.

હદીસમાં છે કે જે કોઇ ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે અને તેઓનો હક પી-છાનતો હોય તો તેના માટે હજાર બંદા આ-ઝાદ કરવાનો અને હજાર ઘોડા ઝીન લગામ સાથે ખુદાની ખુશી માટે જહાદમાં મોકલવાનો સવાબ ખુદાવંદે કરીમ આપે છે.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફર-માવ્યું કે બંદાના અઅમાલ અને બંદગીમાં સર્વેથી વધારે ઝીયારતને ખુદા દોસ્ત રાખે છે ઝીયારત કરવાથી રોઝીમાં ઉમ્મરમાં વધારો થાય છે ઉમ્મેદ પુરી થાય છે. અને જે કાંઈ ખરચ કરે તેથી બમણું તેને ખુદા આપે છે વળી તેજ હઝરતે ફરમાવ્યું કે જે કોઇ ગમ-ગીન અથવા બીમાર ઇમામ હુસયન અ૦ ની કબર ઉપર જાય તો ખુદાવંદે રહીમ તેના ગમ અને દરદને દુર કરે છે અને તેની ઉમ્મેદ પુરી કરે છે. મનકુલ છે કે જે દીવસથી ઇમામે હુસયન અ૦ શહીદ થયા તે દીવસથી વીખરાએલા અને માટીવાળા વાળવાળા અને ચાર હજાર ફીરીસ્તા હઝરતની કબર ઉપર રોયા કરે છે અને કયામત સુધી રોયા કરશે અને જે ઝવ્વાર જાય છે તેની સામે જાય છે

અને અગર ઝવ્વાર બીમાર પડે તો તેને જોવા જાય છે અને અગર તેની જીંદગી પુરી થઇ અને ગુજરી જાય તો તેના જનાજા સાથે જાય છે,

હદીસમાં છે કે ઇમામે હુસયન અ૦ ગમગીન દુઃખ ભરેલા મઝલુમ શહીદ થયા છે તો ખુદાને જરૂર છે કે જે કોઇ ગમગીન શખસ ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા જાય તેને ખુશી ભરેલો પાછો ફેરવે, ઇમામે મોહમ્મદે બાકેર અ૦ ફરમાવ્યું કે ઇમામે હુસએન અ૦ મઝલુમ ગમગીન દુખની અંદર મુસીબતો ઈજાઓ ઉઠાવીને પ્યાસા શહીદ થયા છે, તેથી ખુદાવંદે કરીમે પોતાની પાકપાકીઝાહ ઝાતની કસમ ખાધી છે કે જે કોઇ ગમગીન દુઃખ ભરેલો બીમાર ગુનેહગાર ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા જાય અને તે ઠેકાણે હઝરતની નઝદીકી અને જે કાંઇ દોઆ માગે તો અલબત્તા પુરી કરે, તેના ગમને દુર કરે ગુનાહને બખશી આપે રોઝીમાં બરકત આપે અને ઉમ્મર મોટી કરે. મેક મોહીબ્બાને હુસયન આકાની ઝીયારતની ફઝીલત જોઇ ! અરે આતો ઘણું થોડું બયાન છે. બીજી ઘણી હદીસો છે પણ મુખતસર કરવા સારૂ થઇને થોડી હદીસો લખી છે. **ઈમામ રઝાએ** ફરમાવ્યું કે જે વખતે ઇમામે હુસયન અ૦ શહીદ થયા તે વખતે આસમાનથી લોહી અને રાતી માટી વરસી હતી અને જે કોઇ તે આકા ઉપર એટલું રોવે કે મોઢા ઉપર આંસુ જારી થાય તો ખુદાવદે કરીમ તેના તમામ નાના મોટા ગુનાહ માફ કરી આપે.

અને ફરમાવ્યું કે અગર કોઇ શખસ ચાહે કે મરી ગયા બાદ તેના ઉપર કોઇ ગુનાહ બાકી ન હોય તો તે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે. વળી ફરમાવ્યું કે અગર કોઈ શખસ ચાહે કે બેહીસ્તમાં હઝરતે રસુલે ખુદા સ૦ અને તેઓની આલની સાથે રહે તો તે શખસ ઇમામે હુસયન અ૦ ના કાતીલો ઉપર લાઅનત કરે.

અને ફરમાવ્યું કે અગર કોઇ ચાહે કે તેને કરબલાના શહીદોનો સવાબ મળે તો તેને જે વખતે ઇમામે હુસયન અ૦ ની મુસીબત યાદ આવે તે વખતે નીચે મુજબ કહે, તો તેને કરબલાના શહીદોનો સવાબ મળશે **"યાલયતની કુન્તો મઅહુમ" ફઅફુઝા ફવઝન અઝીમા"** એનો મતલબ એકે અએકાશ અગર હું તે વખતે કરબલાના મયદાનમાં હાજર હતે તો પોતાની જાન ફીદા કરતે એટલે હું પણ હઝરતે ઇમામે હુસયન અ૦ ની સામે શહીદ થઇ જતે અને એવો મોંહટો દરજો મેળવતે.

મનકુલ છે કે ઈમામે જાઅફરે સાદીક અ૦ અબદુલ મલીકને ફરમાવ્યું કે તું ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવી તરક ન કર અને બીજા લોકોને હુકમ કર કે ઝીયારત કરે કે ખુદા તારી ઉમ્મર મોટી કરશે, અને રોઝીમાં બરકત આપશે, અને નેક બખતીની સાથે જીવતો રાખશે અને નેકબખતીની સાથે તારી રૂહ કબજ કરશે અને નેકબખત લોકોની સાથે તારૂં નામ લખશે, સીફવાન જમ્માલે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ને પુછયું કે યા હઝરત અગર કોઇ શખસ કાંઇ કારણસર ઝીયારત કરવા ન જાય અને બીજા કોઇને ખરચ આપીને મોકલે તો તેના માટે શું સવાબ છે?

હઝરતે જવાબ આપ્યો કે તેના માટે ખુદાવંદે કરીમ એક એક દીરહમના બદલામાં એક એક નેકીનો સવાબ આપશે, અને તે નેકી ઓહોદ નામના પહાડ જેવડી મોટી હશે અને જેટલું વાપરશે તેથી બમણું નાણું તેને આપશે. અને તેના ઉપરથી બલાઓ દુર કરશે અને તેને અને તેના માલને સાંચવસે.

અબદુલ્લાહ બીન સીનાને હઝરતે ઇમામે **જાઅફરે સાદેક** અ૦ને પુછયું કે યા-

હઝરત હું તમારા ઉપર ફીદા થાઉં, તમારા વાલીદે બુઝુરગવારે ફરમાવ્યું છે કે જે કોઇ હજની અંદર એક દીરહમ ખરચ કરે તો તેને હજાર દીરહમ ખરચ કરવા જેટલો સવાબ છે તો હું આપને પુછુછું કે ઇમામે હુસયન અ૦ની ઝીયારતમાં વાપરવાનો કેટલો સવાબ છે? આ સાંભળીને હઝરતે ફરમાવ્યું કે એક એક દીરહમ ના બદલામાં દસ દસ હજાર દીરહમ વાપરવા જેટલો સવાબ મળે છે, અને દસ હજાર દરજા તેના માટે બેહોસ્તમાં બુલંદ થાય છે. અને તેનાથી ખુદા રાજી થાય છે, અને રસુલે ખુદા સ૦ અલીએ મુરતઝા અ૦ અને બીજા ઇમામો તેના માટે દોઆ કરે છે.

ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે જે દીવસથી ઇમામે હુસયન અ૦ શહીદ થયા છે તે દીવસથી ખુદાવંદે કરીમે તે જનાબની કબર ઉપર સીતેર હજાર ફીરીસ્તા રાખ્યા છે કે તેઓ બારમા ઇમામ ઝાહેર થાય ત્યાંસુધી ઇમામે હુસયન અ૦ ઉપર સલવાત પડયા કરે અને જે શખસ ઝીયારત કરવા જાય તેને માટે દોઆ કરે.

હદીસમાં છે કે જે ઝવ્વારે હુસયન અ૦ ગુજરી જાય છે તો તેની કબર ઉપર જનાબે ફાતેમાહ અ૦ આવે છે અને તેના માટે બખશીસની દોઆ માગે છે,

બીજી હદીસમાં છે કે ખુદાવંદે કરીમે ઇમામે હુસયન અ૦ ની કબર ઉપર સીત્તેર હજાર ફીરીસ્તા રાખ્યા છે અને તે એક એક ફીરીસ્તાની નમાઝ ઇનસાનની હઝાર નમાઝની બરાબર છે અને તેના તમામ સવાબ ઝીયારત કરવાવાળાઓને મળે છે.

ઇમામે હુસયન અ૦ ના ઝવ્વાર ની કદર.

મનકુલ છે કે જાબમીરે જાઅફરીને ઇમામ જાઅફરે સાદીક અ૦ ફરમાવ્યું કે તારૂં દીલ ચાહે છે કે ઇમામે હુસયન અ૦ની ઝીયારતના સવાબના ખુશખબરી આપીને તને ખુશ કરૂં? જાબીરે અરજ કરી કે યા મારા મવલા હું તમારાપર ફીદા થાઉં ફરમાવો.

હઝરતે ફરમાવ્યું કે જે શખસ તમારામાંથી ઝીયારતનો ઇરાદો કરે તેને મલાએકા બશારત આપે અને કહે છે કે ખુશાહાલ તારો કે તેં એ ઇરાદો કર્યો, પછી જે વખતે તે મોઅમીન ઘરેથી ચાલીને અથવા સવારી પર બેસીને નીકળે છે તે વખતે ખુદાવંદે કરીમ ચાળીસ હજાર ફીરીસ્તાને તેના ઉપર મોવક્કલ કરે છે, કે તેઓ તેની સાથે રહીને ઇમામે હુસયન અ૦ ની કબર મુબારક ઉપર પહોંચે ત્યાંસુધી સલવાત પડયા કરે, અને રસ્તામાં જેટલા કદમ ઉપાડે તેની ગણત્રી પ્રમાણે એક એક કદમ ઉપર એટલો સવાબ આપે છે કે રાહે ખુદામાં શહીદ થઇને પોતાના ખુનમાં તડપો હોય. પછી હઝરતે ફરમાવ્યું કે જે વખતે તું ત્યાં પહોચે ત્યારે ઝરીહને બંને હાથે મસકર (એટલે હાથ અડાડ) અને અને કહે **"અસ્સલામો અલયકા, યાહુજજતલ્લાહે, ફીઅરઝેહી."** એટલે અએ ખુદાની હુજ્જત જમીન ઉપર, તમારા ઉપર ખુદાની સલામ થાય. પછી ઝીયારતની નમાઝ પડ, અને અએ ઝવ્વાર જ્યાં સુધી તું ઝવ્વારમાં મશગુલ રહીશ ત્યાં સુધી પરવરદીગારે આલમ અને તેના મલાએકા તારા ઉપર સલવાત પડશે. અને હરેક રકાતનો સવાબ એ શખસની બરાબર છે કે જેણે હજાર હજ અને હજાર ઉમરાહ કર્યા હોય, અને રાહે ખુદામાં હજાર બંદા આઝાદ કર્યા હોય, અને પયગમબરની અથવા ઇમામે આદીલની સાથે જઇને જેહાદ કરી હોય, અને જે વખતે તું જઇને કબર પાસે ઉભો રહે તે વખતે મુનાદી નીદા કરે છે કે અગર તું તેની આવાજ સાંભળે

તો આખી ઉમ્મર કબરથી જુદો ન થાય અને તે મુનાદી એમ કહે છે કે અએ બંદએખુદા તારો ખુશાહાલ તું ખુદાની પનાહમાં છે, અને તમામ આફતોથી હીફાઝતમાં છો ખુદાએ તારા તમામ ગુનાહ બખશી આપ્યા અએ હુસયન ઈબને અલી અ૦ ના ઝવ્વાર હવે તું નવેસર થી અમલ કર કે ગુજરેલા ગુનાહની પુછા નહીં થાય.

પછી હઝરતે ફરમાવ્યું કે તે ઝવ્વાર અગર તેજ વરસમાં ગુજરી જાય તો હકતઆલા પોતાની કુદરતના હાથથી તેની રૂહ કબ્જ કરે છે, અને જે વખતે મજકુર ઝવ્વાર પાછો ફરે છે તે વખતે પણ ચાળીસ હજાર ફીરીશ્તા ખુદાની તસબીહ કરતાં કરતાં અને તેના માટે દોઆએ ખયેર કરતાં કરતાં તેના ઘર સુધી જાય છે.

જે વખતે ઘરે પહોંચે તો મલાએકા પરવરદીગારની જનાબમાં અરઝ કરે છે કે અએ ખુદાવંદા ! ઝવ્વારે હુસયન ઘરે પહોંચ્યો હવે અમો કયાં જઇએ ? પરવરદીગારે આલમ ફરમાવે છે કે અએ મારા મલાએકાઓ આ મારા બંદા ઝવ્વારે હુસેનના દરવાજા ઉપર રહો અને તસબીહ તહલીલ અને તકદીસમાં મશગુલ રહો અને તે ગુજરી જાય ત્યા સુધી તેનો સવાબ તેના અમલનામામાં લખો.

પછી જે વખતે તેની અજલ આવી રહે અને તે ગુજરી જાય છે તો તે ફીરીશ્તા તેના ગુસલ કફન દફનમાં શરીક રહે છે, અને તેના ઉપર નમાઝ પડે છે, પછી અરજ કરે છે કે અએ ખુદાવંદા તેં અમોને આ ઝવ્વારના ઘર ઉપર મુકરરર કર્યા હતા હવે તેતો ગુજરી ગયો માટે અમો કયાં જઇએ ? તે વખતે પરવરદીગારે આલમીન તરફથી જવાબ આવે છે કે અએ મારા મલાએકાઓ તેની કબરઉપર રહો, અને મારી તસબીહ અને તહલીલ અને તકદીસ બજાવી લાવો, અને તેનાથી જુદા ના થાઓ અને કયામતમાં મારી પાસે હાજર થાય ત્યાં સુધી તેનો સવાબ તેના અમલનામામાં લખો. નાજી અરજ કરેછે કે કેમ મોઅમેનીન આકાના ઝવ્વારની ખુદા પાસે કેટલી કદર છે ? ખુશાનસીબ એ લોકોનાં કે જેઓ પોતે જાય અથવા પઇશા આપીને બીજાઓને ઝીયારત કરવા મોકલે, ખુદાવંદે કરીમ બેહકકે મોહમ્મદ વઆલે મોહમ્મદ જે જે મોઅમીનને મઝલુમે કરબલાની ઝીયારતની ઉમ્મેદ હોય તેઓની ઉમ્મેદ પુરી કરે ઈલાહી આમીન.

જનાબે ઈમામે હુસયન અ૦ ની ઝીયારતની અજાએબ જેવી ખાસીયત અને ફઝીલત.

જાણવું જોઇએ કે ઇનસાન જે નેક અઅમાલ કરે છે તેને ખરાબ કરનાર બાઅઝે ગુનાહ એવા છે કે તે ગુનાહના સબબથી તે નેકીનો થોડો ઘણો અસર ચાલ્યો જાય છે, અને બાઅઝે વખત તમામ અસર નાબુદ થઇ જાય છે; અને તેથીજ આખેરતમાં ઇનસાનની જુદી જુદી બાબતો થવાની, કેટલાંકના એવા અઅમાલ અને ઈમાન છે કે મરતી વખતે અઝાબથી નજાત પામે છે, બાઅઝે મરતી વખતે અઝાબ થઇ પછી નજાત પામે છે; બાઅઝે એવા છે કે કબરમાં અઝાબ ભોગવશે પછી કયામતમાં નજાત પામશે, બાઅઝે વચમાં નજાત પામશે, બાઅઝેને જહન્નમમાં નાંખી થોડો અઝાબ કરી પછી નજાત મળશે અને બાઅઝે બેઈમાનીના સબબથી જહન્નમમાં રહેશે.

હવે આ તમામ બાબત બયાન કરવાથી મતલબ એ કે તમામ નેક અઅમાલમાં આ મુજબ ખાસીયત છે, પણ ઇમામે હુસયન અ૦ ની ઝીયારતની એ ખાસીયત છે અને ખાસ

ફઝીલત છે કે ગુનાહના સબબથી ઝીયારતનો સવાબ અને બુઝુરગી ચાલી જાય પણ તમામ ન જતાં આખર એટલી બાબત તો રહેવાની કે ઓછામાં ઓછી એટલી બુઝુરગી બાકી રહેવાની કે તે ઝવ્વારની નજાત થાય અને આ નાનામાં નાની બુઝુરગી છે અને એ બુઝુરગી જવાની નથી.

એક રીવાયતથી સાબીતછે અને એનો મતલબ એ કે જાબીર બીન અબદુલ્લા અનસારીએ જે વખતે હઝરતની ઝીયારત કરી તો તે અરબઇન (ચાળીસમું) ની ઝીયારત હતી તે વખતે બયાન કરેલ છે કે ઝવ્વારને માટે એ બુઝુરગી છે કે જે વખતે દુન્યાથી જાય તો એવી રીતે જાય કે ગોયા પોતાની માના પેટમાંથી પાક પાકીઝા પયદા થયો અથવા મલાએકાના દરજામાં પહોંચ્યો હોય; એજ વખતે તેનાથી એવાજ ગુનાહ થયા કે આવે દરજજે પહોંચવા ન આપે તો મરતી વખતે તેનો હાલ સુધરી જવાનો, અથવા મરવા પછી આલમે બરઝખમાં તેનો હાલ સારો થઇ જવાનો, અગર એ વખતે પણ બખશીસની કોઈ સુરત ન થઇ તો ઇમામ હુસયન અ૦ તેની કાબીલીયત મુજબ તેની કબરમાં તેની ઝીયારત માટે આવશે.

અગર બહુજ ગુનાહ હોય કે આ ચીજ પણ નસીબ ન થઇ તો કયામતને દીવસે હઝરતે રસુલે ખુદા સ૦ અને જીબરઇલ ઝવ્વારની તલાશ કરવા નીકળશે અને ઝવ્વારે હુસયનની પેશાની ઉપર લખેલું હશેતે જોઇ તેને નજાત આપશે, અગર હજુ પણ બહુજ વધારે એવાજ ગુનાહ હોય કે તે ગુનાહના જોરથી તેના કપાળપર લખાએલું મટી જાય તોપણ તેઓની નજાતની સુરતએ તે એ કે કયામતમાં આવાજ આપશે કે આલે મોહમ્મદ સ૦ ના સીયાહ કયાં છે ? તે વખતે એક મોટી જમાત ઉભી થશે કે તેની ગણત્રી ખુદા શીવાય કોઇ નહીં જાણે; પછી નીદા થશે કે હુસયનના ઝવ્વાર કયાં છે ? તે વખતે બીજી એક જમાત ઉભી થશે તેઓને હુકમ થશે કે ગુનેહગારોમાં જેને ચાહો તેનો હાથ પકડી પોતાની સાથે બેહીશ્તમાં લઇ જાઓ, તે વખતે ઇમામે હુસયન અ૦ ના ઝવ્વારો જેને ચાહશે તેનો હાથ પકડીને બેહીશ્તમાં દાખીલ કરશે, એટલે સુધી કે મનકુલ છે કે કોઇ ઝવ્વારને કોઇ ગુનેહગાર કહેશે કે ભાઇ એક વખતે તમારી તાઅઝીમ માટે હુ ઉભો થયો હતો એ સાંભળીને તે ઝવ્વાર તેનો હાથ પકડીને જન્નતમાં લઇ જશે અને કોઇ તેને મના કરશે નહીં.

અગર એ કરામતથી પણ વખતે બેનસીબ રહયો તોપણ તેની બખશીસની બીજી સુરત છે તે એ કે કયામતમાં ફરીને નીદા થશે કે હુસયનના ઝવ્વાર કયાં છે ? તે વખતે એક જમાત ઉભી થશે કે તેની ગણત્રી પણ ખુદા શીવાય બીજુ કોઇ નહીં જાણે તેઓને પુછશે કે તમો ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરી તેથી તમારો મતલબ શું હતો ? તેઓ જવાબ આપશે કે અમારો મતલબ એજ હતો કે એ જનાબે અમો ગુનેહગાર માટે આવી આવી મુસીબતો ઉપાડી તો શું અમો એ મઝલુમની ઝીયારત પણ ન કરીએ! અને અમો જનાબે રસુલે ખુદા અલીએ મુરતુઝા ફાતેમા ઝહરા હસને મુજતબા અ૦ ના મોહીબ છીએ અને એ મઝલુમના પણ દોસ્ત છીએ તે મોહબ્બતના સબબથી અમોએ ઝીયારત કરી છે.

તે વખતે આવાજ આવશે કે હઝરત મોહમ્મદ અલી ફાતેમા હસનો હુસયન અ૦ હાઝેર છે માટે તેઓની સાથે જાઓ અને હઝરતે રસુલે ખુદા સ૦ નો અલમ જે જનાબે

અમીરૂલ મોઅમેનીન અ૦ ના હાથમા છે તેની નીચે જઇ તેઓમાં શરીક થઇ જાઓ.

અગર ખુદા નાખાસ્તા અએ ઝવ્વારો તમો આટલા આટલી બાબતોથી પણ વખતે મરહુમ રહો કે આ ટોળાંની સાથે પણ (બેહદ ગુનાહના સબબથી) ઉઠી ન શકો તો પણ નજાતનો રસ્તો બાકી છે તે એ કે રોઝે કયામત જનાબે ફાતેમા અ૦ અજબ તરહથી મયદાને હશરમાં આવશે કે તેઓના શરીરમાં આબે હયાતથી કરામતના હુલ્લા હશે, અને તે હુલ્લા પર બેહીશ્તી હજાર હુલ્લા બીજા હશે તેના પર લીલા અક્ષરથી લખેલું હશે અને બદન મુબારકપર નુરનો એક કુબ્બો હશે અને તે એવો નાજુક અનેઉમદા ઝફાફ હશે કે બહારથી અંદરનો ભાગ અને અંદરથી બાહેરનો ભાગ દેખાતો હશે અને સર મુબારકપર નુરનું એક "તાજ" હશે જેના સીત્તેર રૂકન હશે અને દરેક રૂકન મોતી અને યાકુતથી જડેલ હશે અને સીતારાની માફક ચમકતા હશે અને એક નાકાઅ (સાંઢણી) ઉપર તે માઅસુમા બેસશે અને તે નાકાઅ બેહીસ્તથી આવશે તેના પગલીલા ઝમરદના અને પુંછડી મીસ્કે અઝફરની હશે અને તે નાકાઆની મેહાર જીબરીલે અમીનના હાથમાં હશે અને જીબરીલ અ૦ આવાઝથી પુકારીને કહેશે કે અએ મહશરના લોકો પોતાની આંખો બંધ કરો કે ખાતેમુલ અંબીયાની દીકરી જનાબે ફાતેમતુઝઝહેરા નાકાઅ ઉપર સ્વાર થઇ.સોનાના હવદજમાં બેસી આવે છે તે વખતે બેહસ્તની ૧૨૦૦૦ હુરલઈન તે માઅસુમાના ઈસ્તીકબાલ માટે આવશે અને તેની પહેલે તેઓએ કોઇનો ઇસ્તીકબાલ કર્યો હશે નહી, અને તે તમામ હુરાઓ બેહીસ્તી સવારી ઉપર બેસીને આવશે અને તે સવારીના હયવાનોના વાળ યાકુતના, અને તેઓની લગામ મોતીની, અને ઝીન સુંદુસની અને રકાબ ઝબરજુદની હશે અને દરેક હુરના હાથમાં તુરની એક એક અંગેઠી (છગડી) હશે અને તેઓના માથા ઉપર જવાહેરનાં તાજ હશે અને જનાબે મરયમ હઝરત ઇસા અ૦ ની મા સીત્તેર હજાર હુરાઓને સાથે લઇ અને જનાબે ખોદયજાએ કુબરા સીત્તેર હજાર ૭૦૦૦૦ ફીરીશ્તાને સાથે લઈ કે જેઓના હાથમાં અલમ હશે જનાબે હવ્વા અને જનાબે આસીઆ સીત્તેર હજાર હુરોને સાથે લઇ જનાબે ફાતેમા અ૦ ના ઇસ્તીકબાલ માટે આવશે અને તેઓ માટે નુરનો એક મીમ્બર નસબ કરશે તે મીમ્બરના સાત દરજા હશે, અને દરેક દરજાની અંદર મલાએકાની સફ હશે. તે વખતે જનાબે માઅસુમા પોતાના ફરઝંદ હુસયન અ૦ ના લોહી ભરેલાં કપડાં પાસે રાખી અરજ કરશે કે ખુદાવંદા હું ચાહું છું કે મારા ફરઝંદ હસન અને હુસયનને જોઉં પછી ઈમામે હુસયન અ૦ એવી હાલતથી જનાબે ફાતેમા અ૦ ની પાસે આવશે કે બદન ઉપર સરમુબારક નહીં હશે અને રગોની અંદરથી ખુન જારી હશે, આ હાલત જોઇ જનાબે ફાતેમા એક ચીખ મારી મીમ્બર ઉપરથી ભોંય પડી જશે અને આ હાલ જોઇને હઝરતે રસુલે ખુદા અને તમામ મલાએકા પુકાર પાડીને રોવા લાગશે.

બીજી હદીસમાં છે કે જનાબે ઇમામે હુસયન અ૦ આ રીતે આવશે કે સર મુબારક હાથમાં હશે એ જોઇને જનાબે ફાતેમા ચીખ મારીને રોશે અને તેઓના રોવાથી તમામ અહલે મશહર રોવા લાગશે.

પછી ઇમામે હુસયન અ૦ ના પહેરાન મુબારકને હાથમાં લઈ અરઝ કરશે કે ખુદાવંદા આ જામો મારા ફરઝંદ હુસયન અ૦ નો છે, તું જો એવી રીતે તલવાર નેઝા અને તીરથી ફાટી ગયો છે, આ સાંભળીને ખુદાએ કહહારનો ગઝબનો દરયા જોશમાં આવશે, અને ઇમામ હુસયન અ૦ ના કાતીલોથી અને

તે મલકોની અવાજથી કે જેઓ પોતાના બાપદાદાના કેશ ઉપર રાજી હશે તે તમામ પાસેથી જુદી જુદી રીતથી બદલો લેશે કે કેટલીક મરતબા કતલ કરીને જીવતાં કરશે અને જહન્નમની આગના ભડકા ઉડી ઉડીને તેઓને ખેંચી જહન્નમમાં લઇ જશે,

પછી પરવરદીગારે આલમ તરફથી આવાઝ આવશે અએ ફાતેમા તમારી હાજત હોય તે તલબ કરો, જનાબે માચાસુમા અરજ કરશે કે અએ ખુદાવંદા હું મારા શીઆહને ચાહું છું, જવાબ મળશે કે અએ ફાતેમા તમારી ખાતર એ તમામને બક્ષી આપ્યા.

પછી અરજ કરશે કે ખુદાવંદા મારા શી-આહના દોસ્તોને ચાહુ છું. જવાબ આવશે કે તેઓને પણ મેં બખશી આપ્યાં. વળી અરજ કરશે કે મારા શીઆહના દોસ્તોના દોસ્તોને ચાહું છું. જવાબ આવશે કે તમારી ખાતર તે તમામને બક્ષી આપ્યાં અને હવે તમે બે-હીસ્તમાં જાઓ અને બાકી રહેલાઓમાંથી જેણે તમારી પનાહ લીધી તે પણ તમારી સાથે આવશે, તે વખતે જનાબે ફાતેમા અ૦ બેહીસ્તની તરફ રવાના થશે અને તમામ લોક તેઓની સાથે બેહીસ્તમાં દાખલ થશે તો અએ ગુનેહગારો ઝવ્વાર અને રોવાવાળાઓ જો પહેલી વખત હઝરતે રસુલે ખુદા તમારો હાથ ન પકડે તો આ બીજી વખત જનાબે ફાતેમા અ૦ ની શફાઅતથી નજાત પામશો અને અગર તેનો અંદર પણ દાખીલ ન થયાં તો બાકી રહેલાં શીઆઓના દોસ્તોમાં દાખીલ થઇ નજાત પામશો. અને અગર બહુજ ગુના-હના સબબથી એ બાબતના પણ હકદાર ન થયાં તો શીઆઓના દોસ્તોના દોસ્તોમાં ગણાશો અને નજાત પામશો, અનેઅગર હદથી વધારે ગુનાહના સબબથી કોઇ રીતે પણ નજાત ન મળી તો છેલ્લે દરજ્જે મોટો ઉપાય આ છે કે તે માઅસુમાની પનાહમાં જશો કે તેથી નજાત પામશો અને પનાહમાં જતી વખતે દરેક અરજ કરશે કે હું આપના ફરઝંદનો ઝવ્વાર છું યા તેઓનો માતમદાર છું યા અઝાદાર છું, આ સાંભળીને ફાતેમા અ૦ જરૂર તમોને જહન્ન-મની આગથી નજાત અપાવશે તો મને ખાત્રી છે કે આખર દરજ્જે આ છેલ્લી બાબતથી કદી પણ મહરૂમ નહી રહો અને તે માઅસુમાની શાથે બેહીસ્તમાં દાખીલ થશો, અને અગર એવાજ ગુનાહ હોય કે આ તમામ બાબતોથી છુટકારો ન મળે અને કોઇ રીતે નજાત ન થાય અને જહન્નમમાં જવાની પુરી ખાત્રી થાય તોપણ આએ હુસયનના ઝવ્વાર ખુદાની રહમતથી નાઉમ્મેદ થઇશ નહી કેમકે હદીસમાં છે કે ઇમામે હુસયન અ૦ મે ફરમાવ્યું કે મારી શહાદતની બાઅદ જે કોઇ મારી ઝીયા-રત કરશે તેની ઝીયારત હું કરીશ અને અ-ગર તે શખસ જહન્નમની આગમાં ગયો હશે તો તેને ત્યાંથી કાઢીને બેહીસ્તમાં દાખલ કરીશ.

ઈમામે હુસયન અ૦ની ઝીયારત ન કરવાના નુકશાન.

"નુરૂલ અયન તરજુમએ ખસાએસે હુસયન" ના સાતમાં બાબમાં લખે છે કે ઈમામે હુસયન અ૦ ની ઝીયારત તરક કરવાથી ઘણા ગેરફાયદા છે તેમાંથી—

૧—એક રીવાયતે હલ્બીમાં હઝરતે ઇ-મામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે જે શખસ શકિત હોવા છતાં ઈમામે હુસયન અ૦ની ઝીયારત ન કરે તો તે શખસ હ-ઝરતે રસુલે ખુદા અને અઇમ્મએ હોદા અલ-યહે મુસ્સલામનો "આક" થશે, આકથી મ-તલબ જેમ છોકરો માબાપની નાફરમાનીથી આક થાય છે અને તેઓ તેનાથી નારાજ થાય છે તે—

૨—એક રીવાયતે અબ્દુર્રહમાન બીન કસીરમાં એજ જનાબથી છે કે ફરમાવ્યુ અગર કોઇ શખસ ઝમાનાના દીવસોમાં હજાર વરસ હજ કરે અને ઇમામે હુસયન અ૦ ની ઝીયારત ન કરે તો એવું છે કે તેણે હઝરતે રસુલે ખુદાસ૦ના હકોમાંથી એક હક તરક કર્યો, બીજી હદીસમાં છે કે અગર હઝાર હજ કરે અને ઇમામે હુસયન અ૦ ની ઝીયારત ન કરે તો તેણે ખુદાના હકોમાંથી એક હક તરક કર્યો.

૩—એ કે મોહમ્મદ બીન મુસલીમની ખબરમાં હઝરતે બાકેર અ૦ થી છે કે જેણે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત ન કરી તેનું દીન અને ઇમાન નાકીસ (અધુરૂં) છે અને આવા મતલબની બીજી પણ હદીસો છે.

૪—એ કે જેણે ઇમામે હુસયન અ૦ની ઝીયારત તરક કરી તેણે એ જનાબ ઉપર જફા કરી, જનાબે અમીર અ૦ થી મનકુલ છે કે આપ ફરમાવતા હતા કે મારો બાપ હુસયન ઉપર ફીદા થાય કે તેને કુફાની નજદીક શહીદ કરશે અને જાણે કે હું જોઇ રહયો છું કે જંગલી જનાવરો સવાર સુધી પોતાથી ગરદનો ઉપાડીને તેની તરફ ધ્યાન કરી રહયાં છે તો જ્યારે આ બનાવ બને ત્યારે શાયદ તમો તેની ઝીયારત તરક કરવાથી તેના ઉપર જફા અને ઝુલ્મ કરો. બીજી પણ હદીસો આ મતલબની વારીદ છે.

૫—એ કે અલી બીન મયમુન સાનેઅ-ની રીવાયતમાં હઝરતે સાદેક અ૦ થી છે કે ફરમાવતા હતા કે મને ખબર પહોંચી છે કે અમારા કેટલાક શીઆહ એવા છે કે જેઓને એક વરસ બે વરસ અને તેથી પણ વધારે થઇ જાય છે અને ઇમામે હુસયન અ૦ ની ઝીયારત માટે જતા નથી, મેં અરજ કરી કે આપ ઉપર ફીદા થઇએ અલબત્તા કેટલાક આપના શીઆહથી એવા છે અને હું તેઓ-ને જાણું છું, આપે ફરમાવ્યું ખુદાની કસમ એ લોકોએ પોતાનો હીસ્સો ખોઇ નાંખ્યો, અને ખુદાના સવાબથી કીનારો કર્યો, અને બેહીશ્તમાં પયગમ્બરની નજીકીથી છેટે થયાં છે, મેં અરજ કરી અગર એવા લોકોમાંથી અગર કોઈ પોતાની તરફથી બીજા કોઇને મો-કલે તો કેવું છે? એ કાફી (બસ) છે કે નહી? આપે ફરમાવ્યું કે હા કાફી થશે, પણ અગર પોતે જાય તો બહુજ બેહતર થશે અને તેનો અજર અઝીમ છે.

૬—એ કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત તરક કરનારની ઉમ્મર ઓછી થાય છે, જેમકે ઘણી હદીસોમાં વારીદ છે, અને બાઅજે હદીસોથી સાબીત થાય છે કે એક વરસ સુધી ઝીયારત તરક કરવાથી જરૂર ઉમર ઓછી થાય છે.

૭—ઝીયારત તરક કરનાર અગર બેહી-શ્તમાં દાખલ થયો તોપણ તમામ લોકથી તેનો મરતબો બહુજ હલકો અને નીચો હશે, બીજી હદીસમાં છે કે પયગમ્બરે ખુદા સ૦ ની નજીકીથી દુર થશે.

૮—એ કે ઝીયારત તરક કરનારો શી-આહમાં નહીં ગણાય; જેમકે એક રીવાયતમાં તેનો ચોખો ખુલાસો થઇ ગયો છે.

૯—અગર તહાવુન અને ઇસ્તેખફાફ ની રૂએ ઝીયારત તરક કરશે તો તે જહન્નમ માં જશે, બલકે ઝાહેર હદીસમાં છે કે એવી નીય્યત વીના પણ દરેક ઝીયારત તરક કરનાર ઝહન્નમનો હકદાર થશે, અને તેથીજ બાઅજે આલીમોએ ફરમાવ્યું છે કે શકતીવાળા ઉપર આખી ઉમ્મરમાં એક વખત ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવી વાજીબ છે. અને તહાવુન તથા ઇસ્તેખફાફથી મતલબ તુચ્છ અને હલકું સમજવાની છે.

હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ અને ઇમામે જાઅફરે સાદેક અ૦ થી રીવાયત છે કે આપે ફરમાવ્યું કે જે કોઈ અમારા શીઆહ-માંથી ઇમામે હુસેન અ૦ ની ઝીયારત ન કરે તો તેનું દીન નાકીસ થશે, અને અગર તે બેહીસ્તમાં જશે તોપણ તેને બીજાઓ કરતાં હલકા દરજા મળશે.

બીજી હદીસમાં છે કે અગર કોઇ હજાર હજ કરે અને ઇમામે હુસેન અ૦ ની ઝીયારત ન કરે તો તેણે હઝરતે રસુલે ખુદા સ૦ ના હકમાંથી એક મોહટા હકને તરક કર્યો ગણાશે.

બીજી ઘણી હદીસો ઝીયારત ન કરવાની અઝીમ્મતમાં વારીદ થઇ છે પણ લંબાણ થવાના સબબથી લખી નથી.

ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવાના ફાયદા વી૦

આઠમા બાબમાં લખે છે કે આગાહ થાઓ કે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત અમલે ખૈર છે, માટે જે ચાહે તે અમલે ખૈરને ઓછું કરે, અને જે ચાહે તે બહુ વધારે કરે, અને આ ઝીયારતની બેજાત છે, એક તો દરેક વખતમાં ગમે ત્યારે ઝીયારત કરે અને તેની ખાસીયત અને ફઝાએલ આ બાબતની પહેલે બયાન થઈ છે, બીજી મખસુસ ઝીયારતો મુકરરર વખતોમાં છે અને તેની ફઝીલત દરેક વખતની ઝીયારત કરતાં ઘણી વધારે છે અને એવી ઝીયારતો આશરે કેટલીક* છે કે દરેક માટે મખસુસ અસર અને ફઝીલતે મખસુસા જાહેર છે જેનું બયાન નીચે થશે.

૧—દરેક હફતા (અઠવાડયા)માં ઝીયારત કરવા જવું, અને આ એ લોકો માટે છે કે જેઓનું ઘર હઝરતની કબર મુતહરથી એક અથવા વધારે દીવસના રસ્તે છેટેછે, તો એવા શખસે ઝીયારત તરક કરી તો ગોયા તેણે હઝરત ઉપર ઝુલમ અને જફા કરી, અને આ ઝીયારતની ખાસીયત એ છે કે ઝાએર (ઝીયારત કરનાર)ના તમામ ગુનાહ માફ થઈ જાય છે, અને જરૂર તેના દીલમાં દુન્યાની કાંઇ હસરત બાકી નહીં રહે, અને તેની જગ્યો બેહીસ્તમાં ઇમામે હુસયન અ૦ ની પાસે થશે. જેમકે દાઉદ બીન યઝીદની રીવાયતમાં હઝરતે સાદીક અ૦ થી મનકુલ છે.

૨—દરેક મહીનામાં એક વખત ઝીયારત માટે જવું જેમકે હઝરતે સાદેક અ૦ થી મનકુલ છે કે જે શખસ હરમહીનામાં એક વખત ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરે તેના માટે લાખ શહીદનો સવાબ છે, અને ફરમાવ્યું કે હર મહીનામાં એ લોકો માટે છે કે જેઓ નજીક હોય, તો જો તરક કરશે તો ગોયા તેઓએ હઝરત ઉપર જફા અને ઝુલમ કરયો.

૩—દરેક વરસમાં બે વખત ઝીયારત કરવી. અને આ ઝીયારત ઈનસાનને ફકર (ગરીબી)થી હીફાઝતમાં રાખે છે.

૪—દરવરસે એક વખત અને આ એ શખસ માટે છે કે જે ગરીબ હોય, અને ઝીયારતની શકતી રાખતો ન હોય, તો અગર તરક કરશે તો ગોયા તેણે હઝરત ઉપર જફા અને ઝુલમ કર્યો.

૫—ત્રણ વરસમાં એક વખત છે, અને તે એ લોકો માટે છે જેઓ કબર મુતહરથી છેટે રહેતા હોય; તો તેઓ તરક કરશે તો પયગમ્બરે ખુદાના આક થશે.

---

* અસલ ઇબારતમાં આશરે ૩૦ લખેલ છે પણ હીસાબ બરાબર ન મળવાથી કેટલીક લખી છે.

૬—દરેક ઇદને દીવસે ઝીયારત કરે અને નવરોઝની, મબઅસની, મવલુદની, ગદીરની, અને મુબાહલા વી૦ ની ઇદ તેમાં શામીલ છે.

૭– ઈદરેક મહીનાની મખસુસ ઝીયારતો છે, અને તે દરેક મહીનાની જુદી જુદી ઝીયારતો નીચે મુજબ છે અને દરેક માટે ઘણા ફઝાએલ છે પણ ટુંકમાં મખસુસ ફઝીલત બયાન કરવામાં આવે છે.

ચાર મખસુસી માહે "રજબ"માં છે ૧–લી માહે રજબની પહેલી રાતરે, ૨–જી પહેલા દીવસે ૩–જી ૧૫ મી રાતરે, ૪–થી ૧૫ મા દીવસે, અને આ ઝીયારતોથી એવી રીતે ગુનાહથી પાક થાય છે કે માના પેટમાંથી પૈદા થયો, અને ઇદે મબઅસ કે જે દીવસે હઝરતે રસુલે ખુદા સ૦ ને પયગમબરી મળી તે દીવસ માહે રજબની ૨૭ મી તારીખ છે આ મળીને પાંચમી મખસુસી છે, અને આ ઇદે મબઅસ વિશે આ પ્રમાણે ખુલાસો નીકળી શકે છે કેમકે ઇબારત સાફ નથી, અને માહે રજબની શરૂઆતમાં એક ઝીયારત છે કે હક-તઆલાએ ઝાએરોની બક્ષીસ પોતા ઉપર વાજીબ ફરમાવી છે.

ત્રણ—મખસુસી માહે "શાઅબાન"માં છે, ૧–લી ત્રીજી તારીખે, ૨–જી પંદરમી રાતે. ૩–જી પંદરમા દીવસે. અને તેની ઉમદા ફઝીલત એ છે કે ઝવ્વારને એક લાખ ચોવીસ હજાર પયગમ્બરો સાથે મુસાફહો નસીબ થાય છે કે તેમાંથી ઓલુલ અઝમ પયગમ્બરો છે, તો જે કોઇ ઉપરાઉપર ત્રણ વરસ શાઅબાનની પંદરમીના ઝીયારત કરે તો તેના માટે ગુનાહ માફ થવાની એક ખાસ તાસીર થશે, અને તેના ખવાસમાંથી આ પણ છે કે મુનાદી શાઅબાનની શરૂઆતથી નીદા કરશે.

દસ—મખસુસી માહે "રમઝાન"માં છે ૧—લી માહે રમઝાનની મખસુસી છે જેમકે ઇબ્ને ફઝલે રીવાયત કરી છે કે મેં હ૦ જઅફર ઇબ્ને મોહમ્મદ અ૦ થી સાંભળ્યું કે ફરમાવતા હતા કે જે શખસ માહે રમજાનમાં ઇમામે હુસયન અ૦ ની કબરની ઝીયારત કરે અને રસ્તામાં મરી જાય તો તેનાથી હીસાબ લેવામાં નહીં આવે, અને તેને કહેવામાં આવશે કે બેહીસ્તમાં અમનો અમાનથી દાખલ થા. ૨—૩—૪ એ મખસુસી પહેલી વચલી અને છેલ્લી રાતની ઝીયારત છે, જેમકે મોઅતબર ખબરમાં હઝરતે ઈમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે, અને છ ઝીયારતો બીજી છે કે તે ત્રણે શબેકદરોની રાતના તથા દીવસના મળી છ ઝીયારત મખસુસ છે, જેમકે ઘણી હદીસોમાં વારીદ છે કે મુનાદી અર્શથી નીદા કરે છે કે જે હુસયન અ૦ ની ઝીયારત માટે આવ્યો છે તેને ખુદાએ બખશી આપ્યો છે.

બે—મખસુસી માહે "શવ્વાલ"માં છે ૧–ઇદની રાત્રે, ૨—જી ઇદના દીવસે ઝીયારત કરે, અને તેની ખાસીયત એ છે કે ગુજરેલા અને આઇંદા થનાર ગુનાહ માફ થઇ જાય છે.

દસ—મખસુસી માહે "ઝીલહજ"માં છે, અથવા છ છે* ૧–૨ અરફાની રાત અને દીવસની, ૩–ઇદની ૪–૫–૬ અય્યામે તશરીક કે તે ઝીલહજની અગીયાર બાર અને તેરમી

---

§ ૩ જી પછી ૪ થી નથી લખી પાંચમી લખી છે, તો ૪ થી બાબત અસલ કીતાબમાં નહી હોય, અથવા તરજુમો કરનારની ભુલ થઇ નંબરમાં ભુલ થઇ હશે છેલ્લો ૮ નંબર છે જે અમોએ તરતીબથી લખ્યો તેથી ૭ મો નંબર આવ્યો છે.

* આ કીતાબમાં લખ્યું છે છ મખસુસી છે, અથવા દસ છે, અમોએ પહેલે દસ નંબર નો સબંધ રાખવા માટે લખેલ છે.

તારીખ છે; ૭-મી હલઅતા○ સુરો નાઝીલ થયો તે દીવસે ૮-મો "મુબાહલા"+ના દીવસની ૯-મી "ઇદેગદીર"◆ની કે તે તમામ ઇદમાં તે દીવસની ઝીયારત ખાસ છે, અને અરફાની ખાસ ફઝીલત એ છે કે હકતઆલા ઝવ્વારોને "સીદ્દીક"માં લખશે, અને "કરરૂબીયીન"માં તેની ગણત્રી કરશે, અને તેનો સવાબ હઝાર હઝાર હજની બરાબર થશે કે જે બારમા ઇમામની સાથે હજ કરવા ગયો હોય, અને હઝાર હઝાર ઉમરાની બરાબર સવાબ થશે, કે જે હઝરતે રસુલે ખુદા સ૦ થી સાથે કરેલ હોય અને હઝાર હઝાર ગુલામ આઝાદ કરવાનો સવાબ પામશે, અને રાહે ખુદામાં હઝાર હઝાર ઘોડા ઉપર સ્વાર કરવાનો સવાબ મળશે, અને ગુસલ કર્યા પછી જેજે કદમ ઉપાડે અને ઝીયારત માટે જાય તે એક એક કદમ ઉપર સવાબ એક એક હજનો મળશે, અને બાઅઝે રીવાયતમાં છે કે દરેક કદમ ઉપર એક સો હજનો સવાબ મળશે.

અને અરફાતના દીવસની ઝીયારતની ખાસીયત વીશે "ઝાદુલ મઆદ"માં હઝરતે સાદેક અ૦ થી લંબાણથી મનકુલ છે તેમાં છેલ્લે છે કે રાવીએ અરજ કરી વકુફે અરફાતનો સવાબ કયાં છે? આ સાંભળીને હઝરતે તેની તરફ ગુસ્સાની નજર કરીને એ સીવાય બીજો સવાબ બયાન કરીને બીજી રીવાયત પ્રમાણે ફરમાવ્યું કે અરફાને દીવસે હકતઆલા પહેલે હુસયન અ૦ ના ઝવ્વાર તરફ રહમતની નજર કરે છે અને તેઓના ગુનાહ બખશી આપે છે તે પછી અરફાતવાળા (હાજીયો) તરફ નજર કરે છે કેમકે તે દીવસે હુસયન અ૦ ના ઝવ્વારમાં કોઇ હરામઝાદો અને ઝીનાથી પયદા થએલો હોતો નથી અને અરફાતમાં હોય છે, હાસલકલામ હ૦ અલીની સાથે દોસ્તી રાખે તે હલાલઝાદો છે પણ ખાસ કરી આ કસેટી છે કે માહે ઝીલહજની નવમી તારીખે ઇમામે હુસયન અ૦ ની ઝરીહ સુધી હરામઝાદો જઈ શકતો નથી.

○ ઝીલહજની ૨૫ મી તારીખે નાઝીલ થઈ છે. + ઝીલહજની ૨૪ મી તારીખે છે. ◆ ઝીલહજની ૧૮ મી તારીખે છે.

ત્રણ-મખસુસી **મોહરમ**માં છે ૧-આશુરાની રાતના, ૨-આશુરાનો દીવસ ૩-મોહરમની ૧૩-મી તારીખ કે તે એહલેબેતની રૂએ દફનનો દીવસ છે, અને આશુરાની ફઝીલતની ખુસુસીયત એ છે કે ઝવ્વાર શહીદોના ઝુમરામાં દાખલ થશે, અને મશહુર થશે હઝરતના લોહીમાં લોહી ભરેલો અને આ એવખતછે કે અગર આશુરાની રાતરે ઝીયારત કરે અને કબરે મુતહર ઉપર રાતરે સવાર સુધી રહે. અને અગર લોકોને પાણી પીવરાવે તો એવું છે કે ગોયા ઇમામે હુસયન અ૦ ના લશ્કરને આશુરાની રાતરે પાણી પીવરાવ્યું.

એક—મખસુસી માહે સફરમાંછે, કે તે અરબઇન એટલે ચેહલુમ છે અને તેની ફઝીલતની ખુસુસીયત એ છે કે અરબઇનની ઝીયારત તે ઇમાનની નીશાની મુકરરર કરવામાં આવી છે.

આ બાબતોમાં એક સવાલ છે કે દરેક ફઝીલત એક બીજીથી ચડયાતી દેખાય છે ત્યારે આટલી મખસુસીમાં કઇ મખસુસી અફઝલછે?

એનો જવાબ એટલોજ છે કે એ ખુસુસીયત જુદી જુદી છે એકને બીજીથી વધુઘટુ કહી શકતા નથી, અને બાઅઝે રીવાયતોથી મ.હે રજબ અને શઅબાનની પંદરમીની મખસુસી અફઝલ હોવાનું જાહેર થાય છે, અને શાયદ તેથી મુરાદ ખાસ બાબતથી હોય. અને તમામ ફઝાએલનો તરફ નજર કરવા છેટે નથી કે અરફાની અને આશુરાની ઝીયારતને વધારે ફઝીલત એ ખુસીસીયતથી હોય કે આશુરાની ઝીયારતમાં વારીદ છે કે ઝવ્વાર હઝરતના ખુનમાં લોહી ભરેલો મહશુર થશે, અને શહીદોના ઝુમરામાં દાખલ કરવામાં આવશે વી૦

—*—

હઝરતે ઇમામે રઝા અ૦ ની ઝીયારતની ફઝીલત.

હઝરતે ઈમામે રઝા અ૦ ની ઝીયારતની ફઝીલતના હદીસો ઘણીછે, તેમાંથી થોડીક હદીસો નીચે મુજબ.

ઈમામે રઝા અ૦ ફરમાવ્યું કે જે કોઇ મુજ ગરીબની ઝીયારત કરવા દુરથી આવે તો કયામતના દીવસે ત્રણે ઠેકાણે તેની ફરયાદને પહોંચીશ, અને ત્રણે ઠેકાણાની બીક અને સખતીથી નજાત આપીશ. (૧) નામે અઅમાલ આપતી વખતે (૨) પુલસેરાત ઉપર (૩) હીસાબ દેતી વખતે. હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે નજીક છે કે ખુરાસાનની જમીનમાં મારા તનનો એક ટુકડો દફન થશે તો જે મોઅમીન તેની ઝીયારત કરશે તેના માટે ખુદાવંદે કરીમ બેહીશ્ત વાજીબ કરશે, અને દોઝખની આગ હરામ કરશે.

અબુસ્સલ્તથી મનકુલ છે કે તે કહે છે હઝરતે ઇમામે રઝા અ૦ ફરમાવ્યું કે કસમ ખુદાવંદે આલમના હકની કે અમો તમામ ઇમામો શહીદ થઇશુ કોઇ તલવારથી કોઇ ઝેરથી, આ સાંભળીને મેં અરજ કરી કે યા હઝરત હું તમારા ઉપરથી ફીદા થાઉં આપને કોણ શહીદ કરશે ?

હઝરતે ફરમાવ્યું બદતરીને ખલ્ક (તમામ કરતાં ખરાબ) એક શખ્સ મને ઝેર ખવડાવીને શહીદ કરશે, અને એવી જગોમાં દફન કરશે કે મારા હકને બરબાદ કરશે કે હુ તે જગોપર ગરીબ (મુસાફર) હઇશ.

આગાહ થાઓ કે જે કોઇ મારી ઝીયારત કરશે તો તે ઝવ્વારને ખુદા એક લાખ સીદીકનો એક લાખ હજનો એક લાખ ઉમરાહનો અને એક લાખ જહાદનો સવાબ આપશે. અને તે ઝવ્વાર કયામતના દીવસે અમારા ટોળામાં ઉઠશે અને બેહીસ્તના દરજામાં અમારો શરીક થશે.

હદીસમાં છે કે જે કોઇ ઇમામે રઝા અ૦ ની ઝીયારત કરે અને તેઓના હકને ઓળખે તો અગરચે તેણે કબીરા (મોહટા) ગુનાહ કર્યા હશે તોપણ તે કયામતના દીવસે જન્નતમા દાખીલ થશે. હઝરતના હકને ઓળખવું એટલે હઝરતને બરહક ઇમામ જાણે અને જાણે કે તેઓની તાબેદારી વાજીબ છે અને તેઓ ગરીબ શહીદ છે.

હઝરતે ઈમામે અલીય્યુન નકી અ૦ ફરમાવ્યું કે જે કોઇ શખસને કાંઈ પણ હાજત હોય તો તે મારા દાદા ઈમામે રઝા અ૦ ની ઝીયારત કરે; અને તેઓના સીરાને બે રકાત નમાઝ પડે, અને કુનુતની અંદર પોતાની હાજત માગે તો ખુદા તેની હાજત પુરી કરે, પણ કોઇ હરામ કામની દોઆ માગવી નહીં.

"નાજી" કહે છે કે હઝરતે ઇમામે રઝા અ૦ ની ઝીયારતની ફઝીલત માટે ઘણી હદીસો છે અને એવી પણ હદીસ છે કે તમામ ઈમામો બલકે ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરતાં પણ વધારે સવાબ છે, હદીસમાં છે કે ઈમામે મોહમ્મદ તકી અ૦ ને કોઇએ પુછયું કે યા હઝરત તમારા બાઇ ઇમામ રઝા અ૦ ની ઝીયારત અફઝલ છે કે તમારા દાદા ઈમામે હુસયન અ૦ ની ઝીયારત ? આપે જવાબ આપ્યો કે મારા બાપ ઇમામે રઝા અ૦ ની ઝીયારત અફઝલ છે કેમકે મારા દાદા ઇમામે હુસૈન અ૦ ની ઝીયારત તો તમામ લોક કરે છે પણ મારા બાપની ઝીયારત તો ખાસ શીઆહ ઈસ્નાઅશરી હોય તેજ કરે છે.

એક ઝવ્વારની હઝરતે અબ્બાસ અલમ બરદાર અ૦ મદદ કરવી.

જાણવું જોઇએ કે આપણે આકાની ઝીયારત કરવા જઇએ છીએ તો એમ ન સમ-

જવું કે આપણા આકા આપણાથી ગાફીલ છે, બલકે સખતી અને મુસીબતમાં ઝવ્વારોની મદદ કરે છે, અને એવા દાખલા ઘણા બન્યા છે તેમાંથી નમુના તરીકે એક નકલ લખવામાં આવે છે.

મનકુલ છે કે એક શખસ અજમનો રહેવાસી પોતાની ઓરત અને છોકરાને સાથે લઇને કાફલાની ભેગો ઇમામે હુસયન અ૦ ની ઝીયારત કરવા માટે જતો હતો. બનવાકાળ તે મોઅમીનનો એક દુશમન પણ તે કાફલામાં હતો. પછી જ્યારે મુસય્યબના પુલ ઉપર પહોંચ્યા તો તે નાપાકે બરાબ નો મવકો જોઇને તે મોઅમીનની ઓરતને અને તેના છોકરાને (કે તે બહુજ નાનો હતો) પુલ ઉપરથી ધક્કો મારીને પાણીમાં નાંખી દીધા. આ બનાવ જોઇને તે મોઅમીન રોવા લાગ્યો, અને જંગલમાં જઈ કરબલા તરફ જોઇને કહેવા લાગ્યો કે અએ આકા હુસયન મારી ઓરત અને બચ્ચાની ખબર લીઓ કે દુશમને પાણીમાં નાંખી દીધા.

આ મુજબની ફરયાદ કરતો હતો ત્યાં એકાએક કરબલા તરફથી ધુળ ઉડવા લાગી અને એક સ્વાર નીકાબદાર આવ્યો; અને તેની સાથે તે શખસની ઓરત અને છોકરો હતો. તેણે આવીને કહ્યું કે "અસ્સલામો અલયક યા ઝાએરલ હુસયન" મજકુર શખસ કહે છે કે મેં સલામનો જવાબ આપ્યો અને પાસે ગયો, તો તેઓએ ફરમાવ્યું કે આ તારી અમાનતલે ! મેં રકાબ ઉપર બોસો આપીને અરજ કરી કે યા મવલા તમો કોણ છો? જરા હાથ લાંબો કરો તો હાથને ચુમું અને આંખોથી લગાડું.

આ સાંભળીને તે જનાબ રોવા લાગ્યા, અને ફરમાવ્યું કે અએ બાઇ હાથ મારી ભત્રીજી માટે કુરબાન કર્યા છે, મેં પુછ્યું આપનું નામ મુબારક શું છે ? તેઓએ કહયું કે અએ ભાઇ હું સકીનાનો સક્કા અબ્બાસ ઇબ્ને અલી છું. આ વખતે હું મારા આકાની સાથે હઝરતે રસુલેખુદાસ૦ અને હઝરત અલી અ૦ પાસે હતો, ત્યાં ઇમામે હુસયન રોવા લાગ્યા, તો રસુલે ખુદાએ રોવાનું કારણ પુછ્યું તો મારા આકાએ કહયું કે અએ નાના મારા ઝવ્વારની ઓરત અને બચ્ચાને એક દુશમને પાણીમાં નાખી દીધા છે, અને તેથી તે ફરીયાદ કરે છે; એમ કહીને મને કહયું કે અએ ભાઈ અબ્બાસ તમો જલદી તેની મદદ માટે જાઓ તેથી પાણીમાંથી કાઢીને તારી ઓરત અને બચ્ચાને લાવ્યો છું એમ કહીને ગએબ થઇ ગયા, પછી તેની ઓરતે કહ્યું કે જ્યારે મને પાણીમાં નાંખી તો ગએબી આવાજ આવ્યો કે અએ પાણી ખબરદાર આ મારા મઝલુમ હુસયનની અમાનત છે. પછી હું પાણીને નીચે તળીએ ગઇ તો એક સફેત પાણો જોયો તેના ઉપર આરામથી બેઠી, અને મારા બચ્ચાને રમાડતી હતી ત્યાં એક દુઃખીયારી બીબી કાળાં કપડાં પેહરીને મારી પાસે આવી મારૂં માથું પોતાની છાતીએ લગાડી દીલાસો આપીને કહયું કે કયામતને દીવસે તારી શફાઅત કરીશ. મેં પુછ્યું કે તમો કોણ છો ? તો ફરમાવ્યું કે તું જેની ઝીયારત કરવા જાય છે તેની મા ફાતેમાહ છું. ત્યાં આવાજ આવી કે નેઝો પકડ. મેં નેઝો પકડ્યો ત્યાં એક ઘોડા ઉપર હું બેઠી, અને જરા વારમાં તે સવારની સાથે તમારી પાસે આવી પહોંચી.

ઝીયારતના થોડા આદાબ.

ઝીયારતના ઘણા આદાબ છે, તેમાંથી ચુંટીને જરૂરી સાત આદાબ.

પેહલો આદાબ એ છે કે ગુસલ કરીને

રોઝામાં જવું. બીજો રોઝાની અંદર જવાની પેહલા રીક્કત કરવી એટલે દીલ ભરાઇ આવે એવી હાલત કરવી, અને ઇજન માગીને અંદર જવું અને ઇજન માગવાની દોઆ મુતવલ્લી લોક પડાવે છે. ત્રીજો—સારા અને પાકીજા કપડાં પેહરવાં અને ખુશબો લગાડવી. ચોથો—ઝરીહ મુબારકને ચુમવી. પાંચમો—ઇમામની કબર અને કીબલાની સામે આજેઝીથી ઉભો રહીને દીલ ઠેકાણે રાખીને ઝીયારત પડે છઠો—ઝીયારતની બે રકાત નમાઝ પડે. સાતમો—બાહેર નીકળતી વખતે ઝરીહ તરફ પીઠ ન કરે, અને એવા આલી મકાનોમાં દોઆ માગવી કુરઆન પડવું વિગેરે ઘણી બાબતો છે એટલુંજ બસ છે કે ત્યાં શામાટે જઇએ છીએ ત્યાં ખાવાપીવા સીવાય બીજું શું કામ છે? માટે જેમ બને તેમ ઝીયારત ક્ર્યા કરે અને દોઆ માગે. અને પોતાના સગા વહાલા અને દોસ્ત બીરાદરોની તરફથી પણ ઝીયારત પડે અને ગુજરી ગએલાઓની તરફથી પણ ઝીયારત પડીને સવાબ બખશીઆપે.

—*—

ઝવ્વારોનો ઇસતેકબાલ.

જાણવું જોઈએ કે જે લોકો ઝીયારત કરી આવે તેઓનો ઇસ્તેકબાલ કરવો એટલે તેઓની સામે જવું તેમાં પણ ઘણો સવાબ છે કેમકે ઝવ્વારનો ઘણો મોહટો મરતબો છે, હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે તેઓએ ફરમાવ્યું કે જે કોઇ અમારી અથવા અમારી કબરની ઝીયારત કરી આવે, તો તમો તેનો ઈસતીકબાલ કરો, અને તેને સલામ કરો, અને તેને મુબારકી આપો. તો તમારા માટે પણ તે ઝવ્વાર જેવો સવાબ છે, અને ખુદાની રહમતથી તે ઝવ્વારના સવાબ જેવો સવાબ તમને ઘેરે લેશે.

કરબલાના રસ્તામાં ખરચવાનો સવાબ.

જાણવું જોઇએ કે કરબલાના રસ્તામાં જે જે પઇશો વપરાય છે તે એક એક પઇશા વાપરવાના બદલામાં દસ દસ હઝાર પઇશા વાપરવા જેટલો સવાબ છે.

પણ વાપરવામાં જેમ બને તેમ કદર રાખવી સાંભળવા અને જોવામાં આવ્યું છે કે કેટલાક સાહેબો ઝીયારત કરવા જાય છે તો ભર્યામાં ભરે છે અને ખાલીમાં ખાલી રાખે છે પણ જરૂર તો એમ છે કે ખાલીને ભરવું જોઇએ એટલે જે સાહેબે મગદુર હોય તેને મોટી મોટી રકમ આપે છે અને બીચારા ગરીબ મીસકીન યતીમ અને રાંડીરાંડ ઓરતોનો તો ભાવ પુછતા નથી અને આપવું હોય તો પઇસો બે પઇસામાં પતાવી દીએ છે. જમાડવાના સવાબમાં છે કે અગર મગદુરવાળા મોઅમીનને ખવરાવે તો એક ગુલામ આઝાદ કરવાનો સવાબ છે અને મીસકીન ગરીબ મોઅમેનીનને ખવરાવે તો સો ગુલામ આઝાદ કરવાનો સવાબ છે માટે કોઇ ભલા માણસને કાંઇ દેવું કરીને અથવા મેહરબાની દાખલ સાથે લઇને રાતના જઇને રાંડીરાંડ ઓરતોને આપવું, અને અપંગોને આપવું. રોટી ખજુર, અનાજ, પઇશા જે ખુશી હોય તે આપવું, જે ગરીબ મીસકીનો રોઝા મુબારકમાં માગે છે તેઓને પણ રોટી વિગેરે આપવું

કેટલાંક જણ તે ગરીબોને આપતાં મુંઝાએ છે કે આપતી વખતે ઉપરા ઉપર પડીને ગડબડ કરી નાંખે છે, પણ જેમાં વધારે તકલીફ તેમાં સવાબ પણ વધારે હોય છે. માટે જો પોતાથી ન બને તો કોઇ મુતવલ્લીને

કહીએ કે આ ગરીબોને મારી સામે એકએક રોટીને થોડા થોડા ખુરમાં અથવા પઇસા વેંહચી આપ તો તે લોક સારીપેઠે વેંહચી આપે, અને કેટલાક પોતાના નામની મોહર કોતરાવે છે જેના પાંચ સાત પઇશા બેસે છે, અને જેને રોટી આપવી હોય તેને કાગળના કટકા ઉપર તે મોહર કરી આપે છે, અને દુકાનદાર સાથે ઠરાવ કરે છે કે મારો ચીઠી આવી મોહરવાળી લાવે તેને રોટી આપજે, અને કેટલી આપવી તેની નીશાનો તેને બતાવી રાખે છે કે આવી નીશાની હોય તો આટલી રોટી આપવી વી૦ કેટલાંક કોઇ સરામાં મીસકીનોને પહેલે ભેગા કરે છે, તમામ જણ અંદર જાય તે વખતે દરવાજા પાસે બાહેર ઉભા રહી અંદરથી એકએકને બાહેર કાઢતા જાય અને રોટી આપતા જાય છે વીગેરે ઘણી રીત છે. પણ જેમ બને તેમ ગરીબોપર વધારે મેહરબાની કરવી એ આ નાચીજની ઘણીજ નમ્રતાઇ સાથે ભલામણ છે.

કરકસર.

ઘણા જણ કરકસર કરવામાં વધારે ખુબી સમજે છે, તો તે વીશે વધારે ન કહેતા એટલી અરજ કરવાની કે કરકસર દરેક જગ્યોએ સારી નથી, જેમ માણુસ વધારે કસર અને તંગી કરે તેમ વધારે હેરાન અને દુખી થાય છે, અને કોઇ વખતે એ કસરને બદલે ડબલ ખરચ થઇ જાય છે, માટે મુસાફરીમાં જેમ બને તેમ હાથ છુટા રાખવા, પેટમાં થોડું ખાવું મોજમજાહ થોડી કરવી પણ મજુરીમાં કે ભાડામાં કે વચમાં નડતી અડચણો દુર કરવામાં તંગી કરવાથી બહુજ તકલીફ ઉપાડવી પડે છે, માટે તે વિશે સેજસાજ તાણુખેંચ કરીને પતાવી દેવું. કોઇ ચીજ લેવામાં કસર કરવા જાય ત્યાં તે વેચાઇ જાય છે બીજી નમળી અથવા ખરાબ મળે છે, કોઇ ઉતારાની જગ્યોના ભાડામાં કસર કરવા જાય ત્યાં સારી સારી જગ્યો હાથમાંથી ચાલી જાય છે, કોઇ સાથે હોડી કે હમ્માલીના પૈસા ઠેરાવવામાં બે કલાક કાઢી નાંખે ત્યાં હોડી હમ્માલ બીજા કામે જવાથી ડબલ પૈસા આપીને બોલાવવા પડે છે, માટે મુસાફરીમાં હાથ છુટા રાખવા. બાકી સખાવત ખેરાત કરવી ન કરવી તે દરેકના મકદુર અને દીલ ઉપર આધાર રાખે છે.

ખાસ મારી ભલામણ.

કરબલાની મુસાફરીમાં અલબત્તા તકલીફ પણ પહોંચે છે, અને રસ્તામાં કાફલાવાળાઓને આપસ આપસમાં વખતે તકરાર પણ થાયછે. અને ત્યાંના લોકોમાંથી કોઇ કોઇ તકલીફ પણ આપે, તો પાછું આવીને તે તરફની શીકાયત કરવી અને લોકોનો ધડાધડ ગીબતો અને રસ્તાની મઝોમ્મત કરવી તે ઘણુંજ ખરાબ કામ છે માટે જે થયું હોય તે ત્યાંજ દફન કરીને આવવું હા ! સારી વાત હોય તે કરવી કેમકે દુન્યામાં કાંઇ એક જાતના લોક નથી સારા નરસા હરએક ઠેકાણે હોય છે. આ બાબત એટલા માટે લખી કે મેં કોઇ કોઇ ઝવ્વારની જબાની સાંભળ્યું છે કે તે તરફની વાતો લોકો પાસે કરતા કરતા એવી એવી બાબતો કહી નાંખે છે. કે સાંભળનારના દીલ ઉલટાં હટી જાય. અને વાતમાં તો પાઇનો પણ માલ ન હોય; હાંસલકલામ જોઇએ તેટલી તકલીફ કે મુસીબત પડે પણ કેવી મોહટી નેઅમત મેળવીને આવ્યા તેના ઉપર નજર કરીને ખુદાનો શુકર કરવો, અને જેમ બને તેમ તાઅરીફ સીવાય બીજા સુખન કાઢવાજ નહીં.

મુસાફરીના આદાબ.

"ઝાદુલ્મુઆએરીન" વિગેરેને આધારે લખવામાં આવે છે કે—મુસાફરીના આદાબ અને દોઆ ઘણી વારીદ થઇ છે, અહીંયાં ટુંક અને થોડી બાબતો લખવામાં આવે છે.

કરબલા તરફ જવા માટે નવરોઝની પહેલા દસ પંદર દીવસે વખત સારો છે તે નવરોઝ પછી એ અઢી મહીને ઘરે આવે તો ત્યાં સરદી કે ગરમીની હરકત ન આવે અને દરયો જતાં આવતાં થંડો હોય. નવરોઝ દરવરસે ઇંગરેજી મારચ મહીનાની તા૦ ૨૧ અથવા ૨૦ મીના થયા કરે છે.

જ્યારે મુસાફરી કરવી તો પહેલે તારીખ વાર સારો જોઇને જવું, અને કમરદરઅકરબ ન હોય તે પણ જોઇ લેવું.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ થી મનકુલ છે કે જે મોઅમીન શનીવાર અથવા મંગળવાર અથવા જુમેરાતના મુસાફરી કરે તો તે પોતાને ઘેર પાછો સલામતીથી આવે, અને એ જનાબ મુસાફરીમાં પોતાની સાથે પાંચ ચીજો રાખતાં હતા, ૧—આઇનો, ૨— સુરમો. ૩—દાંતીયો, ૪—કાતર, ૫—દાતણ.

જ્યારે મુસાફરીની તઇયારી કરે ત્યારે પહેલેં ત્રણ દીવસ સુધી સુન્નતની નીય્યતથી રોઝા રાખે, ત્રીજે દીવસે સુન્નતની નીય્યતથી ગુસલ કરે, અને ગુસલ કરતી વખતે આ દોઆ પડે. **"બિસ્મિલ્લાહે વબિલ્લાહે વલા હંવ્લા વલા કુંવ્વતા ઈલ્લા બિલ્લાહિ હ્અલીયી લઅઝીમ, વઅલા મિલ્લતે રસૂલિલ્લાહે વસ્સાદેકીન અનિલ્લાહે, સલવાતુલ્લાહે અલયેહિમ અજમઈન, અલ્લાહુમ્મ તહેહિરે બેહી કલ્બી વશ્રહ બેહી સદરી વનવ્વીરે બેહી કબ્રી, અલ્લાહુમ્મ જઅલ્હોલી નૂરન વતહૂરન વહિરઝન વશેફાઅન મિન કુલ્લે દાઈન વઆફતિન વઆહતિન વસૂઇન વમિમ્મા અખ્કો વઅહઝરો વતહેહિર કલ્બી વજવારેહી વઈઝામી વદમી વશઅરી વબશરી વમુખ્ખી વઅસબી, વમા અકલ્લતિ હ્અઝીં મિન્ની અલ્લાહુમ્મ**

જઅંલહોલી શાહેદનં ચવંમ હંાજતી વફકૈંરી વફાકૈંતી એલયંક યા રબ્બલઆંલમીન ઈન્નક અંલા કુલ્લે શયંઈન્-કંદીર.

પછી પોતાના બચ્ચાઓ અને ઘરના લોકોને પોતાની પાસે ભેગા કરે અને વઝુ કરીને બે રકાત નમાઝ પડે, અને ખુદા પાસે ખૈરની દોઆ માગે પછી આયતુલકુરસી પડે અને હમ્દ અને સના (ખુદાની તારીફ) કરીને સલવાત પડીને આ દોઆ પડે—**અલ્લાહુમ્મ ઈન્ની અસ્તવ્દેઓંક હયવ્મ નફૈસી વઅહેલી વમાલી વવુલ્દી વમનંકાન મિન્ની બેસબીલેની શશાહેદ મિન્હુમં વલ્ગાંએબે અલ્લાહુમ્મ હંફઝંના બેહિફ્ઝિલ્ઈમાને વહંફઝં અંલયંના, અલ્લાહુમ્મ જઅંલના ફી રહંમતેક વલા તસ્લુબ્ના ફઝંલક ઈન્ના એલયંક રાગેબૂન, અલ્લાહુમ્મ ઈન્ના નઊઝોબેક મિન્વઅ્સાં ઇસ્સફરે વકાબતિલમુન્કંલબે વસુઇલંમન્ઝંરે ફિલઅહેલે વલ્વુલ્દે ફિદુન્યા વલઆખેરહ, અલ્લાહુમ્મ ઈન્ની અતવજ્જોહો એલયંક હાઝંત્તવજ્જોહ તંલબનં લેમરઝાંતેક વતકંર્રોબનં એલયંક ફબલ્લીગ્ની મા઼ઓઅમ્મેલોહૂ વઅર્જૂહો ફીક વફી અવ્લેયાએક યા અરહંમર્રાહેમીન.**

સુન્નત છે કે અમ્મામો (પાઘડી) બાંધીને નીકળે અને તેના છેડાથી તહત્તુલહનક* કરે, કે તેથી ગરક થવાથી બળી જવાથી અને ચોરી થવાથી અમાન પામે, અને ઇમામે હુસયન અ૦ ની તુરબત મુબારકની થોડી "ખાકેશીફા" પણ સાથે રાખે, અને મોહર તથા તસબીહ પણ ખાકે શીફાની પાસે રાખે તો અઝીમ સવાબ છે, એ૱ા શીફાઅતનો પરવાનો છે, અને ખાકે શીફા લીએ તે વખતે આ દોઆ પડે, **"અલ્લાહુમ્મ હા-**

* જે છેડો પાછળ લટકે છે તેને ગળામાંથી ખભા ઉપર નાંખે.

"ઝેંહી તીંનતો કંબ્રીહહુંસયંને વલીચ્યેકા વબ્ને વલીચ્યેક ૯ત ખેંઝેતોહા હિંરેઝને લેમા અખોંફે વમાલા અખોંફે."

અને કડવી બદામની લાકડી સાથે રાખે અને લાકડીના માથામાં બાકું કરીને એક તાવીજ છે તે હરણની ચામડીમાં લખીને તેમાં રાખીને મોઢું મજબુત બંધ કરે કે તેમ કરવાથી ચોર ફાડીખાનાર પ્રાણી અને ઝેરી જીવથી ઘરે આવે ત્યાં સુધી અમાનમાં રહે. અને એ લાકડી હમેશાં પાસેજ રાખે કેમકે ઘરે આવે ત્યાં સુધી તેના માટે સીત્તેર ફીરીશ્તા ઇસ્તીગફાર કરે છે.

અને પીળો અકીક કોતરાવેલો હોય તે પોતાની પાસે રાખે, અને પોતાના બાલબચ્ચાઓથી વીદાઅ થઇને ઘરના દરવાજા ઉપર ઉભો રહીને જનાબે ફાતેમા અ૰ ની તસબીહ અલહમ્દનો સુરો આયતુલ્કુરસી પોતાની જમણી અને ડાબી તરફ અને સામે પડીને આ દોઆ પડે,—"બિસ્મિલ્લાહે વબિલ્લાહે વતવકેંલ્તો એંલલ્લાહે, વફ૰વઝેતો અમ્રી એલલ્લાહે, રહેબત મમેનલ્લાહે, વરંગબતને એલલ્લાહે વલા મલ્જાઅ વલા મને જાઅ વલા મફર્ર મેનલ્લાહે ઈલ્લા એલલ્લાહે રબ્બે આમન્તો બે કેતાબે કલ્લઝી અન્ઝલ્ત વનબીચ્યે કલ્લઝી અર્સલ્ત લેઅન્નહૂ લાયઅંતી બિલ્ખેંયરે ઈલાહી ઈલ્લા અન્ત, વલા યર્રેકુસ્સૂઅ ઈલ્લા અન્ત, અંઝ્ઝજારોક વજલ્લ સંનાઓક વતકંદસતે અસ્માઓક વઅંઝેમતે આલાઓક વલાએલાહ ગંયરોક" તો દરેક આફત અને બલાથી અમાન મળે.

પછી અગીયાર વખત અથવા બની શકે તેટલી વખત કુલ્હોવલ્લાહો અલ્હમ્દનો સુરો અને ઈન્ના અન્ઝલ્નાહ, કુલઅઊઝો બેરબ્બીલ ફલક અને આયતુલ્કુરસી પડીને અંગ ઉપર હાથ ફેરવે, અને બની શકે તે સદકો કરે અને આ બાબત તરક ન કરે અને આ દોઆ પડે, "અલ્લાહુમ્મ ઈન્નીશ્તરયંતો બેહાઝેંહી સ્સંદકંતે

સલામતી વસલામત સફરી વમા મઈં, અલ્લાહુમ્મહૈં ફર્ઝની વહૈફર્ઝ મા મઈં, વસલ્લીમની વસલ્લીમ મા મઈં, વબલ્લીગની વબલ્લીગ મામઈં, બેબલાગેકલ્લહૈંસ નિલ્લજમીલ.

તે પછી ખુદા પાસે સલામતીની દોઆ માગે, અને જ્યારે ગાડી વો૦ ઉપર સ્વાર થવા ચાહે તે વખતે કહે. "બિસ્મિલ્લાહે વલ્લાહો અકબર" અને સ્વાર થયા પછી સાત વખત "સુબ્હાનલ્લાહે" અને સાત વખત લાએલાહ ઈલ્લલ્લાહ" કહે.

અને રવાના થતી વખતે આ દોઆ પડ્રી અલ્લાહુમ્મ ખૅલ્લે સબીલના વઅહૈંસિને મસીરના વઅઅઝિમ અૅાફેયતના, પછી રવાનો થાય અને વહાણ (અથવા સ્ટીમર) ઉપર સ્વાર થાય તે વખતે એક સો વખત "અલ્લાહો અકબર" કહે, એક સો વખત સૅલવાત પડે, અને અહલે-બૈતના દુશમનો ઉપર એક સો વખત નફરીન કરે, પછી આ દોઆ પડે—"બિસ્મિલ્લાહે વબિલ્લાહે વસ્સૅલાતો અૅલા રસૂલિલ્લાહે સૅલ્લલ્લાહો અૅલયહે વઆલેહી વઅૅલ સૈયદકીન અૅલયહે મુસ્સલામ. અલ્લાહુમ્મ ખૅલ્લે સબીલના વઅઅઝિમ અૅાફેયતના અન્તલખૅલીફતો ફિલઅહલે વલમાલે, વઅન્તલહામેલો ફિલમાએ વઅૅલઝહરે વકાલરકબૂ ફીહા બિસ્મિલ્લાહે મજરીહા વમુર્સાહા ઇન્ન રબ્બી લગફૂરુર રહીમ."

અને દરીયામાં મોજા જોરથી આવે તે વખતે **"યા હૈંય્યો લાએલાહ ઈલ્લા અન્ત"** બહુજ કહયા કરે, અને **"અલ્હફીઝો"** ઇસ્મ તેનાઅદદ જેટલી વખત પડે તો ડુબી જવાથી **નજાત** પાતે અને તેના અદદ **૧૦૨૯** છે, અને ખાક શીફા થોડી અદબ અને શરતો મુજબ દરયામાં નાંખે તો ઇન્શાઅલ્લાહ તુફાન દુર થઇજાય.

હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૦ થી મનકુલ છે કે જે કોઇ એકલો મુસાફરી કરે તે આ દોઆ પડે **"માશાઅલ્લાહ લાહૌંલ વલા કુંવ્વત ઈલ્લા બિલ્લાહ, અલ્લાહુમ્મ આનિસં વહેંશતી વઅઇંન્ની અંલા વહેંદતી વઅદે ગેંઅતી.**

અને એકલા મુસાફરી કરવી નહીં, અને ત્રણથી ઓછા અને સાતથી વધારે હોવા સારૂં નથી, અને રસ્તામાં ઊંચાણ ઉપર ચડતી વખતે **"અલ્લાહો અકંબર"** અને નીચાણમાં ઉતરતી વખતે **"સુબ્હાનલ્લાહ"** કહે.

અને મુસાફરીમાં નમાઝ કસર પડવી જોઇએ અને જ્યાં એકામો કરે ત્યાં પુરી પડવી જોઇએ તેમજ મુસાફરીમાં રોઝા રાખવા નજોઇએ જ્યાં એકામો કરે ત્યાં રાખવા અને મુસાફરીમાં રોઝા ગયા હોય તેટલા પછી કઝા રાખવા વી૦ **મખઝનુલ મસાએલ** નામની કીતાબમાં અમોએ લખેલ છે.

. જાણવું જોઇએ કે કરબલાએ મોઅલ્લાની મુસાફરી અને ઇમામે હુસૈન અ૦ ની ઝીયારતનું નામ મશહુર છે, અને જે કહે છે તે એમજ કહે છે કે ઈમામે હુસૈન અ૦ ની ઝીયારત માટે જવું છે વીગેરે. પણ એ મુસાફરીમાં સાત ઇમામો અને કેટલાક પયગમબરો અને શહીદો ઓલમાઓ વી૦ ની ઝીયારત નસીબ થાયછે, જેમકે એ બયાન આગળ આવશે.

કરબલાએ મોઅંલ્લા જવા માટે અહીંઆંથી બસરે જવું જોઇએ બસરા જવા માટે જે બંદર ઉપરથી વહાણ કે સ્ટીમર જતી હોય ત્યાંથી જવાય છે, પણ સ્ટીમર હાલ ઘણું કરીને મુંબઈ અને કરાંચીથી જાય છે, મુંબઇથી દર અઠવાડીએ મેલ સ્ટીમર બસરે જાય છે, અને હાલ તેની ચાલ વધારી છે અને ફકત થોડાકજ બંદરો ઉપર થોડી થોડી કલાક ઊભી રહે છે તેથી સાડાછથી સાત દીવસમાં મુંબઇથી બસરે પહોંચે છે; ખુદાના લાખો શુકર કે આવી આસાનીથી અને જલદી જવાય છે, આગળ વહાણમાં લોકો જતા તે બબે ચાર ચાર મહીને પહોંચતા અને તુફાન વી૦ની આફત જુદીજ પણ તેમાં સવાબ પણ ઘણો કેમકે જેટલી સખતી અને મુસીબત વધારે વેઠવી પડે એટલો સવાબ પણ વધારે મળે.

કીબલો.

જાણવું જોઈએ કે નમાઝ હર હાલમાં પડવી વાજીબ છે, ઘરે હોય કે મુસાફરીમાં હોય તંદુરસ્ત હોય કે બીમાર હોય પણ નમાઝ માફ નથી, પણ મુસાફરીમાં કસર પડવી બીમારીમાં ઊભા ઊભા નપડી શકે તો બેઠા બેઠા પડવી વી૦ અને આપણુને ખાત્રી હોય કે ફલાણી મુસાફરીમાં નમાઝ પડી શકાસે નહીં તો તે મુસાફરી કરવી હરામ છે, જેમકે કોઇ ઝીયારત કરવા જવા ચાહે અને ખાત્રી હોય કે ઇસ્ટીમરમાં મારૂં અંગ નજીસ થઇ જશે પાક થઇને નમાઝ પડી નહીં શકીશ તો ઝીયારત માટે પણ જવું જાએઝ નહીં થાય હા ગમે તે રીને તહારત રાખીને નમાઝ પડી શકે એવી ગોઠવણથી જવાનું બને તોજ જવું જાએઝ છે.

તો નમાઝ પડતી વખતે કીબલા સામે નમાઝ પડવાનો હુકમ છે, કીબલાથી મતલબ મક્કામાં કાઅબા છે તે છે, તો દરેક જગ્યાવાળાને હુકમ છે કે કાઅબા તરફ મોઢું કરીને નમાઝ પડે, અને તમામ જગ્યા એક બાજુ નથી બલકે કાઅબાની અતરાફ છે તો તમામના માટે કીબલો એકજ દીશા તરફ નથી બલકે દરેક દેશ માટે જુદી જુદી દીશા તરફ કીબલો છે. જમકે હીંદુસ્તાનમાં—મુંબઇ, કલકત્તા, દાહલી, લખનઊ વીગેરે ગામો કાઅબાની પુર્વ દીશા તરફ છે, તો તે શેહરોવાળા માટે પશ્ચીમ તરફ કીબલો છે. જંગબાર કાઅબાથી દક્ષીણ તરફ છે તેથી ત્યાં વાળાઓ માટે ઉત્તર તરફ કીબલો છે, એડન કાઅબાની દક્ષીણ અને પુર્વ દીશાની વચમાં છે, તો ત્યાંવાળા માટે પશ્ચીમ અને ઉત્તર દીશાની વચે કીબલો છે વીગેરે, અને તેની બરાબર સમજ માટે જુદોજ નકશો આપ્યો છે.

અને દીશા ઓળખવા માટે કુતબ કાંટો નીકળ્યો છે તે ઊંચો અને સારો આશરે બાર આના કે એક રૂપીયાવાળો લેવો કે તે ટુંક મુદતમાં ખરાબ થતો નથી તેમાં જે ઝીણો કાંટો છે તે હમેંશાં ઉત્તર તરફ રહે છે, રેલ કે ઇસ્ટીમર ગમે તે તરફ ફરે પણ તે કાંટો ઉત્તર તરફજ રહે છે, આપણે ફેરવીને ગમે તે તરફ રાખીએ તો તે કાંટો ઝટપટ ઉત્તર તરફ ફરી જાય છે, તેથી દીશાઓ ઓળખવાનું રાતના કે દીવસના કોઇને પણ પુછા વીના સુરજ કે સીતારા જોયા વીના બની આવે છે. માટે દરેક મુસાફરીમાં કુતુબ રાખવાથી ઘણી રાહત મળે છે.

હીંદુસ્તાનની મુસાફરીમાં કુતુબ સાથે રાખવાથી કીબલાની ઓળખાણ એમ થઈ શકે છે કે કુતુબનો કાંટો ઉત્તર તરફ છે તો નમાઝ પડવી તે વખતે તે કાંટો જમણા હાથ તરફ રહે એમ ઉભા રહીએ તો આપણું મોઢું પશ્ચિમ તરફ થાય છે અને તે કીબલો છે, કરબલા વીગેરે તરફ કીબલો દક્ષીણ તરફ છે તો કુતબનો કાંટો આપણી પીઠ તરફ રાખીને ઉભા રહીએ તો દક્ષીણ તરફ મોઢું થાય છે અને તેજ કીબલો છે વીગેરે.


મુંબઇથી કરાંચી અને મસકત સુધી કીબલો મગરીબ એટલે પશ્ચિમ તરફ છે, તે પછી જેમકે બંદરે અબ્બાસ લીંગા વી૦ માં ડાબા હાથ તરફ જરા જરા ફરવું પડે છે, અને અબુ શહેર મોહમ્મુરા તેથી વધારે ડાબી બાજુ ફરવું પડે છે, એટલે સુધી કે ઇરાક એટલે કરબલામાં તો તદન ડાબી બાજુ એટલે દક્ષીણ તરફ કીબલો છે.

અને પાછા ફરતી વખતે તેથી ઉલટું એટલે કરબલામાં દક્ષીણ તરફ નમાઝ પડાય છે ત્યાંથી નીકળ્યા પછી મોહમરા અને અબુશેહર પાસે આવીએ તો જમણી તરફ થોડું થોડુ ફરવું પડે છે તે હીંદુસ્તાનમાં આવ્યા કે પશ્ચિમ તરફ કીબલો છે.

-o—*—o-

કીબલાની સમજૂતી.

કીબલાની સમજુતી માટે આ નીચે દીશાઓ અને કેટલાક દેશના નામનું ચક્ર આપવામાં આવે છે.



કરબલાની મુસાફરી.

---×---

મુંબઈથી કરબલા જઈએ તે વખતે કયા બંદરે આવે છે કરેનટીનમાં શું આપવું પડે છે વી૦ અમારી મુસાફરીનો હાલ આ પછી આપ્યો છે તેમાં તમામ જરૂરી બીના છે તે વાંચી જુઓ, બાકી એ શીવાયની કેટલીક બીના નીચે લખીએ છીએ,

કરબલાએ મોઅલ્લા જવા માટે બસરે જવું પડે છે, અને બસરેથી મીઠા પાણીની નદીમાં નાની સ્ટીમરમાં બેસીને બગદાદ જવું પડે છે, બગદાદથી કાઝેમૈન અ૦ આશરે ત્રણ માઈલ છેટે છે ત્યાં ટરામ જાય છે તે બે આના લઈ અરધા કલાકમાં પહોંચાડે છે. કાઝેમૈનમાં સાતમા તથા નવમા બે ઈમામ અ૦ ના રોઝા છે, હવે ત્યાંથી બે જગ્યો જવાની છે, સામરા અને કરબલા, અને તે બન્નેના જુદા જુદા રસ્તા છે, સામરા અ૦ માં દસમા અને અગીયારમા ઇમામ અ૦ ના રોઝા અને બારમા ઇમામ અ૦ ગાએબ થઈ ગયા તે જગ્યો છે, તો કેટલાક કાઝમૈન અ૦ થી પહેલે સામરા અ૦ જઈને આવે છે, પછી કરબલા અને નજફ જાય છે, અને કેટલાક કાઝેમૈન અ૦ થી પહેલે કરબલા અને નજફ જઈને કાઝેમૈન અ૦ આવીને પછી સામરા અ૦ જઇ આવે છે, એતો જેવો જોગ અને જેવો મૌકો, કાઝેમૈન અ૦ ગયા પછી જેવો મત તેમ કરવું.

કરબલા ગયા પછી નજફે અશરફ જવાય છે અને નજફે અશરફથી ત્રણ માઈલ છેટે મસજીદે કુફા અને કુફા છે, ત્યાં હઝરત મુસલીમ અ૦ નો રોઝો છે, અને કેટલાક પયગમબરોએ દોઆ કરેલી જગ્યો વી૦ છે, અને કાઝેમૈન અ૦ થી કરબલા જતી વખતે વચમાં મુસય્યબની પાસે હઝરતે મુસલીમ અ૦ ના ફરઝંદોનો રોઝો છે, પણ હાલ ઘોડા ગાડીયો થવાથી ત્યાં ઝીયારત કરવાનો મૌકો મળતો નથી. કેમકે સીધે રસ્તે ગાડીયો મુસય્યબ જાય છે, અને રાતના વખતનો ટાઈમ હોય તો મુસય્યબથી જવાનું પણ બનતુ નથી માટે ગાડીવાળાને કાંઇ વધારે આપીને હ૦ મુસલીમ અ૦ ના ફરઝંદોના રોઝા પાસે થઈને લઇ જવાનો અથવા બીજો કોઇ રસ્તો કરવો, કાઝેમૈનના મુતવલ્લીને કહેવાથી તે ખુશીથી એ રસ્તો કરી આપે છે, અને કાઝમૈનથી કાતર ઉપર કજાવામાં બેસીને પણ જવાય છે અને કાતરવાળા આપણી મરજી મુજબ હ૦ મુસલીમ અ૦ ના ફરઝંદોના રોઝામાં લઇ જાય છે, અને કજાવામાં જવાથી વચમાં બે રાત થાય છે, અને ગાડીમાં એક રાત થાય છે, અને કજાવામાં ભાડું ઓછું બેસે છે, ગાડીમાં એક જણના બે રૂપીયા બેસતા હોય તો કજાવામાં એક કે સવા રૂપીયો બેસે છે

---*---

સામાન સાથે લેવાની યાદી.

---*---

ખાવા પીવાનો તમામ જરૂરી સામાન અને તે રાખવાની કોથળીઓ ડબા વીગેરે લેવા, તેમજ ખાવા પીવા અને પકાવવાનાં જરૂરી ઠામ લેવા, ચાયના કપ સાસર કેટલી બદના

પ્યાલા જામ વી૦ ખાવા માટે ચોખા, લોટ બીસકુટ દાલ, ઘી, તેલ, મરચુ મીઠુ ચાય સાકરીયા, ગરમ મસાલો, હળદર, પ્યાજ બટાટા, રતાળુ, વી૦ લેવું, અને પકાવા માટે ઇસ્ટીમરના બબરચી સાથે બંદોબસ્ત કરવો તો પણ લોઢાની છગડી અને કોલસા સાથે રાખવા, કેમકે વધારે ગર્દીના સબબથી વેહલું મોડું થાય તો પોતાની બેઠકમાંજ પકાવી લેવા થાય છગડીની નીચે મુકવા થાળો અથવા એવું કાંઇ ઠામ લેવું કે તેમાં પાણી ભરીને છગડી મુકવી કે તેથી ઇસ્ટીમરવાળાં અડચણ કરે નહીં.

પેટી મોટી હોય તો એક બે રૂપીયા ભાડુ લીએ છે પણ ઇસ્ટીમર હમેશા ધોવે છે તેથી મોટી પેટી હોય તો તેના ઉપર બીછાનું રાખીને બેસવા થાય, પેટીની નીચે ત્રણ આંગળ ઊંચા મજબુત લાકડા જડાવવા કે ઇસ્ટીમર ધોવે તે વખતે પાણી નીચેથી ચાહલું જાય અને પેટીનો નીચેનો ભાગ પલળે નહીં, ટીનની બે ત્રણ ચલમચી લેવો કે ઊલટી કરવા તેમજ રાતના વખતે પેશાબ કરવા કામ આવે, અને બની શકે તો કંતાનની નાની કુરસી લોઢાના બે સળીયાની આવે છે તે લીએ તો બેસવા થાય, અને ઊતરે ત્યાં સામાન ભેગી વીટીને રાખવા થાય.

ઇસ્ટીમર ઉપર જેમ બને તેમ જલદી જવું અને ફાળકા ઉપર બનતા સુધી જગો લેવી, ફાલકો માલ ભરવાના મોઢાની જગોને કહે છે, ફાલકાની જગ્યો એક હાથ ઊંચી હોય છે તેની ઉપર પાટીયાં ઢાંકીને તાલપતરી બાંધી લીએ છે તેના ઉપર ધોતા નથી તેથી તેના ઉપર બેસવાથી ઘણી રાહત મળે છે, પણ અડચણ પણ છે તે એ કે જ્યારે બંદર આવે ત્યારે માલ કાઢવા માટે ફાલકો ઊઘાડે ત્યારે બે ત્રણ કલાક તકલીફ પડે છે, સામાન બીછાના ઉપાડી લેવા અને છેટે બેસવું પાછું સામાન ગોઠવવો, ઇસ્ટીમરની અંદર ઉપર બેસવામાં ફાયદો એ છે કે હવા આવે છે ગરમી થતી નથી, પણ વખતે જોરથી મોજા આવે તો પલળવું પડે છે, અને ધોવે તે વખતે સખત તકલીફ થાય છે, અને નીચેના ભાગમાં ગરમી થાય છે, પણ ત્યાં ધોતા નથી તેમ મોજાની બીક રહેતી નથી.

સ્ટીમરમાં પાણી ટાંકીમાંથી બમ્બે કરીને આપે છે પણ બમ્બામાંથી પાણી નીકળે તે વખતે ઇસ્ટીમરના હીંદુ મુસલમાન ખારવા પાણી લીએ છે તે વખતે તે પાણી નીકળવાની જગ્યો પાસે જરા ખાડા જેવું હોય છે તેમાં થઇને પાણી ઠામમાં પડે છે તે ખાડામાં છાંટા ઊડે છે અને હાથ પણ નાખે છે. તેથી નજીસ પણ થઇ જાય છે, તો એથી બચવાના બે ત્રણ રસ્તા છે એક તો એ કે મુસલમાન બબરચી વી૦ સાથે બંદોબસ્ત કરે કે તે પાણી હમેશા બે વખત લાવી આપે આપણે જવું નહીં, બીજો રસ્તો એ કે મીઠા પાણીના ચાર પાંચ ડબા ભરીને સાથે લેવા અને વાપરવાનો આખો દરયો ભર્યો છે, ત્રીજો રસ્તો એ કે સવા કે દોઢ કુર પાણી માય એટલું મોટું લાકડાનું પીપ મીઠા પાણીથી ભરી લેવું.

અને ફાનસ, મીણબતી, દીવાસળી છત્રી, ચાકુ, છરી, પંખા, ચટાઇ, શતરંજી, તકીયાં, ચાંખડી, મુસલ્લો, ડોલ, ઘડો, સરદીની મોસમ હોય તો ગરમ કપડા તથા ઓઢવાના બુનુસ ગોદડા વીગેરે લેવા, બીછાવા માટે જરૂરત મુજબ નાના નાના ગાદલા લેવા, અને બની શકે તો મછરદાની પણ લેવી, અને મછરદાની બાંધવા માટે સુતરની લાંબી દોરી અને લોઢાના ચાર ખીલા લેવા,

જેને ફેર આવતા હોય તેના માટે લીંબુ અને કેરીનું અથાર સારૂ છે, તેમજ મીઠા લીંબુ સંતરા વીગેરે મેવો પણ લેવો, અને બીજો પરચુરણ સામાન જેની જરૂરત પડે છે તે પણ સાથે રાખવો જેમકે, પેટીઓ કોથળા તથા બીછાના બાંધવા માટે મજબુત દોરીઓ, સુતળી, દોરા, ચાકુ છરી, સુવો, સુઇ, કાતર, પેનસીલ, કલમ, દવાત, કાગળ, કવર, ટીકટ, કર્યોડ વીગેરે.

અને ન્હાવા ધોવાનો સામાન જેમકે સાબુ અરીઠા, વીગેરે પણ સાથે લેવા, અને જેઓ પાન સોપારી ખાતા હોય તેઓએ સોપારી વધારે લેવી, અને પાન પણ મળતા નથી અને પાન સાંચવીને લઇ જાય તો કરબલા સુધી પહોંચી શકે, કાઝેમૈનમાં સુકા પાન મળે છે, અને સોપારી ખરાબ અને મોંઘી એકાદ ઠેકાણે મળે છે, અને તમાકુ બીડી જરૂરતથી વધારે લેવી નહીં કેમકે તે સર્વે ઠેકાણે મળે છે.

કોઇ જાણીતા વૈદ્ય હકીમ અથવા ડાકટર પાસેથી થોડી થોડી દવા પણ સાથે લેવી જેમકે ઝાડાની, તાવની ઉલટીની, માથુ દુખવાની, ગોળીઓ અથવા પડીકા સાથે રાખવા.

અને ખાસ કરીને કફન, કાફુર, બોરડીના પાન, જરૂર સાથે રાખવા કેમકે ઇનસાનની કઝા પુછીને આવતી નથી ખુદા ન કરે અને કોઇ એવો બનાવ બન્યો તો એ ચીજો કામ આવે, લોકો કફન લેવાને ખરાબ જાણે છે પણ એમાં ખરાબ જાણવાનું કશું કારણ નથી કેમકે કફન રાખવાથી જીંદગી કાંઈ ટુકી નહીં થઇ જાય બલકે કોઇ વખતે બીજા બીરાદરને પણ કામ લાગે તો મોટો સવાબ હાસીલ થાય.

અને વખતે વઝુ અથવા ગુસલને બદલે તયમ્મુમ કરવાની જરૂરત પડે તે માટે પાક માટી આશરે બે ત્રણ શેર કોઈ કોથળી અથવા ડાબલામાં લેવી.

કરબલા તરફ ચલણી નાણું.

જાણવું જોઇએ કે કરાંચી અને મસકત સુધી ઈંગરેજી પૈસા, રૂપીયા, નોટુ બરાબર ચાલે છે, અને બસરા બગદાદ કરબલા વી૦માં ઇંગરેજી પૈશા ચાલતા નથી, બાકી રૂપીયા નોટુ ગીની ચાલે છે, અને બેઆની પાવલી ઓછે ભાવે ચાલે છે, એટલે બેઆની દોઢ આનામાં અને પાવલી ત્રણથી સાડાત્રણ આનામાં લીએ છે,

નોટ બરાબર ચાલે છે, કોઈ કોઇ વખતે બગદાદમાં નોટનો વટાવ સેંકડે આઠ આનાથી દોઢ રૂપીયા સુધી મળે છે, ગીની બસરામાં બરાબર ચાલે છે, બગદાદમાં થોડો વટાવ બેસે છે, અને કરબલા તરફ થોડો વધારે વટાવ મળે છે.

બસરામાં પરચુરણની ઘણીજ તંગી રહે છે રૂપીયાનું પરચુરણ પણ મળતું નથી પણ કાંઈ લેવું હોય તો કરામ વીગેરે આપે છે, અને કરાનનું પરચુરણ પણ મળતુ નથી તે લેણદેણમાં પુરૂ કરે છે કોઈ વખતે આનો બે આના હોય તો માંડ માંડ આપે છે.

તે તરફનું ચલણ કેટલીક જાતનું છે તેમાં વધારે વપરાતુ નીચે મુજબ.

લેરા—લેરો ગીની જેવો સોનાનો છે, તેનો ભાવ ૨૧૪) ની આસપાસ રહે છે, અને લેરા લેવામાં નુકશાન તો નથીજ પણ કાંઇક ફાયદો થાય છે. મુંબઇમાં ૨૧૩॥ થી ૨૧૩॥ સુધી મળે છે.

મજીદી—મજીદી ૨૫.ની છે તેનો ભાવ ૨૨॥– ની આસપાસ રહે છે, અને મજીદી મુંબઇમાં ૨૨॥ થી ૨૨॥= સુધી મળે છે.

કરાન—કરાન રૂપાનું છે તે ઈરાનનો સીક્કો છે, કરાનનો ભાવ એક રૂપીયાના ૩ાાા થી ૪ કરાનનો છે.

કમરી—રૂપાની થાય છે, કમરીનો ભાવ એક રૂપીયાની ૧૫ થી ૧૫ાા નો રહે છે.

પુલ—ત્રાંબાના ઈરાની પૈશા છે, ઇંગરેજી પૈશા જેવડા મોટા પણ વજનમાં થોડા ઓછા અને તે ઘણા સસતા છે, કમરીના ૧૬ પુલ મળે છે, તે એક રૂપીયાના ૨૪૦ થી ૨૫૦ સુધી મળે છે, અને ગરીબોને દેવા તેમજ વાપરવા માટે બહુજ મજાહ અને સવળ પડે છે અને ઘણા મળે છે પણ ફકત બસરામાં તે પુલ મળતા નથી, કેમકે બસરામા કમરીના ૨૦ ચાલે છે તેથી તેની છત નથી, કરબલા વી૦ થી જેઓ આવ્યા હોય અને તેઓ પાસે થોડા રહી ગયા હોય તો તેઓ પાસેથી કમરીના વીસને હીસાબે ત્યાંવાળા લીએ છે, અને આપે છે પણ ઘણીજ અછત છે કમરીના લેવા જાઓ તો ૨૦ ને બદલે ૧૫ પણ મળતા નથી,

એક લેરાની મજીદી પાંચ અને ચાર કરાન, અને એક મજીદીના કરાન દસ, અને એક કરાનની કમરી ૧૬.

અને બેઆની જેવી રૂપાની બાર પુલી કરાનની થાય છે, તે બહુજ પાતળી હોય છે. તેના બાર પુલ છે એટલે આપણા ત્રણ પૈસા થયા, અને છપુલી તેથી અરધી આવે છે તેના છપુલ તે આપણો દોઢ પૈશો થીઓ.

ખાવા પીવાની ચીજો.

તે તરફ આપણા દેશ કરતાં ઘણેભાગે અનાજ સસતું હોય છે, જેમકે આપણા દોઢ પૈશાની એક રોટી મળે છે તેથી આપણું પેટ ભરાઇ રહે છે, અને મેવો તો ઘણો સસતો હોય છે, લીલી દ્રક્ષ અહીંયાં ચાર પાંચ આનાની રતલ મળે છે, અને તે તરફ ચાર પાંચ પૈશાની રતલ મળે છે, અનજીર આપણે ત્યાં પૈશાનું એક મળે છે તે તરફ એક પૈશાના આઠ દસ મળે છે, તરબુજ અને સાકરટેટી ઘણીજ સસતી અને મીઠાં મળે છે, તેમજ અનાર ખજુર સફરજન વીગેરે મેવો ઘણો સારો અને સસતો મળે છે.

એક અરજ છે કે મેવો સસતો તો છે પણ વખતે બહુજ મોંઘો પડી જાય છે. તે એ કે ઘણો સસતો હોવાથી હદથી વધારે ખાવાનું મન થાય, તો મનને જાળવી ન રાખે અને ખુબ ખાય તો બીમાર પડી જાય છે, તે વખતે દવાના પૈશા ખરચવા પડે છે હકીમની ફી આપવી પડે છે અને હેરાન થવું પડે તે જુદુજ, માટે મેવો ખાવો તો બહુજ થોડો અને રીતસર ખાવો.

ઝીયારત.

જાણવું જોઇએ કે ઈમામોની ઝીયારત કરવા જઇએ તો ત્યાં ઝરીહ મુબારકની સામે ઉભા રહીને અથવા બેસીને ઝીયારત પડે છે. અને આપણને ઘણે ભાગે મુતવલ્લીઓ ઝીયારત પડાવે છે, પણ બે ચાર કે પાંચ દસ જણને ભેગા બેસારીને ઝીયારત પડાવે છે, અને રોઝામાં બીજાઓ પણ ઝીયારત પડતા હોય તો એવા મત્રકામાં ઘણા જણ ઝીયારત પડાવનારના શબ્દો સમજતા નથી તેમ અરબી શબ્દો હોવાથી પુરૂ બોલી પણ શકતા નથી તેથી કેટલાંક તો ગોટા વાળેછે, પડાવનાર કાંઇ કહે અને પડનાર કાંઇ કહે, અને ઝાઝા જણ ભેગા હોય તેથી વારંવાર તેને પુછાય નહીં તેમ એકલાને બેસારીને હળવે હળવે એક એક શબ્દ પડાવતા નથી, તો તે વાસ્તે

મારા ધ્યાનમાં આવે છે કે જીયારતના થોડા શબ્દો નીચે મુજબ પડીને બાકી સલવાત પડયા કરે, તો વધારે સારૂં હશે, પણ ત્યાં આલીમો મુજતહેદો ઘણા છે તેઓને આ બાબત પુછીને પડે કે તેથી શરા મુજબ અમલ થાય.

મેં જનાબે શેખ ઝયનુલ આબેદીનસાહેબ અઅલલ્લાહો મકામોહુને પુછેલું કે ટુંકમાં જીયારત પડવી હોય તો બે ત્રણ શબ્દોમાં કેવી રીતે પડે? તો આપે ફરમાવેલુ કે દરેક ઇમામની જીયારત આ મુજબ પડે, **"અસ્સલામો અલયક યા હુજ્જતલ્લાહે, અસ્સલામો અલયક વરહેમતુલ્લાહે વબરકાતોહ.** અને ઇમામે હુસયન અ૦ ની જીયારત આ મુજબ પડે **"અસ્સલામો અલયક યાઅબા અબ્દીલ્લાહ, અસ્સલામો અલયક વરહેમતુલ્લાહે વબરકાતોહ.**

જાદુલમઆદમાં જનાબે મજલીસી અઅલલ્લાહો મકામોહુ લખે છે કે મોઅતબર સનદો સાથે સુદૈરેસરૈફથી મનકુલછે કે તે કહે છે કે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ મને ફરમાવ્યું કે દરેક અઠવાડીયામાં પાંચ વખત અથવા હમેશા એક વખત ઇમામે હુસયન અ૦ ની કબરની જીયારત કરવામાં શું અટકાયતછે? મેં અરજ કરી આપ ઉપર ફીદા થાઊં મારા ઘરથી ઘણા ફરસખ છેટે (કરબલા) છે, આપે ફરમાવ્યું કે તુ પોતાના ઘરના કોઠા ઉપર જા અને જમણી તથા ડાબી તરફ ધ્યાન કર અને આસમાન તરફ મોઢું ઉંચુ કર અને ઇમામે હુસેન અ૦ ની કબર તરફ મોઢું કરીને આ પ્રમાણે પડ—

અસ્સલામો અલયક યા અબા અબ્દીલ્લાહ, અસ્સલામો અલયક યબ્ને રસૂલિલ્લાહ અસ્સલામો અલયક વરહેમતુલ્લાહે વબરકાતોહ.

તો તારામાટે એક હજ્જ અને એક ઉમરાહ.. તો સવાબ લખાશે, સોદૈર કહે છે કે ઘણે ભાગે હું એક દીવસમાં એ પ્રમાણે વીસ વખત જીયારત પડું છું.

કેટલાક બીરાદરોની એવી ખાહીશ હતી કે જીયારતોની અરબી બયાઝ આવે છે તે ગુજરાતીમાં છાપવી, પણ તેમાં કેટલીક અડચણો જોવામાં આવી, જેમકે ગુજરાતીમાં શુદ્ધ લખવું મુશકીલ, અને અમોએ શુદ્ધ લખવાનો કાયદો બનાવ્યો છે તે કાયદા મુજબ લખીયે પણ તે વાંચવું મુશકીલ અને કુરઆને શરીફની જેમ તાલીમ લીએ છે અને મખરજ વીગેરે યાદ કરે છે તેમ આને સર્વે જણ યાદ ન કરે, એતો જીયારત કરવા જાય તે વખતે કીતાબ સાથે લેતા જાય. અને જેમ મુતવલ્લી પડાવે છે અને કેટલાંક બરાબર સમજ્યા વીના ગોટા વાળે છે તેમ એ કીતાબમાં પણ ગોટા વાળે તો એકનું એકજ થયું, વીગેરે કારણથી ટુંકમાં સહીહ પડાય એવી. રીત ઉપર લખીછે.

ખુદાના ફઝલોકરમથી આપણામાં દીનબદીન મદરેસા થતા જાય છે તેથી બચ્ચાઓ ઊરદુ ફારસી કુરઆન સીખતા જાય છે તો તેઓ માટે ગુજરાતીમાં લખવાની જરૂરત નથી. જેઓ કુરઆન પડેલા નથી તેઓને માટે જરા અડચણ છે, પણ પચ્ચીસ ત્રીસ વરસ પછી તો ઇન્શાઅલ્લાહ કોઇકજ એવું દેખાશે કે કુરઆન પડેલ નહીં હોય, બલકે હાલ જેમ કુરઆન પડેલાની અછત છે તેમ તે વખતે ઇ૦ ન પડેલાની અછત થશે.

કરબલાની અમારી ત્રીજી મુસાફરીનો અહવાલ.

આ હાલ લખવાથી રસ્તાની કેફીયત માલુમ પડી આવશે, અને કેટલીક બાબતોની ખબર પડશે.

અમદાવાદથી તા૦ ૬ ઠ્ઠી રબીઉલ અવ્વલ સન ૧૩૨૩ હી૦ જુમ્માના રેલમાં રવાના થયા અને શનીવારના સવારે મુંબઇ પહોંચ્યા, હવે કેટલીએક બાબતો એ જાહેર કરવાની છે કે લોકો ઝીયારત માટે જાય છે, પણ કેટલીક ખાસ ધ્યાનમાં રાખવાની બાબત કહેતા નથી અને તેને નજીવી સમજે છે, જેમકે કહે છે કે કરાંચીમાં ઇસ્ટીમર ઉપરથી ઉતરીને કયારેનટીનમાં લઇ જઇ કપડા ઉતરાવીને કપડાને બાફ આપે છે, પણ તેમાં ખાસ જાણવાની બાબત એ છે કે જેનાં કપડાં મેલાં ન હોય તેનાં કપડાં કરાંચીમાં કઢાવતા નથી.

મુંબાઇમાં પાસપોર્ટ લેવી પડે છે તેમાં ગરીબોને ઘણું રખડવું પડે છે અને ઝાઝા દીવસ લાગે છે, તો જે ગામથી આવે તે ગામના માજીસ્ટ્રેટ વી૦ પાસેથી લખાવીને લાવે કે અત્રેનો રહીસ છે તો ઝાઝી મેહનત પડતી નથી, અમો અમદાવાદના માજીસ્ટ્રેટ સાહેબની સહી કરાવીને ગયા તેથી ૩ દીવસમાં પાસપોર્ટ મળી તેનો રૂ ૧) લીધો, ત્યાંથી તુર્કીના એલચી પાસે જઇ તેની સહી કરાવી તેણે રૂ રા।~ લીધા, તે પછી ઇરાનના એલચી* પાસે સહી કરાવી તેણે રૂ ૪ લીધા, એ પાસપોર્ટ રસ્તામાં કામ આવે છે કે તે નહોય તો આગળ જવા દેતા નથી.

પછી બસરાની ટીકીટ રૂ ૧૭) મુજબ લીધી, સેકંડકલાસના પહેલે રૂ ૪૫) હતા, પણ હાલ રૂ ૮૬) કર્યા છે, રૂ ૫૦) સુધી સેકંડકલાસની ટીકીટ લેવાની કોશીશ કરી પણ મળી નહીં, કેમકે આગળ વગથી અરધી કીંમતે સેકંડકલાસની ટીકીટ મળતી હતી, તેથી જે હોય તે વગ પહોંચાડી રૂ ૨૨ા માં સેકંડ કલાસની ટીકીટ લેતા, અને તેથી સેકંડકલાસમાં ગરદી થતી જગો ભરાઇ જતી, અને દેશી લોક ઓરત બચ્ચાઓને લઇને સેકંડકલાસમાં બેસતા અને સફાઇ રાખવામાં તો સમજે નહીં તેથી જગ્યો બીછોના ખરાબ કરી નાંખતા વી૦ કારણથી સ્ટીમરવાળાએ વગથી અરધી કીંમતે ટીકીટ આપવાનો કાયદો બંધ કર્યો, તોપણ રૂ ૪૫) આપીને જનાર ઘણા થતા તેથી હવે રૂ ૮૬) કર્યા છે, હવે ખાસ જરૂર હોય અને મકદુર હોય તેજ સેકંડકલાસની ટીકીટ લઇ શકે એવું થયું છે.

ઇસ્ટીમર ઉપર ચડવા જાય તે માટે ફરટમની પાસ લેવી પડે છે તે પાસ મફત મળે છે, ઓફીસના ટાઇમ પ્રમાણે જવાથી કલાક અરધી કલાકમાં મળી જાય છે.

ઇસ્ટીમર હંકારવાનો ટાઇમ જુમેરાતના ૧૦ કલાકે હતો, પણ કેટલાંક બીરાદરોએ કહ્યું બાર વાગે બેસવા જાય છે બે વાગે ડાકટર પાસ કરીને બેસારે છે, અને જુમ્માને

* ખુરાસાન જવું હોય તોજ ફી ભરીને ઇરાનના એલચીની સહી લેવાનું જરૂર છે.

દીવસે વીલાયતનો મેલ આવવા પછી રવાના થાય છે, પણ ઢીલ અને આળસ કરવાની મને આદત નથી મેં કહ્યું ભલે બંદર ઉપર બેસી રહેવું પડે હું તો ૮ વાગે જઇશ, આખર તા૦ ૧૨ ને જુમેરાતના સવારે ૮ વાગે બંદર ઉપર ગયા, ત્યાં પાસંજરો આવી ગયા હતા ડાકટરની તપાસ થવાની તૈયારી હતી ત્યાં અમો પહોંચ્યા, મેલા કપડાવાળાના કપડા કઢાવી તપાસ્યા, બાકીના લોકેનાં કપડાં ઉંચા કરીને છાતીયો ઉપર હાથ લગાડી તપાસ કરી, હું સમજ્યો છાતી નજીસ થશે તેથી શું કરવું, અલ્લાહ અલ્લાહ કરીને ઉભો રહયો. ડાકટર સાહેબ આવી કપડા ઉપર હાથ લગાડી ચાલતા થયા, છેવટે હાથ ઉપર સીપાઇએ રબરની છાપ મારીને ચડવાની રજા આપી, ઓરતોને માટે તપાસવાની જુદી જગ્યો હોય છે અને ઓરત તપાસ કરે છે.

ઇસ્ટીમર ઉપર સવારે ૯॥ કલાકે બેઠા, ૧૦ કલાકે સ્ટીમર રવાના થઇ તે તા૦ ૧૪ ને શનીવારે સવારના ૮ વાગે કરાંચી પહોંચ્યા.

કરાંચીમાં ૧૧ કલાકે હોડામાં બેસારીને કરનટીનની જગ્યોમાં લઇ ગયા ૧ કલાકે ત્યાં પહોંચ્યા, જેઓનાં મેલાં કપડાં હતાં તેઓનાં ઉતરાવ્યાં તે કપડાં તથા સરવે જણુંના બીછાનાને બાફ આપી સરવેના હાથ ઉપર છાપ મારી પાછા મોકલ્યા, કીનારે ખાવા પીવાની કોઇ ચીજ મળી નહીં ફકત ચાય વેચવાવાળો કેટલી ભરીને બેઠો હતો, પાણીના નળ છે.

બે કલાકે હોડામાં બેસાર્યો સાંજના ચાર પાંચ કલાકે ઇસ્ટીમર ઉપર પહોંચ્યા, જાતી અને આવતી વખતે હોડામાં તડકામાં બેસવું પડયું તેથી તમામ જણુ સખત હયરાન થયા કયામતનું મેદાન નજરે પડયું, કેટલાંક પાસે છતરી હતી તેઓને જરા રાહત મળી સવારના ભુખ્યા ઘણાએ નાસ્તો પણ કરેલ નહીં સાંજના ખાવા પામ્યા.

વીલાયતનો મેલ લઇને બીજી સ્ટીમર જુમ્માના ઉપડીને શનીવારે સાંજના ૮ કલાકે કરાંચી આવનાર હતી પણ તે રાતના ૩ કલાકે આવી તેથી રવીવારે તા૦ ૧૫ સવારના ૬ કલાકે ઇસ્ટીમર રવાના થઇ તે તા૦ ૧૬ સોમવારના સાંજના ૪ વાગે મસકત પહોંચ્યા, મસકતથી મસકતવાળા શેઠ જાફરભાઇ ગુલામઅલી ઇસમાઇલ વી૦ કેટલાક મોમીન મરદ અને ઓરતો બેઠાં, તેમાં મકલાવાળા રાહેનજાતને ચાહનાર મોહીબ્બે અહલેબૈતે અતહાર શેઠ અબદલાભાઇ ગુલામહુસેન પણ હતા, અબદલાભાઇ ઘણાજ માયાળુ અને મોહબ્બતવાળા અને લાયક છે.

મસકતથી તેજ દીવસે સાંજના ૬ કલાકે ઇસ્ટીમર રવાના થઇ તે તા૦ ૧૮ ને બુધવારના બે કલાકે અબુશેહર પહોંચ્યા, કેટલાંક અસરાવાળાઓને બીજી ઇસ્ટીમર હાજર હતી તેમાં બેસવા કપતાને કહ્યું પણ કોઇ ઉતર્યું નહીં તેથી કુવેટવાળા લોકોને ઉતારી દીધા કે ત્યાં ઇસ્ટીમર ઠેહરશે નહીં અને તેજ દીવસે સાંજના ૬ કલાકે અબુશેહરથી ઇસ્ટીમર રવાના થઇ.

તા૦ ૧૯ ને જુમેરાતના દીવસે ૧૦ કલાકે ફાઊ પહોંચી અને ત્યાંથી પોસ્ટ આપીને રવાના થઇ તે બાર વાગે મહમરા પહોંચી ત્યાંથી એક વાગે રવાના થઇ તે ત્રણ વાગે બસરે પહોંચી.

બસરામાં પાંચ દીવસની કરનટીન છે, ચાર વાગે હોડા આવ્યા તેમાં બેસારીને કરનટીનમાં લઇ ગયા, ત્યાં સરવેને લુંગી પહેરાવી કપડાં તથા બીછાનાં અને પેટીમાંના મેલાં કપડાં કઢાવીને બાફ આપ્યો દરેક જણુ પાસેથી બે મજીદી લીધી, મજીદી ૨ રા૦ ની થાય છે તે અમોએ મુંબઇથી ૨ રા॥ લેખે લીધી હતી, જેઓ પાસે મજીદી ન હતી તેઓ પાસેથી ૨ ાા લીધા, અને ગરીબો પાસેથી

કાંઇ પણ લીધું નહીં, અને અમો જે ઇસ્ટીમરમાંથી ઉતરીયા તેમાંના જુજ જણાએ પૈસા આપ્યા, બાકી મોટો ભાગ ગરીબ કહીને છુટી ગયો, લોકોએ પોતાંના લોકોને ગરીબોમાં દાખલ કરીને કાંઇ આપ્યું નહીં, પછી છાપરામાં ઉતારો આપ્યો કેટલાંક મકાન પણ છે, પણ જેઓ જોરાવર અને વધારે માણુસવાળા તેઓ ઉમદા મકાનમાં રહયા, અને જેઓ થોડા અને કમસુખન તેઓ છાપરામાં રહયા,

કરનટીનમાં ફકત એકજ દુકાન છે તે ડબ્બલ ભાવ લઇને ખાવા પીવાની ચીજ વેચે છે.

તા૦ ૨૪ ને મંગળવારના ૩ વાગે કરનટીનના પાંચ દીવસ પુરા થયા, તે વખતે સર્વે જણ હોડી ભાડે કરીને બસરામા અલી મકામમાં નદીને કીનારે મકાન ભાડે લઇને ઉતર્યા, અને અમો તથા મસકતવાળા ખોજાઓને ઉતરવા જે મકાન વકફ છે ત્યાં જઇને ઉતર્યા

અલી મકામથી બસરા બે માઇલ છેટે છે, ત્યાં ઘોડાગાડી તેમજ હોડીયુ જાય છે, જેને ગામ જોવાની મરજી હોય તે જાય છે, અને અલી મકામમાં કોટડીઉ ભાડે મળે છે હમેશનો રૂ ૧ થી રૂ૨ સુધી કોટડી મળે છે, તેમાં ૧૦ થી ૨૦ જણ રહી શકે છે; હાલ થોડા મહીના થયા કછવાળા શેઠ અલારખ્યા નાનજી તરફથી એક મકાન આશરે પંદર હજાર રૂપીયાનું વેચાતુ લઇને **ખોજા ઝવ્વાર** માટે વકફ કરેલ છે. તેમાં નીચે રસોડાં, બે કોટડી તથા ઉપર ૪ કોટડી અને અગાસી છે, મસકતી ખોજા ઉપરની મેડી ઉપર ઉતર્યા, અમો નીચેના ભાગમાં ઉતર્યા, અગરચે વકફ જગ્યામાં સર્વેનો હક સરખો છે, મગુ ખૈર.

અમો મુંબાઇથી ઇસ્ટીમરમાં બેઠા તે વખતે લખનઉના મોઅમીનો મરદ ઓરત મળીને આશરે ચાલીસ જણ હતાં, અને મોટી ઇસ્ટીમરમાં તેમજ કરનટીનમાં અલીમકામમાં અને નાની ઇસ્ટીમરમાં મજલીસો થતી હતી અને આ નાચીજને પડવાનો સવાબ મળતો હતો.

બસરાથી ઇંગ્રેજી ઇસ્ટીમર ૪ દીવસમાં **બગદાદ** પહોંચે છે, અને સુલતાની ઇસ્ટીમર ૮ દીવસે પહોંચે છે, અમારી સાથવાળા લખનઊવાળા સુલતાની ઇસ્ટીમરમાં બેઠા, તેથી અમો પણ તેઓની સાથે બેઠા કેમકે રસ્તાની મોહબ્બત અને સથવારો ઘણો સારો, તા૦૨૭ ને જુમ્માનાં સ્ટીમર રવાનાં થઇ.*

રસ્તામાં ઘણાં ગામ આવ્યાં કોઇ દીવસમાં બે કોઇ દીવસ એક જેનાં નામ તરતીબ વાર નીચે મુજબ.

બસરાથી કુરના પછી **ઊઝૈર**, ત્યાં હઝરત ઉઝૈર પયગમ્બરનો રોઝો છે, ત્યા અમો ઝીયારત માટે રોઝામાં ગયા હતા, યહુદીઓ હ૦ ઓઝૈર અ૦ ને માને છે અને ખુદાનો દીકરો કહે છે તેઓની ઝીયારત માટે આશરે એક હજાર યહુદીયો મરદ ઓરત ત્યાં આવેલાં હતાં, પછી **જલઆસાલેહ**, પછી **અમારાહ**, પછી **કુમેત**, પછી **અલીશરકી**, પછી **અલીગરબી**, પછી **શેખસઅદ**, પછી **કુત**, પછી **બુગેલા** પછી અગીઝીવાહ, પછી **સુવૈરા**, પછી તા૦ ૪ થી રબીઉલ આખરના હઝરતે સલમાને ફારસીનો રોઝો અને નવશેરવાને આદીલનું મકાન જેને તાકે કીસરા કહે છે તે આવ્યું, પણ ત્યાં સ્ટીમર ઉભી રહેતી નથી, કપતાનને રૂ૧૦૦) આપે તો ઉભી રાખે છે, પણ એટલા રૂપીયા થયા નહીં.

તા૦ ૬ ઠી રબીઉલ આખરને શનીવારે સવારના ૮ વાગે **બગદાદ** પહોંચ્યા, જાણવું જોઇએ કે બસરાથી બગદાદ સુધી સ્ટીમર મીઠા

---

* બસરાથી બગદાદ સુલતાની ઇસ્ટીમરનો નોર થડ કલાસના રૂ૭ અને ઇંગરેજીના રૂ૮) લીએ છે સેકંડ કલાસના રૂ૨૦) લીએ છે.

પાણીની નદીમાં ચાલે છે અને તેથી સ્ટીમરને ઘણુંજ આડું અવળું ફરવું પડે છે અને પાસીનજરોને બન્ને તરફના કીનારા ઉપરનાં ઝુપડાં વી૦ જોવાની ઘણી મઝા પડે છે.

બગદાદથી હજરત કાઝેમૈન અ૦ તરામવેમાં બેસીને આવ્યા.

બસરાથી બગદાદ અમો આઠ દીવસે પહોંચ્યા, અને મસકતી વી૦ અમારી પાછળ એક દીવસે ઇંગરેજી ઇસ્ટીમરમાં રવાના થયા તે અમારી પેહલે બે દીવસ (પાંચ દીવસમાં) બગદાદ પહોંચ્યા હતા, તેઓમાંના કેટલાક સાહેબો ખુરાસાન જનાર હતા, અને તે તરફની મુસાફરીનો વખત તંગ અને છેલ્લો હતો તેથી તેઓ કરબલા જાવા તઇયાર થયા અમો પણ એકજ રાત કાઝમૈનમાં રહીને તેઓ સાથે રવીવાર તા૦ ૭ ના સાંજના બે વાગે ચાર ઘોડાની ગાડીમાં બેસીને રવાના થયા§ તે તા૦ ૮ મીને સોમવારના સવારના ૮ વાગે કરબલાએ મોઅલ્લા પહોંચ્યા, ત્યાં બે રાત રહી તા૦ ૧૦ મીને બુધવારના સાંજના ત્રણ વાગે ચાર ઘોડાની ગાડીમાં બેસીને નજફે અશરફ રવાના થયા* તે તા૦ ૧૧ મીને જુમેરાતના સવારના ૮ વાગે નજફે અશરફ પહોંચ્યા, કરબલામાં મને તાવ આવ્યો હતો તેજ હાલતમાં હું રવાના થએલ તેથી તાવમાં વધારો થયો એટલે સુધી કે હકીમને બોલાવી તેની દવા કરવી પડી અને બીમારીની હાલતમાં ઝીયારત માટે હમેશા મુશ્કીલથી એકાદ બે વખત જવાનું બનતું હતું મસકતી લોક બે રાત રહીને કરબલા ચાલ્યા ગયા અને મુંબઇવાળા ખોજા બાબુલભાઈ માણેક સ્ટીમરમાંજ અમારી સાથે થીએલા તેઓ અમારી સાથે હતા તેઓ માયાળુ અને હસમુખા હોવાથી વખત સારી રીતે પસાર થયો હતો તેઓ અમારી મોહબત મુકી મસકતીઓ સાથે ગયા નહીં પછી ત્રણ ચાર દીવસ બાદ તેઓ મુંઝાવા લાગ્યા તેથી અમે કહ્યું મારા માટે થઇ તમો રોકાઓ નહીં તેથી તેઓ કરબલાએ મોઅલ્લા રવાના થઇ ગયા તે પછી મારી તબીયત જરા સુધરવાથી હઝરતે મુસ્લીમ અ૦ વી૦ ની ઝીયારત કરવા માટે કુફે જઇ આવી§ તા૦ ૨૦ મીને શનીવારના નજફે અશરફથી સાંજના ત્રણ વાગે ચાર ઘોડાની ગાડીમાં બેસી કરબલાએ મોઅલ્લા રવાના થયા તે તા૦ ૨૧ ને રવીવારના બપોરના બાર વાગે કરબલાએ મોઅલ્લા પહોંચ્યા અને છ કલાક મોડા પહોંચવાનું એ કારણ થયું કે રસ્તામાં બીલકુલ સડક ન હોવાથી અને પાણીની રેલથી રસ્તો ખરાબ થઇ જવાથી વારંવાર ગાડીમાંથી પાસીનજરોને ઉતારી મુકતા હતા, અને કેટલીક વખત ગાડી રેતમાં ખુતી જવાથી રેતને હટાવી ગાડીને ધક્કો મારી બહાર કાઢવી પડતી હતી મજકુર ગાડીઓમાં ૮ જણને બેસારે છે અને દરેક ગાડીમાં ચાર ઘોડા અથવા કાતર જોડે છે પણ જો સડક બધાય તો ૧૬ કલાકને બદલે ૮ કલાકમાં ગાડી પહોંચી જાય અને ચાર ઘોડાને બદલે બે ઘોડા બસ થાય, અને જો રેલવે થાય તો એક કલાકમાં પહોંચાય. અને એટલું સારૂં છે કે મજકુર રસ્તામાં બે ત્રણ વખત ઘોડા બદલે છે અને દરેક જગ્યાએ ચાય રોટી વીગેરે મળી શકે છે, અને રસ્તામાં ચોર વીગેરેની વધારે બીક નથી,

§ ઘોડા ગાડીનું ભાડું કાઝમૈનથી કરબલાના એક જણના રૂ૨) છે. આખી ગાડીમાં ૮ માણસ બેસારે છે તેથી જરા સાંકડ થાય છે.

* કરબલાથી નજફના પણ રૂ ૨ લીએ છે અને જેઓને વધારે આરામ લેવો હોય તેઓ ચાર પાંચ જણ મળી આખી ગાડી કરે છે.

§ નજફથી કુફે જવા આવવાના કાતરના ત્રણ આના અને કજાવાના બે માણસનો એક રૂપીયો લીએ છે.

અને નદીઓના પુલની એવી ખુબીઓ છે કે તેના ઉપર ગાડી ચાલી શકતી નથી તેથી ગાડીવાળાઓ ડબ્બલ ગાડીઓ રાખી સામે કાંઠે બીજી ગાડીયો અને ઘોડા તય્યાર રાખે છે અને મજકુર મુસાફરીઓમાં જેમકે કરબલાએ મોઅલ્લા નઈજે અશરફ વી૦ જવું હોય તો એક જણના આશરે અઢી રૂપીયા લીયે છે.

અમો કરબલાએ મોઅલ્લા આવ્યા તે વખતે મારી તબીયત હજુ બરાબર સુધરી નહોતી અને ખુરાસાનનો છેલ્લો કાફલો ચાલ્યો ગયો હશે એમ ધારી ખુરાસાન જવાનું મવકુફ રાખી કરબલાએ મોઅલ્લામાં દસ, પંદર દીવસ રહીને વતન પાછા આવવાનુ નક્કી કર્યું પણ તેજ દીવસે જંગબારવાળા શેઠ હાજી હસનભાઇ વીરજી અમારી મુલાકાતે આવ્યા તે વખતે કહ્યું કે ખુરાસાનનો કાફલો હજી ગયો નથી અને આવતી કાલે મ્હારે બાલબચ્ચા સહીત કાઝમેન અ૦ જવું છે અને ગાડી ભાડે કરી રાખી છે માટે જો ચાલવું હોય તો ચાલો મજકુર વાત સાંભળીને અમો બીજે દીવસે તા૦ ૨૨ સોમવારના સાંજના ચાર વાગે તેઓ સાથે ગાડીમાં બેસી રવાના થઇ ગયા અને રાતના ગાડીમાં મને તાવ આવી ગયો અને સવારના મંગળવાળના દીવસે ૮ વાગે કાઝમેન અ૦ પહોંચ્યા ત્યાં જોયું કે ખુરાસાનનો કાફલો તય્યાર છે અને બીજે દીવસે જનાર છે તો એક રાતમાં રસ્તાનો સામાન તૈયાર કરવો તેતો જેમતેમ કરીને બની શકે પણ તબીયત બગડી ગએલી તેથી તેમજ પાછા આવતી વખતે તે તરફની સખત સરદી સહન થઇ ન શકે એવા કારણથી ખુરાસાન જવાનો વીચાર મોકુફ રાખી બીજે દીવસે તા૦ ૨૪ ને બુધવારના સામરા અ૦ અમો તથા મજકુર હાજી હસનભાઇ રવાના થયા* તા૦ ૨૫ ને જુમેરાતના સવારના ૮ વાગે પહોંચ્યા અને મુંબઇવાળા બાબુલભાઇ માણેક સામરા અ૦ આવ્યા નહીં અને મજકુર હાજી હસનભાઇ તેજ વખતે ઝીયારત પડીને પાછા કાઝમેન અ૦ રવાના થઇ ગયા. અને અમો બે રાત રહીને તા૦ ૨૭ ને શનીવારના સામરા અ૦થી સાંજના ૪ વાગે રવાના થયા તે રવીવારના સવારના કાઝમેન અ૦ પહોંચ્યા અને ત્યાંથી તા૦ ૨૯ મીને સોમવારના ઇંગ્રેજી સ્ટીમર, મજીદીમાં બેસવા ગયા તે તા૦ ૩૦ મીને મંગળવારના સવારે સ્ટીમર રવાના થઇ તે જમાદીઉલ અવલની તા૦ ૨ જીને જુમેરાતના બસરે પહોંચી, બસરામાં કચ્છ મુંદરાવાળા મરહુમ ખોજા અલારખીયાભાઇ નાનજીના મુસાફરખાનામાં ઉતર્યા.

મજકુર હાજી હસનભાઇ પણ અમારી સાથે હતા એ સાહેબને જંગબારથી મરહુમ ખોજા હાજી નાસરભાઇ નુરમોહમ્મદના ટરટીઓએ કરબલાએ મોઅલ્લામાં ખોજા ઝવ્વારો માટે એક મુસાફરખાનું બનાવા માટે મોકલ્યા હતા તેઓ આશરે ૫ મહીના રહીને ત્રણ મકાનો વેચાતી લઇ તેમાં ઘટનો ફેરફાર કરી ઘણુંજ આલીશાન મકાન બનાવ્યું છે જે અમોએ તમામ મકાન જોયું છે એ મકાનમાં ચૌદ આકાઇનો સારી રીતે સમાસ થાય એવી ગોઠવણ કરેલી છે અને ગરમીના દીવસો માટે ત્રણ સરદાબ બનાવ્યા છે, અને ચોકમાં બાંકડા અને ઝાડનાં કુડાં ગોઠવેલાં છે એ મકાનમાં ત્રણ હોઝને એક નાનો હમામ અને સાત જાજરૂ છે વી૦ મારી સમજ મુજબ કોઇ જાતની એ મકાનમાં ખામી નથી અને એ મકાનમાં આશરે રૂપીયા અઢાર હજાર ખરચ થયો છે એ મકાન શીવાય કરબલાએ મોઅલ્લામાં બે વરસ થયાં મુંદરાવાળા મરહુમ ખોજા અલારખીયાભાઇ નાનજી તરફથી પણ એક મુસાફરખાનું બનાવવામાં આવેલ છે જેમાં

* કાઝેમૈનથી સામરાના જવા આવવાનું ગાડી ભાડું એક જણનું રૂ ૫) બેસે છે.

અમો ઉતર્યા હતા કેમકે ઉપર લખેલું મુસાફર ખાનુ ખુલ્લુ મુકવામાં આવ્યું નહતું પણ અમો નજફ ગયા તે પછી ખુલ્લુ મુકવામાં આવ્યું ખુદાએ તઆલા મજકુર મરહુમોને સવાબે અઝીમ અતા કરે અને એજ પ્રમાણે નજફે અશરફ તથા કાઝમેન વ. માં મુસાફરખાના ની ખોટ છે તે પુરી પાડવાની સખી અહ્કરયોને ખુદા હીંમત આપે.

કરબલાએ મોઅલ્લા અને નજફે અશરફ વી૦ માં ઇમામો દફન છે અને તે ઇસ્લામીયો ની ઝીયારતોની જગ્યો છે, ઇમામોના રોઝાની તારીફ લખવાની મારી કલમમાં તાકત નથી. એવા ઉમદા રોઝા અને અંદર કાચનું એવું તો નકસીવાળુ કામ કરેલું છે કે જેની હદ નથી, અને ઉપરના મોહટા મોહટા ગુંબદ અને અઝાન વી૦ ના મીનારા તમામ સોનાની પતરી જડેલા છે, મતલબ એ કે એવી ઉમદા કારીગરી અને ખુશનુમા બનાવટ વી૦ નો દાખલો આપવા પણ હીંદુસ્તાનમાં કોઇ ઇમારત કે કોઇ અવલીયાની દરગા નથી.

હવે ખાસ બાબત એ જાણવાની છે કે હજારો નહીં પણ લાખો માણુસ ઇરાન અને હીંદુસ્થાન વી૦ વી૦ દેશથી ઝીયારત કરવા જાય છે અને બાર મહીનામાં કોઇ એવો દીવસ નહીં હોય કે બહારગામનો મુસાફર ત્યાં ન હોય, અને જયારે ઝીયારતના ખાસ ખાસ દીવસો આવે છે ત્યારે તો એટલી સંખ્યા થાય છે કે કબર અતરાફની જરી સુંઘવી બારે મુસકીલ થઇ પડે છે અને બે ચાર કલાકે માંડ ઝરીહ પાસે પહોંચી શકાય છે અને ત્યાં ન વાજાં છે ન ગાજાં છે, ન નાચ છે ન ગાયન છે, ન જુગાર છે ન રમકડાં છે, મતલબ એ કે હીંદુસ્તાનમાં ઓલીયાનો ઓરસ ભરાય છે અને તે વખતે જે હજારો જાતનાં નાજાએઝ કામો અવલીયાની રૂહને નારાજ કરનાર થાય છે તેમાંની કોઇ પણ બાબત ત્યાં થતી નથી, ત્યાં પાંચ વખતની નમાઝ જમાતથી થાય છે ઘણા લોકો હોવાથી કેટલાક પેશનમાઝ નમાઝ પડાવે છે ઓરતો બુરકા ઓઢીને જમાતની નમાઝ પડવા આવે છે જમાઅતની નમાઝ તમામ થઇ કે વાએઝો અને ઝાકીરો ઉભા થઇને વ.એઝ નસીહત મસાએલ વી૦ બયાન કરીને એ ઈમામો ઉપર ગુજરેલા ઝુલમ અને મુસીબતનું બયાન કરે છે તેથી ચારે તરફ રોવાનો, શોરબકોર મચી જાય છે, નમાઝોના વખત સીવાય પણ લોકો રોઝામાં જઇને ઝીયારત અને દોઆ પડે છે. કેટલાક કુરઆન પડે છે, રોઝાની બાહેર સહનમાં સાંજના તાલીબે ઇલમો ભેગા થઇ કીતાબો હાથમાં લઇ ઇલમે દીનની બાબતોનો વાદવિવાદ કરે છે. અને કેટલાક મદરેસાઓ છે કે અલેફ બેથી તે મુજતહેદ થાય ત્યાં સુધીનું ઇલમ શીખવાડવામાં આવે છે આલીમોને ખુમસ જકાત વી૦ ના પૈસા આવે છે તેમાંથી તાલીબે ઇલમો વી૦ ની મદદ કરે છે, ઇરાન અને હીંદુસ્તાન વી૦ થી હજારો રૂપીયા દર મહીને આવે છે.

હીંદુસ્તાનથી આવતી મદદના ભાગ પાડી કેટલાક મુજતહેદોને મુકરરર કરીને દરેકને દર મહીને પાંચસો રૂપીયા મળે છે તેઓ હકદારોને આપે છે, પણ દુન્યાનો અજબ હાલ છે કે જે હકદાર ન હોય તેને ન મળે તો તે હસદ અને ખાર કરી એવા આલીમો ઉપર તોહમત મુકે છે કે આટલીબધી રકમ કયાં નાંખે છે જેમકે આ વખતે મેં કરબલામાં સાંભળ્યું કે જનાબે શેખ ઝયનુલ આબેદીન સાહેબ મરહુમ અઅલલ્લાહો મકામોહુના ફરઝંદ જનાબ નાએબે ઇમામ હાજી શેખ મોહમ્મદહુસેનસાહેબ દામઝીલ્લહુલ આલીએ તથા લખનવીવાળા મુજતહેદ જનાબ કલબે બાકેરસાહેબ દામઝીલ્લહુલ આલી (જેઓ હાલ કરબલામાં છે) એ બે સાહેબને દર મહીને પાંચ પાંચસો રૂપીયા મજકુર બા-

વાતના મળતા હતા તેઓએ લેવા મવકુફ કર્યા. મેં તેનુ કારણ પુછયું તો કહ્યું કે લોકોની નજરમાં એ બાબત આવે કે ઓહો દરમહીને પાંચસો રૂપીઆ આવે છે, પણ તે લેવા માટે આશરે દોઢ બે હજાર જણ જાય તે ઉપર ધ્યાન કરે નહીં, તો એ રકમમાંથી એટલી સંખ્યાને જણ દીઠ દસ બાર આના આવે, તેમાં કેટલાંને ગેર મુસ્તહક સમજીને ન આપે તે મઝમ્મત કરે તેથી એ સાહેબોએ કંટાળીને એ રકમો લેવી બંધ કરી.

આ મવકા ઉપર લખવાનું કે હીંદુસ્તાનમાં જે પીર અને અવલીયાની દરગાહો ઉપર ઉર્સ થાય છે, અને કેટલેક ઠેકાણે ગેરસ્તો રાસડા અને મરદો ડાંડીયારા રમે છે, કેટલેક ઠેકાણે નાચ અને ગાયન અને જુગાર રમાય છે, ચકડોળ ઉપર બેસાય છે, ઉપરાંત જે કામો થાય છે તે જાણનાર જાણે છે, તો વીચારો કે તેથી પીર કે અવલીયાની રૂહને કેટલો સદમો પહોંચતો હશે ? એ અવલીયાની રૂહને રાજી રાખવી હોય તો તેઓની કબર પાસે કુરઆન પડવું, અને જેઓ કુરઆન પડેલા ન હોય તેઓએ દોરદ પડવું મજલીસો કરવી, ફાતેહા પડવા અને નમાઝ પડવી. ગરીબો ફકીરોને જમાડવા કપડાં આપવાં કે જેથી અવલીયાહની રૂહ ખુશ થાય. અને આપણુને પણ અઝીમ સવાબ મળે.

કરબલા વી૦ જઇએ તો ઝીયારત પડાવનારા મુતવલ્લી દરેક કોમના ઘણે ભાગે જુદા જુદા છે, એ લોકો ઝવ્વારોની ખીદમત કરેછે, સામા ઉતારવા આવે છે, હમેશાં ત્રણ વખત ઝીયારત પડાવા આવે છે, રહેવા માટે ઘર આપે છે, અને એક બે ટંક જમાડે છે, તો એટલી ખીદમત કરે તો અલબત્તા ઉમ્મેદ પણ રાખે, અને તેઓનો તેજ ધંધો છે, અને દરેક ઝવ્વાર પોતપોતાની મકદુર મુજબ આપે છે, અને તેઓ પણ જુવે છે જો અમીર હોય તો વધારે લેવાની ઇચ્છા કરે છે, અને ગરીબ હોય તો જુજ ઉપર રાજી થઇ જાય છે.

કેટલાંકનું કહેવું એમ છે કે મુતવલ્લી લોક જુલમ કરે છે અને સાંત્રાળા મજુરો તેમજ ભાડાવાળાં વી૦ લુંટે છે પણ એ ભુલેછે, હીંદુસ્તાનની મુસાફરી જેઓ કરે છે તેઓને ખબર હશે કે ગાડીવાળા તથા હમ્માલ લોકો કેવું દુઃખ આપે છે અને કેવો ગરજ વર્તેછે, ટીકીટ લેતી વખતે તેમજ ટરેનમાં બેસતી વખતે શું શું મુસીબત ખમવી પડે છે, અને ઇસ્ટેશન ઉપર ચોરીણુ વી૦ તપાસનાર અને ગામના દરવાજા ઉપર દાણુ લેનાર સામાન તપાસે છે તે વખતે કેવો હાલ થાયછે અને કેટલીક બાબતોમાં નાહક પૈસા કાઢવા પડે છે તેવી કાંઇ વધારે તકલીફ ત્યાંની નથી, અને અમોએ પહેલા ભાગમાં કરનટીનની મુસીબત લખી છે તેવો હાકીમનો કાયદો છે. અતરે પણ મરકીની શરૂઆતમાં કરનટીનની જે મુસીબત હતી અને લોકોને જે સખતી અને હેરાની હતી તેથી વધારે એ મુસીબત પણ નથી.

કેટલાક કહે છે કે કાઝમૈનના મુતવલ્લી વધારે લોભી છે, પણ તેમાં ભેદ છે કે તમામ મુતવલ્લીયો કરતાં કાઝમૈનના મુતવલ્લીને ઘણી તકલીફ પડે છે. તેઓ ઇસ્ટીમર ઉપર સામે આવે રાતના ઉજાગરા કરે આવવા જવાના ખરચ કરે, અને પોતાને ત્યાં ઉતારો આપે, ઝવ્વારો કરબલા નજફ વી૦ જઇને આવે ત્યાં સુધી સામાન સાચવે મકાન રોકાય, પાછા ઇસ્ટીમર ઉપર ચડતી વખતે પહોંચાડવા આવે, વી૦ બીજાઓ કરતાં બમણી ત્રણ ગણી તકલીફ લીએ છે, અને ઝવ્વારો બીજાને આપે તેટલું તેને પણ આપે તેથી તેઓ કેવી રીતે રાજી થાય !

હાંસલકલામ અમો જમાદીઉલ અવ્વલની બીજી તારીખે બસરે પહોંચ્યા, તે વખતે ગર્મી

જાકુરે હાજી હસનભાઇ તથા કેટલાક હાંદુસ્તાની સાથે હતા, તેમાંના કેટલાક જાણુ જતી વખતે સાથે હતા તેઓ પણ હતા, અને જતી વખત જનાબ મોલવી મોહમ્મદઅમીન સાહેબ સાથે હતા અને તેઓ પણ ખુરાસાન જનાર હતા અને અમારીજ સાથે જવાનું નક્કી હતું પણ તે સાહેબ પણ કરબલામાં સખત બીમાર થવાથી અમારી સાથે પાછા આવ્યા, તા૦ ૪ ને શનીવારે બસરાથી કરાંચીની ૨૧૫) આપીને ટીકીટ લીધી, અને જે ઈસ્ટીમરમાં અમો ગયા હતા તેજ ઈસ્ટીમર "ડમરા" હતી, તા૦ ૫—મીને રવીવારના સવારે ઇસ્ટીમર રવાના થઇ તે અબુશેહર અને મસકત બબે કલાક રોકાઇને તા૦ ૯ મીને જુમેરાતના (પાંચમે દીવસે) કરાંચી પહોંચી, ત્યાં હાજી હસનભાઇને ઉતારવા માટે શેઠ નાસરભાઇ લુતુફઅલીભાઇ આવ્યા હતા, અમોએ કાગળકે તારથી ખબર ન આપેલી તેથી ઠપકો આપ્યો, અને અમો સર્વેને ઘણીજ આસાનીથી સારી રીતે ગામમાં લઇ જઇને "શેઠ દાદુભાઇ ચાગલા"ના મુસાફરખાનામાં ઉતારો આપ્યો, અને ઘણી ખાતરદારી અને મહેમાન નવાઝી કરી. તેમજ શેઠ નુરમોહમ્મદભાઇ હાશમે અને શેઠ હાજી ચાવરભાઇ થારયાણીના ફરઝંદોએ સારી મેહમાનદારી કરી, અને બીજા સાહેબો જેમકે શેઠ ગુલામઅલીભાઈ ગુલામહુસેન ચાગલા અને શેઠ નુરમોહમ્મદભાઇ લાલનભાઇ વી૦ ઘણીજ મોહબ્બતથી પેશ આવ્યા.

કરાંચીથી બીજે દીવસે અમદાવાદ આવવું હતું પણ કરાંચીના બીરાદરોએ બહુજ આગ્રહ કરી રોકયા અને હમેશાં રાતના મજલીસો કરતા અને આ ખાકસારને પઢાવતા બે ત્રણ દીવસ પછી રવાના થવા કહ્યું તોપણ બીરાદરોએ આવવા આપ્યા નહીં, અને ઇસ્ટીમરમાં મસકતથી કરાંચી સુધી અને ફેર ઉલટી વી૦ આવવાથી અને આગલી બીમારીની અસરથી તબીયત બગડી ગએલી તેથી મજલીસમાં પડવાનુ બરાબર બનતું નહતું તેમ કીતાબો પણ સાથે નહતી તોપણ સાત દીવસ રહયા અને હમેશાં જબાની પડવાનુ થયું.

કરાંચીમાં એક મ્હોટો આલીશાન મદરેસો છે તેમાં ઉરદુ ફારસી સીંધી અને ઇંગરેજી સીખવે છે, એ મદરેસામાં ઇસલામી તાલીએ ઇલમો માટે ઘણીજ સારી સગવડ છે, શીઆહ અને સુન્નત જમાત બન્ને માટે જુદી જુદી સામસામી બે મસજીદ છે શીઆહ તાલીએ ઇલ્મોને શીઆહ મોલવી, અને સુન્નત જમાત માટે સુન્નત જમાતના મોલવી છે, તેઓ નમાઝને વખતે જમાઅતની નમાઝ પડાવે છે અને આઠ દીવસમાં બે વખત એક એક કલાક મઝહબી મસાએલની પણ તાલીમ આપે છે, શેઠ નાસરભાઇ લુતફઅલી એ મદરેસો બતાવા અમોને લઇ ગયા હતા, કેટલીક કલાસના બન્ને મઝહબવાળા તાલીબે ઇલ્મોમાંના કોઇ કોઇનું ટુંક ઇમતેહાન લીધું, શીઆહ તાલીબે ઇલ્મોને પુછયુ પંજેતનેપાક અ૦ આપસમાં શું સગા થાય છે? તો કોઇએ જવાબ આપ્યો નહીં, પણ એક વોહરાના છોકરાએ જેવો તેવો જવાબ આપ્યો, સુન્નત જમાતના તાલીબે ઈલ્મો પાસે કીતાબના પાઠ વંચાવ્યાં, તે સારી રીતે વાંચી ગયા, પણ કઠણ શબ્દોના અર્થ પુછતાં બરાબર જવાબ આપ્યો નહીં.

કરાંચીમાં આપણા લોકો માટે ખાસ જુદોજ ઇલમેદીન શીખવવાનો મદરેસો હોવો જરૂર છે, જે વિશે ત્યાંના શેઠીયા અને મોટેરાંઓને અરજ કરી છે, અને ત્યાં કાંઇ બારગામની મદદની જરૂર નથી ખુદાની મેહરબાનીથી ત્યાં વાળા બાહેર મદદ કરે એવા છે, અને કેટલાંક ફંડ એવાં છે કે તેના ટ્રસ્ટી સાહેબો એ ફંડમાંથી મદરેસો પણ કરે તો શરા મુજબ કાંઇ પણ હરકત નથી બલકે શરાવીરૂધ પૈસો

ખરચ થવાને બદલે શરા મુજબ ખુદા અને રસુલની ખુશનુદીના કામમાં વપરાય અને મરનારની રૂહને સવાબ પણ મળે, અને તેની વસીયત અને વીલમાં પણ વાંધો ન આવે એવા પણ રસ્તા છે, જેમકે મરહુમ શેઠ ગુલામહુસેન ખાલેક દીનાનું આશરે ત્રણ લાખ રૂપીયાનું ફંડ છે તેમાંથી મદરેસો થઇ શકે એવો રસ્તો છે.

કરાંચીમાં આપણા બીરાદરો તરફથી ખોજા ગરીબો માટે ફંડ, યતીમ ફંડ, કન્યાશાળા કન્યા મદરેસો. દવાખાનું, શેઠ જાફરભાઈ ફદુ હોસપીતલ અને શેઠ વાગલાભાઇ દાતુનું મોહદુ મુસાફરખાનુ, બે ઈમામ વાડા વી૦ છે, કન્યા મદરેસામાં એક સુન્નત જમાત બાઇ કુરાન પડાવે છે, તેમાં સુધારો કરીને શીઆહ મઝહબ મુજબ કુરઆન કીતાબ મસાએલ વી૦ ની તાલીમ આપવી જોઇએ.

ઉપર લખેલા મુસાફરખાનામાં અમો ઉતર્યા હતા તેમાં ત્યાંના કાયદા છાપીને દરેક રૂમમાં રાખેલ છે, તે સરવે પસંદ કરવા લાયક છે. પણ તેમાં એક કાયદો બહુજ ઉમદા અને મુસાફરોને બેહદ ખુશ કરનારો છે કે રજા વીના આઠ દીવસ સુધી રહેવું, તેથી વધારે રહેવું હોય તો રજા લેવી, આ ઉપરથી જો મુંબાઇમાં મસજીદ પાસે બે ત્રણ કોટડીયો ખોજા મુસાફરને ઉતરવા છે અને ત્યાં કાયદો છે કે પહેલે રજા મેળવે પછી રૂ ૩) સામાન બગાડે નહી વી૦ની નુકસાનીના દીપાઝીટ રાખે પછી રજા મળે અને તેમાં બે ત્રણ કલાક નીકળી જાય ગાડીવાળો ઉતરીને ચાલતો થાય ઓરત બચ્ચાં તડકે ઉભાં રહી દુખી થાય તે કાયદો દુર કરી કરાંચી જેવો કાયદો રાખે તો ઘણું સારૂં.*

* સાંભળવામાં આવ્યું છે કે મરહુમ શેઠ હાજી દેવજીભાઇ જમાલ તરફથી મુંબઇમાં મુસાફરખાનું બહુજ ઉમદા અને સારૂ થયું છે સોઇ ઘણી સારી છે.

અમો કરાંચી આવવાના સમાચાર મીરપુર જવાથી મીરપુરવાળા શેઠ અબદુલ્લાહભાઇ મોલુ, શેઠ હાજી મોહમ્મદભાઇ, અને સુજાવલવાળા જનાબ મોલવી મોહમ્મદખાન મુરતઝાઇ સાહેબ ઝમીનદાર, ઝીરકાવાળા શેઠ મોહમ્મદ જાફર રેમતુલ્લા, અને રેમડી બજારવાળા શેઠ ગુલામ હૈદર મશહદી અમોને મળવા માટે પધાર્યા હતા, ફકત એક મજલીસમાં તેઓ શરીક થયા અને તેઓએ ઘણો આગ્રહ કર્યો પણ અમારી તબીયત બગડી જવાથી આજેઝી સાથે અમો માફી ચાહી અમદાવાદ આવ્યા, એ સાહેબોનો પણ એહસાન માનવામાં આવે છે.

હાંસલકલામ તબીયત વધારે બગડવાથી આઠમે દીવસે એટલે તા૦ ૧૬ મી જમાદીઉલ અવ્વલને જુમેરાતના સવારે આઠ કલાકે કરાંચીથી રેલમાં અમો તથા શેઠ હાજીહસનભાઇ વી૦ રવાના થયા તે બીજે દીવસે જુમ્માના સાંજના આઠ કલાકે અમદાવાદ આવ્યા, અત્રેના બીરાદરો તથા સાદતો અને બીજા હીંદુસ્તાની અને મોમના વી૦ સાહેબો જેવી રીતે જતી વખતે વીદા કરવા આવેલા તેવીજ રીતે ઇસ્ટેશન ઉપર આવી ઘણીજ મોહબ્બતથી મળ્યા તે વિશે એ સરવેનો સામટો એહસાન માનવામાં આવે છે.

અત્રે આવ્યા તેજ રાતથી વરસાદ શરૂ થયો અને બે દીવસમાં આશરે અઠાવીસ ઈંચ પાણી પડવાથી કેટલાક રસ્તા બંધ થઇ ગયા કેટલાંક મકાનો પડી ગયાં વી૦ કારણથી શેઠ હાજી હસનભાઇ અમદાવાદમાં જોવાની ચીજો જોઇ શકયા નહીં અને ઉતાવળ હોવાથી બે દીવસ રહી મુંબઇ રવાના થઇ ગયા.

ખુરાસાનનો રસ્તો.

જાણવું જોઇએ કે હીંદુસ્તાનથી ખુરા-

સાન જવા માટે ચાર રસ્તા છે, જે બયાન તફસીલથી "ઝાદુઝ ઝાએરીન" નામની ઊરદુ કીતાબમાં લખેલ છે, તેમાંથી ટુંક ટુંક નીચે મુજબ.

૧—થોડા ખરચનો અને દોઢ મહીનામાં ખુરાસાન જવાનો ખુશકીનો રસ્તો કાબુલથી છે તે તરફ દરયા નથી, હીંદુસ્તાનથી શાળાબાગ અને કીલ્લએઅબદુલ્લાહ સુધી રેલવે છે, ત્યાંથી પગ રસ્તો ખચ્ચર અને ઊંટનો છે કંધાર અને કંધારથી હેરાત અને હેરાતથી ખુરાસાન જવાય છે, એ રસ્તો નજીકનો છે, દોઢ મહીનામાં ખુરાસાન જવાય છે, ચાર મહીનામાં જઈને પાછું અવાય છે, પણ હીંદુસ્તાન વાળાઓ અને ખાસ કરીને શીઆહ માટે એ રસ્તે પસાર થવું બહુજ મુશકીલી અને સખત તકલીફ ભરેલું છે, માટે એ રસ્તે જવું બીલકુલ મુનાસીબ નથી.

૨—બીજો રસ્તો ખુશકીનો કુવેટાથી છે, કુવેટા સુધી રેલવે છે, અને ત્યાંથી પગ રસ્તો છે ઊંટ ઉપર જવાય છે, અઢી મહીનામાં પહોંચાય છે, પણ રસ્તો પહાડીનો અને સખત તકલીફનો છે.

૩—રસ્તો ઇસ્ટીમર અને રેલવેનો આસાનીનો છે, તે મુંબઈથી સુવેઝ સ્ટીમર બાર દીવસે પહોંચે છે, અને એક જણના આશરે રૂ ૪૦થી ૫૦ બેસે છે, સુવેઝથી પુરતા સઅદ ત્રણ ચાર દીવસે સ્ટીમર પહોંચે છે, અને મુંબઈથી પુરતા સઈદની પણ ટીકીટ મળે છે, પુરતા સઅદથી બેરૂત થઈ ઇસતમ્બોલ પંદર દીવસે ઇસ્ટીમર પહોંચે છે, અને નોરનાર ૩૫ છે, ઈસ્તમબોલથી "બાટુમ" પાંચ દીવસે ઇસ્ટીમર જાય છે અને નોર ૩૬ લીએ છે, ત્યાંથી "અહના અરઝન" સુધી રૂમી રેલવે છે, અને બે દીવસે પહોંચે છે અને ટીકીટના ૨૬ છે ત્યાંથી બાદકુબા રેલવે છ કલાકમાં જાય છે ટીકીટનો રૂ૧) છે ત્યાંથી ઈશ્કાબાદ સુધી રૂમી રેલવે છે તે આઠ કલાકમાં પહોંચે છે અને રૂ૨ા લીએ છે, અને ત્યાંથી મશહદે મુકદ્દસ (ખુરાસાન) સુધી ઇરાની ઘોડા ગાડી છે એક જણના રૂ૬ લીએ છે અને પાંચ દીવસે પહોંચાડે છે, અને રસ્તામાં ઇરાની ધર્મશાળાઓ આવે છે, આ રસ્તો સારો અને રૂ ૧૨૫ માં દોઢ મહીનામાં ખુરાસાન પહોંચાય છે

૪—ઊમદા સારો અને વખાણવા લાયક મશહુર અને ચાલુ રસ્તો કાઝેમૈન અલયહીસ્સલામથી શાહી રસ્તો છે એ રસ્તો કાતર (ખચ્ચર)ની સ્વારીનો છે, એક કાતર ઉપર બે જણ બેસી શકે છે, કાઝમૈનથી અઢી મહીને ખુરાસાન પહોંચાય છે, અને હમેશા મનઝીલ આવે છે દરેક મનઝીલમાં ઊતરાની સોય સારી છે, ખાવા પીવાની ચીજો મળે છે, અને વચમાં મોટા મોટા શહેરો આવે છે.

અને હાલ તેહરાનથી ઘોડાગાડી થવાથી આઠ દીવસમાં ખુરાસાન પહોંચે છે, તો કાઝેમૈનથી તેહરાન એક મહીનામાં, અને તેહરાનથી ખુરાસાન આઠ દીવસમાં પહોંચાય છે, કાતર ઉપર જાય તો ખરચ થોડો અને ગાડીમાં જાય તો ખરચ વધારે આવે છે, કાઝેમૈનથી ખુરાસાન જતાં આવતાં કાતરના ભાડાના બે જણના રૂ૧૫૦ લીએ છે, અને તેહરાન સુધી જવાના એક જણના રૂ૫૦ બેસે છે અને તેહરાનથી ખુરાસાન સુધી ગાડીના એક જણના રૂ૭૫ બેસે છે, તો તે હીસાબે એક જણના રૂ૨૫૦ બેસે, અને કાતરનું ભાડું જતા આવતાનું કર્યું હોય તો રૂ૭૫ ભાડાના અને રૂ૨૫) બીજા મળી રૂ૧૦૦ થાય.

ઇસ્ટીમર અને રેલના રસ્તામાં ખરાબી એ છે કે નજાસતથી બચવામાં બહુજ મુશ્કકીલી થાય છે, અને પાક અને તહારત રાખવી જેવા તેવાથી બની શકતુ નથી, તેમજ નમાઝ

પડવામાં પણ હરકત આવે છે, અને કાતરના રસ્તે અગરચે પગ રસ્તો લાંબા, દીવસનો છે પણ તહારત બહુજ સારી રીતે આસાનીથી રહી શકે, નમાઝ બરાબર પડાય, હમેશાં ઉતારા થાય, ગામગામની સૈર થાય અને ઝીયારત કરવા જવું તે ખાસ ખુદાની ખુશી માટે સવાબ મેળવવા જવાનું છે, તો રસ્તામાં તહારત ન રહે અને નમાઝ ન પડે અથવા નજાસતની હાલતમાં પડે તો તે જવું શા કામનું? નમાઝ કઝા કરવામાં કેટલા ગુનાહ છે તે મશહુર છે, માટે જેમ બને તેમ નમાઝ પડાય અને તહારત સચવાય એવે રસ્તે જવું.

કાઝેમેન અ૦ થી ખુરાસાન જતી વખતે રસ્તામાં **૫૫** મનઝીલ આવે છે **૫૬** મી મનઝીલ ખુરાસાન છે, તો દરેક મનઝીલનો હાલ લખવો જરૂર ન જાણી ફક્ત મોટા મોટા વખાણવા લાયક શહરો અને ઝીયારતના મકાનો ટુંક હાલ લખવામાં આવે છે.

કીરમાનશાહ—કાઝેમેન અ૦ થી ૧૪ મી મનઝીલ છે, ત્યાં થંડા અને મીઠા પાણીનાં ચશ્માં જારી છે, મેવાના બાગ ઘણાં છે, મકાનો પાકાં અને મજબુત છે, બજારો છાપરાવાળી છે, શેહર ઘણું આબાદ છે, શહરની આતરાફ પહાડ છે, કોઇ કોઇ પહાડ ઉપર બરફ દેખાય છે રૂમ અને ઇરાનના એલચી રહે છે, કીલ્લો તોપખાનું નવબત ઊમદા છે, મસજીદો કારવાંસરા અને માતમસરા છે, ખાવાપીવા અને પહેરવા ઓઢવાની ચીજો સારી અને ઘણી સસતી મળે છે, એવી સસતી બીજી જગ્યોએ નથી.

કીરમાનની તસબીહ પાકા રંગની મશહુર છે, અને બહુજ મજબુત અને ખુબસુરત હોય છે, ત્યાં ગાલીચા ઊંચા થાય છે, તેમજ મોજા અને શાલ પણ થાય છે, ત્યાં કેટલીક જાતની રોટી બને છે, દુધ દહીં અને મલાઇ ઘણી સસતી મળે છે, બરફ એક પઇશાનો દસ જણ માટે બસ થાય એટલો મળે છે, હવા પાણી વખાણવા લાયક છે.

કીરમાનથી ત્રણ માઇલ છેટે **તાકેબોસ્તાન** છે, તે હવાખોરી માટે બહુજ સારી જગ્યો છે, તે જગ્યા જોવા લાએક છે, ત્યાં પથ્થરનો ઓરડો અને મ્હોટો હોજ છે તે હોજની અંદર થંડા અને સાફ પાણીની એક નહેર પહાડમાંથી લાવેલ છે, અને તે તરફ સર્વે જગ્યોએ અને ઘણા મકાનોમાં એજ પાણી વહે છે અને વપરાય છે, **ફરહાદ** અને **શરીન** આશક અને માઅશુકાનો જે કીસ્સો મશહુર છે, તેજ ફરહાદે પોતાની માઅશુકા શીરીન માટે એ નેહર પહાડ કાપીને લાવ્યો હતો, ખેતી ઘણી સારી થાય છે, તારહાઊસ અને પોસ્ટ પણ છે, અને તેનાં મકાનો ઉમદા બનાવેલાં છે હમ્મામ ઘણાં છે, હજામત કરાવવી કીસો કરાવવો હોય તો થોડા પૈસા બેસે છે, નહાવાનો એક પૈશો, હજામતનો દોઢ પૈશો, કીસાના બે આના, કીસો એટલે હાથમાં કોથળી નાંખીને તમામ અંગ ઉપરથી મેલ ઉખાડીને નવરાવે છે તે, કરબલા તરફ કોસાના ત્રણ ચાર આના લીએ છે, અને હમ્મામ મોહટા મોહટા અને ઓરતો તથા મરદોના જુદા જુદા છે. નહાયાથી થાક ઉતરી જાય છે, અહીંયાં ત્રણ ચાર દીવસ કાફલો રહે છે.

બેસીતુન ૧૬ મી મનઝીલ છે, ત્યાં થંડા અને મીઠા પાણીનાં ચશ્માં છે, અને ખાવા પીવાની સર્વે ચીજ મળે છે, શાહ સોલયમાનના વખતમા ત્યાંના હાકીમ શેખ અલીખાંએ બનાવેલુ મુસાફરખાનું પાક અને સારૂં છે, તે પહાડની નીચે બનાવ્યું છે, ત્યાંના પહાડનું નામ બેસીતુન (થંભ વીનાનો) છે, તે પહાડ ઉપર જમણી બાજુએ **શીરીન** અને **ફરહાદ** આશક અને માઅશકની તસવીર છે, ઉપરાંત બીજી ૧૧ તસવીરો પણ તેઓની પાસે કોત-

રેલી છે, તે પછી એક તસવીર દરવેશની છે, અને તે પહાડની ડાબી બાજુએથી ફરહાદે કેવી કારીગરીથી પહાડ કાપ્યો છે તે છે, મશહુર છે કે શીરીન માટે તે પહાડને કોતરીને મકાન બનાવવું હતું તેથી ફરહાદ એ પહાડને કોતરતો હતો પણ મકાન અધુરૂ રહી ગયું, હજુ ત્યાં કોતરવાની નીશાનીઓ છે, તેની પાસે શેખ અલીએ એક મોહટો ઓરડો બનાવ્યો છે તેના ઉપર બિસમિલ્લાહ પછી બાર લીટીઓ કોતરેલી છે, પણ ઊંચાણ હોવાથી વંચાતુ નથી. તે પહાડની નીચેથી થંડા અને મીઠા પાણીના કેટલાક ઝરના જારી છે, કુદરતે ખુદાનો ઝહુર છે, ગોયા "નુરૂનઅલાનુર" છે, બહુજ મજાહની લીલીછમ રળીયામણી જગ્યો છે, નેહરને કીનારે ઝાડછે કાતરવાળા કાતગને ચરાવે છે, અને મશહુર છે કે પહાડની પાછળ ઉંચાણ ઉપર શીરીન અને ફરહાદની કબરો છે, ધર્મશાળાથી નવ મેલ છેટે છે.

શાહરેલસવાર—૧૮—મી મનઝીલ છે, પહાડોની વચે છે આબાદી છે, અને ઠંડા અને મીઠાપાણીનાં ચશ્મા જારી છે, કોઇ કોઇ પહાડ ઉપર બરફ દેખાય છે, ખાવાપીવાની તમામ ચીજો મળે છે, પાક મુસાફરખાનું છે, ત્રણ ચાર હમ્મામ પણ છે, બજારની વચમાં ઇમામે ઝયનુલ આબેદીન અ૦ના ફરઝંદ અબદુલ્લાહના દીકરા સઇયદ "ઇબરાહીમ"નો રોઝો છે, તેઓ બની અબ્બાસીયોના વખતમાં શહીદ થયા છે.

શાવકાબાદ—૨૦—મી મનઝીલ છે, મુસાફરખાનુ નથી તેથી લોકોના મકાનો અને દુકાનોમાં મુસાફરો ઊતરે છે, આંના લોક ઝવારોને જોઇને ઘણા ખુશી થાય છે, બરફના પાણીની નહર જારી છે, રોટી એહા દુધ દહીં શીવાય બીજી ચીજો મળતી નથી, અહીંયાથી "ઇસપેહાન" જમણી તરફ દસ મનઝીલ છેટે છે, ઇસફેહાન મોહટું શેહર છે. બાદશાહી લશ્કર ત્યાં રહે છે.

તેઝઆબાદ—૨૨—મી મનઝીલ છે, ત્યાં ઇમામે ઝયનુલ આબેદીન અ૦ની અવલાદમાંથી સઇયદ અબુલ હસન અને જનાબ ઝયનબ જેઓનું લકબ આમેના છે તેઓનો રોઝો છે.

સાહ્‌ક—૨૩—મી મનઝીલ છે, બાગ બગીચા છે, ખાવા પીવાની ચીજો મળે છે, મુસાફરખાનું નથી, મકાનો અને દુકાનો ભાડુ લઇ ઊતરવા આપે છે, ઓરતો અને મરદો માટે હમ્મામ પણ છે, ઇમામે ઝયનુલ આબેદીન અ૦ની અવલાદના કેટલાક રોઝા છે, જેમકે અબદુલ્લાહ. જઅફર, અલી, સાલેહ, ઇબરાહીમ, ઈસમાઈલ, યાઅકુબ, અલી, મોહમ્મદ, ઝૈદ, અમકર, અને હુસયન વી૦ તેઓની ઔલાદમાંના ૩૨ મરદો અને ૪૦ બીબીયો તે મામુન રશીદ મલઊનના હુકમથી હસનસીયાહગોશ સમનાનીએ એ જગ્યોમાં ગીરફતાર કરીને શહીદ કરી નાખ્યા, અફસોસ બની ફાતેમાને પહાડ અને જંગલમાં પણ અમાન મળી નહીં.

અવલા શીગરદ—૨૪—મી મનઝીલ છે અહીંયા થંડા અને મીઠા પાણીના ચશ્મા જારી છે, રસ્તામાં કેટલાંક ગામડા છે, ત્યાં ઇમામે ઝયનુલ આબેદીન અ૦ની અવલાદના કેટલાક રોઝા છે, તેઓના ફરઝંદમાંથી હુસેન અને ઇમામે મુસીએ કાઝીમ અ૦ની દીકરી જનાબે ઝૈનબ રસ્તામાં દફન છે, અને સઇયદ અલી અને સહીમા એ ગામની પાસે કોબાલાત તરફ દફન છે, આ ગામમાં મસજીદ અને હમ્મામ છે, બજાર અને મુસાફરખાનું નથી, રોટી મેહા દહ દુધ વીગેરે મળે છે, ગાલીચા અને શતરંજીઓ ઘણી થાય છે, ત્યાંના લોક ઝવારોને જોઇને ખુશી થાય છે.

સીમુઆન—૨૫—મી મનઝીલ છે, થંડા અને મીઠા પાણીની નહેરો જારી છે, મસજીદ અને મોટી માતમસરા છે, તેમાં ઝવ્વારો મફત ઊતરે છે, એક બે દુકાન પણ છે, ગાલીચા અને શતરંજીઓ બહુજ થાય છે, રૂસ અને તેહરાનના વેપારીઓ આવીને લઇ જાય છે, ત્રણ માઇલ છેટે ઇમામે મુસીએ કાઝીમ અ૰ની દીકરી જનાબે સુગરાનો રોઝો છે.

જેરૂત—૨૬—મી મનઝીલ છે, અહીંઆના રહેનાર ઘણે ભાગે સઇયદ છે, થંડા મીઠા પાણીના ચશમા છે, બાગ બગીચા ઘણા છે, મેવા પણ થાય છે, માતમસરા, મુસાફરખાના, અને મસજીદ છે, બજાર નથી પણ ગામવાળાઓ પૈસેથી ખાવા પીવાની ચીજો મળી શકે છે, ગામની બાહેર હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૰ના ફરઝંદ ઝકરીઆનો રોઝો મગરીબ તરફ અને શોએબનો રોઝો મશરીક તરફ છે; જે બુઝુરગવાર જ્યાં શહીદ થયા ત્યાંજ દફન પણ થયા છે.

કુમ—૨૮—મી મનઝીલ છે, અહીંયાથી પણ ઇસ્પેહાનનો રસ્તો છે, કુમ આવતા રસ્તામાં એ રસ્તા ઉપર ત્રણ માઇલ છેટે મુસાફરખાનું છે ત્યાં થોડી દુકાનો પણ છે, ખાવા પીવાની ચીજો મળે છે, જે ઝવ્વારો અબુ શેહરથી ખુરાસાન જાય છે અને કુમ થઇને જવું હોય તો શીરાઝ અને ઇસ્પેહાન થઇને આ મુસાફરખાના પાસે થઇ નીકળે છે, અહીંયા સુધી મીઠા પાણીના ચશમા છે, તે પછી નવ માઇલ સુધી જંગલ છે પાણી મળતુ નથી, કુમની નજીક એક ટેકરો બહુજ નીચો અને ઊંચો આવે છે, ત્યાંથી સોનેરી કુબ્બો દેખાય છે, તેની નીચે ખારા પાણીના ચશમા જારી છે.

કુમ આ કદીમ શેહર કીરમાનશાહ કરતા વધારે આબાદ છે, બજારોમાં ઉપર છાપરા છે, બાગબગીચા ઊમદા અને સારા છે, ગામમાં ખાવા પીવાની ચીજો ઘણી જાતની સારી અને સ્વાદીષ્ટ મળે છે, મેવો સારો અને સસ્તો મળે છે, ગામની વચમાં નહેર છે, શહેરનો દરવાજો મીનાકાર અને સારો છે, નેહરની બન્ને તરફ આબાદી સારી છે, નહેર ઉપરથી પસાર થવા માટે ઊમદા પુલ છે, હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૰ની દીકરી તે ઇમામે રઝા અ૰ની બેન જનાબે ફાતેમાહ અ૰નો રોઝો મુબારક બહુજ ઊમદા શાનો શવકતથી સોનેરી બનેલો છે, ઝરીહ રૂપાની અને જવાહર અને હીરાથી જડેલી છે, કેટલાંક મીનારા રંગ રંગના ઊમદા બનેલા છે.

મદરેસાનો બગીચો જેમાં મેવાનાં કેટલાંક ઝાડ છે તે ઝવ્વારો વીગેરે માટે વકફ છે, રોઝા મુબારકમાં કેટલાંક આલીમો પેશનમાઝો જમાઅતની નમાઝ પઢાવે છે, દરગાહના ખુદામો ઝીયારત પઢાવે છે સરદીની મોસમમાં બહુજ બરફ પડે છે અને તેથી ત્રણ મહીના સુધી આવવા જવાનો રસ્તો બંધ રહે છે, દરવાજાની પાસે મોટું કબ્રસ્તાન છે, આલીમોમાંથી "અલીઇબ્ને બાબવહય" અને "ઇબ્ને કવલીયાહ" અને "અબુલ કાસીમ" વીગેરેની કબરો છે, અને ઇમામોનાં કેટલાંક અસહાબો પણ ત્યાં દફન છે, જેમાના અહમદ બીન ઇસહાક જેઓ ઇમામના નાએબ હતા તેઓ બજારમાં દફન છે, ત્યાં એક જુમ્મા મસજીદ છે, દરેક મોહલ્લામાં જવા માટે તે મસજીદના જુદા જુદા દરવાજા છે, મદરેસા મસજીદો હવઝ વીગેરે ઘણા છે, અને તેમાં નહેરો જારી છે, ત્યાં હુકમરાનોમાં બાદશાહોમાંથી શાહ અબ્બાસ અને મોહમ્મદશાહ અને ફતેહઅલીશાહ દફન છે, કેટલેક ઠેકાણે કાચની ચીજો રાખેલી છે રાતના રોશન થાય છે, માતમસરા કારવાંસરા મસજીદો વી૰ ઘણી છે, અહીંયા ચાર પાંચ દીવસ અથવા વધારે કાફેલો ઠેહરે છે, શહેરની અતરાફ ઇમામોની અવલાદ દફન છે, તેઓના ઠેકાણે ઠેકાણે રોઝા બનેલા છે,

ખચ્ચર ઉપર બેસીને એ સર્વે જગ્યોની જીયારતો એક દીવસમાં થઇ શકે છે, ઇમામે ઝયનુલ આબેદીન અ૦ અને ઇમામે મોહમ્મદે બાકર અ૦ અને ઇમામે જાફરે સાદેક અ૦ અને ઇમામે મુસીએ કાઝીમ અ૦ હઝરતે અબ્બાસ અ૦ અને જનાબે મોહમ્મદે હનફીયા એ બુઝુરગવારોની ઔલાદના રોઝા છે, મશહુર છે કે એ બુઝુરગવારોમાંના મરદો અને બીબીયો થઇ કુલ ૪૪૦ રોઝા છે.

ત્યાં ખેતી વાડીનું કામ કરનાર શીઆહ મોઅમેનીન છે, અને નમાઝને વખતે બરાબર હાજર થાય છે, ઘંઊ અને જવની ડુંડી આશરે એક વેંત લાંબી થાય છે, ખુદા આવી બરકત કેમ નઆપે? કે તેઓ બાદશાહનો પાંચમો ભાગ આપીને બાકી રહે તેમાંથી ખુમસ અને ઝકાત કાઢે છે અને નમાઝે જમાઅત વાએઝ વી૦માં શરીક થાય છે, અને મસાએલ વી૦ સીખે છે, માટીના ઠામ ચીની જેવા થાય છે, અને દરેક ચીજ ઉપર ઇરાનના બાદશાહની તસવીર બનાવે છે, કેમકે પોતાના આદીલ રઇયત પરવર બાદશાહને દોસ્ત રાખે છે તેથી તેની તસવીર હરવખત આંખોની નજર સામે રાખવી પસંદ કરે છે.

કુમમાં હઝરતે ઇમામે રઝા અ૦ ની બેન જનાબે ફાતેમાનો રોઝો છે, તેથી આ જગ્યોએ એ માઅસુમાનો ટુંક હાલ તારીખુલ્ અઇમ્મા અને બહુરલગુમ્મામાંથી લખવામાં આવે છે કે હારૂન રશીદ મલઊને હઝરતે ઇમામે રઝા અ૦ ને મદીનાથી ખુરાસાન બોલાવ્યા તે વખતે આપે સફરની તઇયારી કરી અને સુબહની નમાઝ પડીને રૂખસત માટે મુસલ્લા ઉપર બેઠા હતા આપની બહન પરેશાન ફરતા હતા, જ્યારે ઇમામ વઝીફાથી ફારેગ થયા આપની બહને ફરમાવ્યું કે—

જાતેહો આખોયાં કોઇ જુઝ યાસ નહીં હૈ *
ફીર તુમસે મીલેં યેહ હમેં અબ આસ નહીં હૈ *

અએ ભાઇ મને ખટકો થાય છે હજારો વહેમ આવે છે, અને આપ એકલા જાઓ છો તેથી કલેજું મોઢામાં આવે છે, દીલગીરીનો પાર નથી, માટે મને સાથે લઇ ચાલો તો રસ્તામાં આપને તસકીન રહેશે, અને અએ ભાઈ આપના જદ મઝલુમે કરબલા ઇમામે હુસયન અ૦ પણ પોતાની બેન જનાબે ઝયનબ અ૦ ને સાથે લઇ ગયા હતા.

આપે જવાબ આપ્યો અએ બહન મારા માટે એકલાજ જવાનું છે હું આપને સાથે લઇ જઇ શકતો નથી, પછી આપ એવી રીતે રૂખસત થયા છે અને બાલબચ્ચાઓને રડતાં મુકયાં છે કે તે બયાન લખું તો વાંચનાર રડીરડીને બેહોશ થાય તો અજબ નહીં, આપ સર્વેથી રૂખસત થઇ રોતા રોતા ખુરાસાન તરફ રવાના થઇ ગયા.

હાંસલકલામ આપની બાદ આપની જુદાઇમાં આપની બહન જનાબે ફાતેમા હમેશા રોયા કરતાં હતાં, અને લાંબી મુદ્દત થઇ અને હઝરતે ઇમામ અ૦ આવ્યા નહીં તેથી આપ ઘબરાઇને આપની પાસે જવા માટે ખુરાસાન તરફ તુસ જવા માટે રવાના થયાં, જ્યારે જનાબે ફાતેમા સાવા નામની મનઝીલે પહોંચ્યા ત્યારે બીમાર થઇ ગયા, લોકોને પુછયું કુમ કેટલે છેટે છે ? તેઓએ કહ્યું ત્રીસ માઇલ છે, આપે ફરમાવ્યું મને જલદી કુમ પહોંચાડો, જ્યારે આપ કુમની પાસે પહોંચ્યા અને સરવેને ખબર પડી કે ઇમામે રઝા અ૦ ની બહન જનાબે ફાતેમા આવે છે ત્યારે શહેરના તમામ અશરાફ ઇસ્તેકબાલ માટે ગામની બાહેર સામે ગયા, અને કુમનો રઇસ મુસા બીન ખઝરજ સર્વેથી પહેલે એ માઅસુમાની પાસે પહોંચ્યો અને તેઓના ઊંટની મેહાર પોતે પકડીને ચાલ્યો, અને શહેરના આવેલા તમામ માણસો તેઓની પાછળ પગે ચાલતા હતા, જ્યારે આપ શેહરમાં પહોંચ્યા

તો જોયું કે તમામ શેહર માતમદાર છે, દરેક ઘરમાંથી રોવાનો આવાજ આવે છે, અને તમામ ઓરતો અને મરદોએ કાળાં કપડાં પહેરેલાં છે. આ જોઇને આપ ઘબરાણા અને પુછ્યું કે આ ગામમાં કયા શખસનું માતમછે? કોઇએ કાંઇ જવાબ આપ્યો નહીં, આથી આપે કહ્યું તમોને અમારા હકની કસમ છે ખરૂં કહો કે આવી મહા ભારે ગમી શામાટે ફેલાણી છે? અને આપે આગ્રહથી પુછ્યું, તેથી સર્વે જણ રોવા લાગ્યા, અને પોતાના માથા ઉપરથી પાઘડીઓ ફેંકી દીધી, અને અરજ કરી કેટલાક દીવસ થયા મામુનરશીદે આપના ભાઇ ઇમામે રઝા અ૦ને ઝેર ખવરાવી શહીદ કર્યા છે, જ્યારથી અમોએ આ મુસીબતની ખબર સાંભળી ત્યારથી અમારા ઘરોમાં માતમ બરપા છે, આ સાંભળીને એ માઅસુમા ગશ ખાઇને ભોંય પડી ગયાં, જ્યારે હોશ આવ્યો રોવા લાગ્યાં અને કહેતાં હતાં કે હાય મારા ભાઇ હાય મારા સય્યદે ગરીબ અફસોસ આ બેન આપના મરવાની ખબર સાંભળવા જીવતી રહી, કાશ મને મૌત આવતે, મનકુલ છે કે એ માઅસુમા રાત દીવસ એ ગામમાં રોયા કરતાં હતાં, એટલે સુધી કે રોતાં રોતાં સત્તર (૧૭) મે' દીવસે ખુદાની રહમતે પહોંચ્યા. આ બનાવથી કુમમાં ગમ ઉપર ગમ બરપા થયો, અને ત્યાંના મોઅમેનોએ એ માઅસુમાને ઘણીજ ઇજ્જત અને એહતેમામથી પાકીઝા જગ્યોમાં દફન કર્યા, કેટલાંક વરસ પછી ઇમામે મોહમ્મદે તકી અ૦ ની દીકરી જનાબે ઝયનબ ખાંતુને એ માઅસુમાનો કુબ્બાવાળો રોઝો ચણાવી આપ્યો, તો કુમમાં આ માઅસુમાનો રોઝો ઝીયારતની જગ્યો છે.

અબ્દુલઅઝીમ અને તેહરાન—૩૨ મી મનઝીલ છે, આ જગ્યોએ ઇમામે હસન અ૦ ની ઔલાદમાંના જનાબે સય્યદ અબ્દુલઅઝીમનો રોઝો મુબારક છે, તેઓનું નસબ આ મુજબ છે, જનાબ અબ્દુલઅઝીમ બીન અબ્દુલ્લાહ બીન હસને મુસન્ના બીન ઇમામે હસન અ૦ એ જનાબના નામથી એ જગ્યોનું નામ અબ્દુલઅઝીમ કહે છે, આપનો રોઝો બહુજ ભારે શાનો શવકતથી સોનેરી ગુંબદનો સુલતાને બનાવેલ છે, ઝરીહ રૂપાની છે, અને તેમાં હીરા અને જવાહેરાત જડેલા છે, અને નીચે આરસપાણની જમીન બાંધેલી છે, ઇમારત ઉંચી અને ખુશનુમા છે અને મીનારાવાળી છે, એ બુઝુરગવાર બહુજ બુઝરગ અને મોટા મરતબાવાળા છે.

આ ગામ પહેલે ગામડુ હતુ હવે ઘણી આબાદીના સબબથી શેહર થઇ ગયું છે, મકાનો મજબુત અને બજાર છાપરાવાળી અને ઊમદા છે, અને બાગ બગીચા બહુજ સારા અને રળીયામણા છે, કારવાંસરા ઘણી છે ભાડુ લઇને ઉતરવા આપે છે, અહીંયાં આઠ દસ દીવસ કાફલો ઠેહરે છે, અને આ જગ્યોએ ઇમામે ઝયનુલ આબેદીન અ૦ અને ઇમામે મુસાએ કાઝીમ અ૦ ની અવલાદોમાંના કેટલાક બુઝુરગોના રોઝા મુબારક છે, અને ઘણા ઉમદા રોઝા છે, ચારે તરફ સહન અને હોઝ બનેલ છે અને તેમાં નહરો જારી છે, એક તરફ મદરેસા છે, અને એક તરફ મસજીદ છે, અને એક તરફ મીસકીનો માટે મકાન છે તેમાં હોઝ અને બાગ છે, ઝવ્વારો ઘણા આવે છે અને ખાસ કરીને જુમ્માની રાત્રે તેહરાનથી મરદ અને ઓરતો ઝીયારત માટે આવે છે, રાતના ભપકાવાળી રોશની ઘણી સારી થાય છે, ઘણે ઠેકાણે જમાઅતની નમાઝ અને વાએઝ થાય છે.

અબ્દુલઅઝીમથી તેહરાન આશરે છ માઇલ છેટે છે, તેહરાનથી કુમ આવવા માટે રેલવે બનાવી છે, જવા આવવાના ચાર આના

લીએ છે, કામ કરનાર તમામ અજમ છે, કંટ્રાકટર નસારા છે, ઓરતોને બેસવાના ડબા જુદા છે.

અબદુલ અઝીમથી તેહરાન સુધી રસ્તામાં ઇમામઝાદાઓ અને ઓલમાઓના રોઝા બનેલા છે, બુઝુરગોની કબરો છે, અને બાગબગીચા વાડીઓ અને શાહી તેમજ રઇયતની ઇમારતો છે, મતલબ એક એ ૭ માઇલનો રસ્તો આબાદ છે.

મશહુર છે કે ત્રણ માઇલ છેટે એક પહાડ છે ત્યાં જનાબે શેહુરબાનો છુપી ગયા તે જગ્યો છે ત્યાં ઝીયારત માટે લોકો જાય છે, ઘોડા ગાડી તેમજ ખચ્ચર વી૦ ભાડે મળે છે, પહાડની ઉપર જગ્યો છે, એક નીલા રંગનો કુઓ છે તેમાં મસજીદ છે, બીજો કુઓ છે. તેમાં છુપી જવાની જગ્યો છે, પથરની ઇમારત બનાવેલી છે; વચમાં થંડા અને મીઠા પાણીનો ચશમો જારી છે, પાણી બહુજ સાફ અને સારૂં છે, તે મકાનની અંદરની કોટડીમાં સય્યદ સીવાય બીજાને તેમજ હમલ વાળી ઓરતને જવા આપતા નથી.

એ તરફ સર્વે જણુ ગળીના રંગની ઇજાર પહેરે છે. કેમકે આગળ વહહાબીયો સફેત રંગની ઇજાર પહેરતા હતા, અને તે વખતમાં તેઓને પકડીને કેદ કરતા બલકે કતલ પણ કરતા હતા, તેથીજ ત્યાં ગળીનો રંગ બહુ વપૈરાય છે, અને હીંદુસ્તાનથી બંદરે અબ્બાસ અને "બાબુ શેહર"ને રસ્તે ગળી ઘણી જાય છે.

તેહરાન છે તે ઇરાનના શાહનું પાયતખતનું શેહર છે, બાદશાહ ત્યાં રહે છે, ઘણું મોહટું અને આબાદ વખાણવા લાયક શેહર છે, પહાડની બાજુમાં શેહર છે, કીલ્લો અને ખંદક છે, ત્યાં એક મ્હોટો પહાડ છે, ગરમીની મોસમમાં પણુ તે પહાડ ઉપર બરફ હોય છે, ઘોડગાડી ઊલાકની સ્વારી ઊમદા ખુશનુમા ઝીન વાળી ઘણીજે, સડક પથ્થરની બાંધેલી છે બન્ને બાજુએ ઝાડ છે, અને ઊમદા ઊમદા ફાનસો લટકેલા છે રાતના ઘણી સરસ રોશની થાય છે, ફરવા જવાનાં કેટલાં ઠેકાણા છે કેટલીક જગ્યોએ રેલ પણુ છે તે આશરે એક એ આના ટીકીટના લીએ છે.

શાહી નગારખાનાએ રેલ જાય છે, ત્યાં સુધી ત્રણ દરવાજા છે, દરેક દરવજે વાંકી ટોપી વાળા સીપાહીઓની ચોકી છે, તેની અંદર આલીશાન પાકા અને મજબુત મકાનો છે, અને અતરાફ બાગબગીચા બહુજ સારા રળીયામણા લીલા છમ છે, દરેક સદનમાં મ્હોટા મ્હોટા હોઝ છે, અને ફવ્વારા ઊડે છે નહેરો વહે છે, અને જાત જાતની માછલીઓ છે, અને ઘણી જાતના પંખીઓ પણુ છે અને ખુશ આવઝથી ટવકા કરે છે અને કેટલીક જાતના ઊમદા ખુશબો વાળા ફુલ છે.

મકાનના હુજરા કાશાની રંગના શોભાયમાન છે, દરવાજા મીનાકારના તેઓ ઉપર ઝરીના ભરેલા પરદા પડેલા છે, વચમાં શાહી તખત આરસપાણનું બનાવેલું છે, તેની નીચે ગાલીચા વીગેરેનું ફરશ છે, તે તખતને સફેત પથરાની પરીયોએ પોતાના ખભા ઉપર ઊપાડેલ છે, તખત ઉપર **યશબ** નામના કીમતી પથ્થરની કુરસી જડેલી છે, તખતની અતરાફ ઊમદા હરફથી શેઅર કોતરાવેલા છે, તેના ઊપર **તેહઅલીશાહ** મરહુમનું નામ છે, ઊમદા બગીચો છે થંડા અને મીઠા પાણીની નહેર જારી છે

ગામમાં મદરસા મસજીદો હમ્મામ કારવાંસરા માતમસરા વી૦ ઘણી છે, ત્યાં ઇમામે ઝયનુલ આબેદીન અ૦ની ઔલાદમાંથી જનાબે ઝેદ અને ઇમામ મુસીએ કાઝીમ અ૦ની ઔલાદમાંથી જનાબે ઇબરાહીમનો રોઝો છે, એ રોઝામાં મદરેસા છે, હોઝ નહેર અને બગીચા છે.

બજાર ઘણીજ સારી અને છાપરા વાળી પણુ છે, અને વેહપાર સારો ચાલે છે, ત્યાં

શાહી નોટ તેમજ રૂસીનોટ ચાલે છે, અને અત્રેની નોટનો વટાવ સેંકડે બે અઢી રૂપીયા દેવા પડે છે, ખાવા પીવાની ચીજો ઘણી જાતની ઊમદા અને પસંદ આવે એવી વેચાય છે દરેક ચીજની બજાર જુદી છે, એક એક બજાર આશરે એક એક માઇલ લાંબી છે.

ત્યાં વાળા સર્વે જણ કામ ધંધામાં મશગુલ રહે છે, છોકરા બાલેગ થયા એટલે માબાપ ઉપર પોતાનો બાર નાખવો એમ સમજે છે, અને કામ ધંધો કરવામાં શરમાતા નથી લખે છે કે એ શહેરને જોઇને દીલ ખુશ થાય છે, ત્યાંના અમીર અને ગરીબ સરવે ભલા માણસો છે, પછી લખે છે કે **લખણઊના** લોકો ઉપર અફસોસ થાય છે કે ઘણે ભાગે કામ ધંધો કરવાને એબ જાણે છે, અને કબુતર મુરઘા દુંબા પતંગ તીતર અને બટેર લડાવવામાં પોતાની ઊમ્મર બરબાદ કરે છે, અને ઘણે ભાગે ધંધાને બદલે નોકરીને વધારે પસંદ કરે છે, કેટલાંક પૈસાવાળા અને અબરૂદાર પણ એવીજ રમત અને ગમતમાં ગલતાન છે, અને કેટલાંકતો માગીને મેળવવામાંજ મશગુલ છે, અને છેવટે જુગાર અને ચોરીનો ધંધો સીખે છે, ઘણે ભાગે અમીરો તો જમાતની નમાઝ અને વાએઝમાં પણ શરીક થતા નથી, અને શરાના મસાએલ પણ આલીમોને પુછતા નથી, ખુદા જાણે ખુદાને શું જવાબ આપશે.

"**નાજી**" કહે છે કે કાંઇ લખનઊ ઉપરજ નથી બલકે મારી સમજ મુજબ આખા હીંદુસ્તાનમાં ઘણે ભાગે નાચ રંગ ગાયન નાટક શરત રમત ગમત પતંગ બાજી ઘેટાબાજી તીતરબાજી વીગેરે બાબતો ફેલાણી છે, અને ધમધોકાર ખુદાની નાફરમાનીઓ થાય છે, અને વાએઝ નસીહત સાંભળવાની વાતજ નહીં, બલકે વાએઝ નસીહત કરે તો ખેંચ કાઢવા અને નુકતેચીની કરવા તઇયાર, હા મસલો પુછશે પણ મતલબનો અને જો મતલબથી વીરૂધ કોધો તેના ઉપર ગુસ્સે થશે, અને જો મતલબ પ્રમાણે હા પાડે તો ખુશ થશે, જેમકે કોઇ પુછે કે નાટકમાં જવાથી શીખામણ અને નસીહત મળે છે માટે જવામાં કાંઇ હરકત છે કે નહીં? જો કહે કે હરામ છે તો મોઢું ચડાવીને ભાઇશાબ ચાલતા થશે, અને કહે કે હરકત નથી, અથવા તોબા કરી લેજો તો ખુશ થાય, તેમજ કોઈ પુછે કે અમારે જમાતના બંદોબસ્ત માટે જબરાઇથી ડંડ લેવો છે જો કહે કે હરામ છે તો કહેશે કે તમોને ખબર નહીં હોય, જો કહે કે હરકત નથી તો ખુશ થશે, ખેર આખર ઝમાનો છે બીદઅતો અને નાફરમાનીઓ વધતી જશે, દોઆ કરો કે ખુદાવંદે કરીમ નફસાનીયત અને શેતાનના ફરેબથી બચાવે, અને ખુદા અને રસુલના હુકમ પ્રમાણે ચાલવાની તૌફીક અતા કરે.

પછી લખે છે કે તે તરફના લોકો મરદ અને ઓરતો સવારના ઉઠીં સુબહની નમાઝ પડીને પોત પોતાના કામ ધંધામાં મશગુલ થાય છે, અને લખનઊવાળા ઘણે ભાગે સવારના આઠ નવ વાગે ઊઠે છે અને મોડું ઊઠવું તેજ ફકીરીની નીશાની છે.

સમનાન—૪૮ મી મનઝીલ છે તેહરાન મુકયા પછી ખુરાસાન સુધીની મનઝીલોમાં પાછલી મનઝીલો જેવા મોટા ગામ કે એવા મીઠા પાણી સર્વે ઠેકાણે નથી, કોઇ કોઇ જગ્યોએ ખારૂ પાણી પણ છે, કોઇ કોઇ ઠેકાણે ખાવાની ચીજો મળતી નથી, આ શહરમાં ખાવા પીવાની તમામ ચીજ મળે છે.

રસ્તામાં ઠેકાણે ઠેકાણે ચશ્મા જારી છે અતરાફમાં બાગ ઘણા છે નહેરો વહે છે, મસજીદ હમ્મામ અને માતમસરા ઘણી છે કારવાંસરા છે, પૈસા લઇને ઉતારા આપે છે, અને ગામની બાહેર વકફ કારવાંસરા પણ છે તાર અને પોસ્ટ ઓફીસ પણ છે, હઝરતે

ઇમામે જાઅફરે સાદેક અ૦ની અવલાદમાંથી શાહઝાદા સઇયદ અલીનો રોઝો સારો બનેલો છે, તેની અતરાફ કોટડીઓ છે. તેમાં ભાડુ લીધા વીના ઝવ્વારોને ઉતરવા આપે છે, તેમાં નહેર છે તે સવારે અને સાંજે જારી રહે છે. આલીમો ફાઝીલો અને વાએઝ પણ છે જમાઅતની નમાઝ પણ થાય છે પછીની મનઝીલોમાં "ગરીબગઝ" નામનો ઝેરી કીડો મચ્છર જેવડો હોયછે તે કરડે તો બહુજ ઇજા થાય છે કોઇ વખતે તેના ઝેરથી હલાક થાય છે તો અહીંયા ફાઝીલો કંદ (સાકર) ઉપર દોઆ પડી આપે છે કે તેની બરકતથી ઇજા પામે નહીં, અને તે કરડે તેને દુધ અને ગાયનું ધી પીવરાવે છે ૪૧ મી મનઝીલથી એ કીડાની બીક રહે છે.

આહુવાન—૩૯ મી મંનઝીલ છે, અહીંયા મુસાફરખાનું છે ફકત રોટી અને દહીં મળી શકે છે, થંડા અને મીઠા પાણીનો ચશ્મો જારી છે, પહાડીમાં હરણીયાં ઘણા છે, તેથી તેને કોહે આહુવાન (હરણોનો પહાડ) કહે છે.

મશહુર છે કે મામુન રશીદ મલઉને ઇમામે રઝા અ૦ને બોલાવ્યા અને આપ ખુરાસાન તરફ ગયા ત્યારે અહીંયાથી નીકળ્યા હતા અને તે વખતે એક શીકારીએ એક હરણી પકડી હતી, હરણીએ હઝરતની ખીદમતમાં ફરયાદ કરીને અરજ કરી કે અએ મારા સઇયદ અને આકા આ શીકારીમને પકડીને લઇ જાય છે અને મારૂં બચ્ચું દુધ પીધા વીના ભુખ્યું અને પ્યાસુ પહાડમાં છે માટે આપ મારી દાદ આપો, આ સાંભળીને એ રહીમ ઇબ્ને રહીમને રહમ આવી તેથી શીકારીને ફરમાવ્યું કે હું આનો ઝામીન છું માટે તે પોતાના બચ્ચાને દુધ પીવરાવીને આવે એટલીવાર મુકત કરી આપ, આ સાંભળીને શીકારીએ હરણીને મુકી આપી, તરત તે પોતાના બચ્ચા પાસે ગઇ અને દુધ પીવરાવીને પોતાની સાથે લઇ હઝરતની ખીદમતમાં આવી, આ મોઅજીઝો જોઇને શીકારી મુસલમાન થઇ ગયો અને હરણીને મુકત કરી, અને ખુરાસાનના મુલકમાં કોઇ કોઇ જગ્યોએ પહાડોમાં તરાઇ છે અને ત્યાં હરણીયા રહે છે પણ લોકો શીકાર કરતા નથી અને કહે છે કે ઇમામે ગરીબના આઝાદ કરેલા છે.

હમગાન—૪૧ મી મનઝીલ છે, ગામ આબાદ છે, બજાર છે, ખાવાપીવાની તમામ ચીજો મળે છે, મદરસા માતંમસરા હમ્મામ મંરદો ઓરતોના વી૦ છે અહીંયા ઇમામે ઝયનુલ આબેદીન અ૦ની અવલાદમાંથી શાહઝાદા જઅફર, અને ઇમામે મુસીએ કાઝીમ અ૦ની ઔલાદમાંથી સઇયદ મોહમ્મદ અને નુરૂદ્દીનના રોઝાઓ છે, વકફ કારવાંસરા છે, પણ હીંદુસ્તાની લોક ભાડું આપીને બાગબગીચામાં નેહરને કીનારે ઊતરે છે.

શાહરાત—૪૩ મી મનઝીલ છે, આ શેહર આબાદ છે, બજાર પાકા બાંધેલી છાપરા વાળી છે, ખાવાપીવાની સરવે ચીજો મળે છે, મસજીદ હમ્માંમ માતમસરા કારવાંસરા વીગેરે છે, "ગરીબ ગઝ" કીડાની બીકથી બાગબગીચામાં લોકો ઉતરે છે, મેવા ઘણા થાય છે, નહર જારી છે, અહીંયાથી દોઢ માઇલ છેટે બીસ્તાન શહેર છે ત્યાં શાહઝાદા સઇયદ મોહમ્મદનો રોઝો છે, આગળના વખતમાં અહીંયા કાફલા ભેગા થઇને ચાલતા હતા કેમકે અહીંયાથી છ માઇલ છેટે ખૈર આબાદનો ખરાબો રસ્તા વચે છે ત્યાં મરીનુન સુધી તુરકમાન કોમના લોકો ઝવ્વારોને લુટી લેતા અને કેદ કરતા હતા, કાફલાનું સલાંમતીથી પસાર થવું મુશકીલ હતું તેથી કાફલા સાથે શાહ તરફથી ચાર તોપ અને પાંચસો બહાંદુર સ્વાર કાફલાની સાથે ચાલતા હતા, અને તેથી કાફલો સલામતીથી પસાર થઇ શકતો હતો, આ ઝમાનામાં ખુદાના ફઝલથી શાહની એટલી અદાલત અને મેહરબાની છે કે તોપ અને લશકરની જરૂરતતો

નથી પણ કાફલાની પણ જરૂરત નથી બલકે એ જણ એેખડક ખુશી સાથે પસાર થઈ જાયછે.

તુરકમાન લોક બહુજ તઅસ્સુબ રાખતા હતા અને વરેમઝગુને લુટી લઇ ગારત કરતા હતા, એટલે સુધી કે ઝવ્વારો અને મુસાફરોને લુટી લઇને કતલ કરવા તેમજ કેદ કરીને ગુલામ બનાવી વેચી નાખવા હલાલ અને સવાબ જાણતા હતા, અને ઝવ્વારો વી૦ને કેદ કરીને બુખારા વીગેરેમાં લઇ જાઇને વેચી નાખતા હતા, બલખ હેરાત અને કંધાર—ખુરાસાનમાં દાખલ છે પણ તે હાલ કાબુલને તાબે છે, કેટલાંક વરસથી એ તરફનો કેટલોક ભાગ રૂસને તાબે થયો છે, તેમાંના સત્તર સરદાર કે તે દરેક સરદારની સાથે ત્રીસ ત્રીસ હજાર માણસ હતા, એ સર્વેને રફતા રફતા રૂસના ઝારે કતલ કરાવી નાખ્યા અને તેઓના માથા કાપી કાપીને ભીંત બનાવી, અને એ લોકોના બે બાદશાહ નવ સરદાર અને તેઓના તાબેના પચીસ હજાર માણસો જે ઇરાનને તાબેના ગામોમાં હતા તેને શાહે રફતા રફતા કતલ કરાવ્યા, અને જેઓ બાકી રહ્યા તેઓ પાસેથી હથીઆર અને ઘોડા છીનવી લીધા, તેથી હવે એ લોક ખેતી કરીને ગુજરાન કરી ખાય છે અને વેરો ભરે છે, એટલુંજ નહીં પણ હવે તો શીઆહ થયાં છે.

મશહુર છે કે જ્યારે રૂસે બુખારા લીધું ત્યારે તપાસ કરી કે તુરકમાન લોકોએ ઝવ્વારો વી૦ને પકડીને વેચી નાખ્યા હતા તે કોની પાસે છે અને કેટલાં છે તો ગણત્રી કરતાં તમામ થઇને સાઠ હજાર માણસ નીકળ્યા કે થોડે થોડે કરીને કેદ પકડીને વેચી નાખ્યા હતા, એ સરવેને ખરચ આપીને દરેકને પોત પોતાને ગામ મોકલી આપ્યા, તો એ બનાવથી અમને અમાન છે.

સીધામીપધાપી—૪૪ મી મનઝીલ છે, અહીંયા તુરકમાનની આગળ બીક હતી તેથી બે મનઝીલની એક મનઝીલ કરે છે, જગ્યો આબાદ છે, ખાવાપીવાની તમામ ચીજો મળે છે, બાગબગીચા અને મેવા ઘણા છે, થંડા અને મીઠા પાણીની નહેરો જારી છે, મસજીદો હમ્મામ માતમસરા વી૦ છે, કારવાંસરા વકફ છે.

અહીંયા હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ની ઇતરતમાંથી એક બુઝુરગવારનો રોઝો છે, અફસોસ બની અબ્બાસીયાના જુલમથી બની ફાતેમા વતનથી દુર કયાં કયાં શહીદ દફન થયાં.

મઝીનુન—૪૭ મી મનઝીલ છે, અહીંયા હઝરતે ઈમામે મુસીએ કાઝીમ અ૦ની ઇતરતમાંથી એક બુઝુરગવારનો રોઝો છે, ગામ આબાદ છે, ખાવાપીવાની ચીજો મળે છે કારવાંસરા વકફ છે, હમ્મામ મસજીદ માતમસરા મદ્રેસા વી૦ છે, અને અહીંયાથી ખુરાસાનનો મુલક શુરૂ છે.

સબઝવાર—૫૦ મી મનઝીલ છે, આ કદીમનું શહેર અને આબાદ છે, કેટલીક મ્હોટી મ્હોટી બજાર છે, મકાનો પાકા અને મજબુત છે, મસજીદો માતમસરા હમ્મામ કારવાસરા વકફ છે; અને અહીંયા ઘણી ચીજો કારેખૈર માટે વકફ કરેલ છે અને તે આલીમોને સોંપવામાં આવેલ છે, બાગબગીચા મેવા પાણીની નહેરો છે, બરફ બહુજ સસતો છે, ખાવાપીવાની તમામ ચીજો મળે છે.

અહીંયા ઇમામે મુસીએ કાઝીમ અ૦ની ઇતરતથી શાહઝાદા યહયા વી૦ના રોઝા છે, ટેલીગરાફ પોસ્ટ વી૦ની ઓફીસે છે કાફલો બે ત્રણ દીવસ રોકાય છે.

નયશાપુર—૫૩ મી મનઝીલ છે, મસજીદ હમ્મામ માતમસરા કારવાસરા વી૦ ઘણી છે, બાગબગીચા પણ છે, બજાર છે, ગામવાળા ઘણાંજ માયાળુ અને સારા સ્વભાવના છે, કારવાસરા વકફ પણ છે, આલીમો કાઝીઓ પણ છે, ફીરોઝાની ખાણ નજીક છે પણ એ માલ મશહદે મુકદ્દસ વેચવા લઇ જાય છે આ

ગામમાં દસ્તુર છે કે દર જુમેરાતના પાછલા પહોરના નાના મોટા ઓરત મરદ અમીર ગરીબ સર્વે જણ કબ્રસ્તાનમાં ફાતેહા પડવા જાય છે, કોઈ કુરઆન પડે છે કોઇ સુરા પડે છે કોઇ મગફેરતની દોઆ કરે છે, "નાજી" કહે છે આધારો બહુજ ઊમદા અને પસંદ કરવા લાયક છે મુરદાઓને બેહદ સવાબ મળી ઘણી રાહત મળવાનું અને તેઓ માટે કુરઆન સુરા વી૦ પડનારને માટે પણ મોટા અજરનું કારણ છે અફસોસ આપણા લોકોમાં ઘણે ઠેકાણે આ રીવાજ નથી, બલકે જ્યારે કોઇ મરી જાય અને તેને દફન કરવા જાય ત્યારેજ કબ્રસ્તાનનું મોઢું જુવે છે.

પણ તે વખતે પણ મુરદાઓને યાદ કરતા નથી ગપાટા સપાટા અને તડાકા હાંકયા કરે છે, તો દર જુમેરાત ન જાય તો ખૈર પણ જ્યારે કોઇ મરે ત્યારે જાય તે વખતે કબ્રસ્તાનમાં ટોળા વળી બબે ચાર ચારની ટુકડી વળીને ગપાટા નહાકે અને મુરદાઓને માટે ફાતેહા સલવાત પડયા કરે તો કેટલો ફાયદો થાય?

તુસ જેને **મશહદે મુકદ્દસ** કહે છે, અને આપણે **ખુરાસાન** કહીએ છીએ, ૫૬ મી મનઝીલ છે, છેલ્લો પહાડ આવે ત્યાંથી હઝરતનો સોનેરી ગુંબદ દેખાય છે, અને મીનારા પણ માઅલુમ પડે છે, જ્યારે ગુંબદ દેખાય ત્યારે ઝવ્વારો દુરૂદ અને ઝીયારત પડે છે, કાતર વાળાઓ અમીરો પાસે ઇનામ માંગે છે, અને વચલા દરજા વાળાઓ પાસે સલામતી માગે છે, પછી છ માઇલ સુધી રસ્તો સીધો અને સાફ છે, ઠેકાણે ઠેકાણે ચશમા જારી છે, શેહરની આબાદી મકાનો અને ઇમારતો અને રોઝો મુબારક દેખાય છે, તે વખતે દીલમાં જોશ આવે છે ઇમામની ગરીબી (મુસાફરી) યાદ આવે છે, અને ખીયાલ થાય છે કે અફસોસ મામુન મલઊને પરદેસમાં એટલે છેટે બોલાવીને હઝરતને દગાથી ઝેરથી શહીદ કર્યા.

હાસલકલામ ખુદ્દામો વીગેરે ઝવ્વારોની સામે આવે છે ઝવ્વારોને પોતાના મકાનોમાં લઇ જઇ ઊતારે છે, કારવાંસરા ઉતરવા માટે ઘણી છે.

આ શહર **તુસ** અને **સનાબાદ** એ ગામ મળીને એક મ્હોટું શહેર થયું છે અને તેનું નામ **"મશહદે મુકદ્દસ"** થયું છે, અતરાફમાં ઘણા બાગબગીચા છે, ખેતીવાડી પણ સારી છે, શહરની અતરાફ ભીંત છે, અને દરવાજા છે, મકાનો અને બજાર પાકી છે.

ઝવ્વારો હમેશા કેટલીક વખત ઝીયારત પડે છે કુરઆન પડે છે, અને દોઆ માગે છે, પાંચે વખતની નમાઝ જમાઅતથી પડે છે, વાએઝ અને મુસીબતોનું બયાન સાંભળે છે.

રોઝો મુબારક—શહરની વચમાં રોઝો છે, અંદરની ઝરોહ એક રૂપાની બીજી સોનાની જડાઉ છે, તેની અતરાફ ફોલાદની જાળી આડી છે, કુબ્બાની નીચે સોના રૂપાના ફાનસો ટાંગેલા છે, બીલ્લોરી ચીજોમાં હમેશા રોશની થાય છે, ઠેકાણે ઠેકાણે ઘડીયાળો રાખેલી છે, આરસપાણથી ઉમદા જમીન બાંધેલી છે, મોટા મોટા દરવાઝા રૂપાના છે, કુબ્બો ઊંચો અને મ્હોટો છે, ઉપર સોનાની પતરી જડેલી છે, બે ગુલદસ્તા મોટા સોનેરી છે, અયવાન પણ સોનેરી અને મ્હોટું છે, સહેન પથરાથી બાંધેલું છે, સહનની વચમાં નહર જારી છે, પણ ઘણા લોકોના વાપરવાથી પાણી ડોળું રહે છે, બરફ ઘણો સસતો છે સક્કાખાનુ (પરબ) સોનેરી છે બજાર ઊમદા અને મોટી છે વચમાં નહર વહે છે નહેરને કીનારે મેવાવાળાં ઝાડ છે મ્હોટા મ્હોટા ફાનસ રાખેલા છે હમ્મામ કારવાંસરા ઘણી છે તમામ નેઅમતો મેવા કપડા વીટીઓ ફીરોઝા અકીક સમાવર કપડા ઠામ વીગેરે ઘણી ચીજો વેચાય છે.

રોઝા મુબારકનાં ૬૦૦ ખુદ્દામ છે, અને ત્યાં એક આંધળાનો કુબ્બો છે, તેનો એવો

કીસ્સો છે કે કેટલીક મુદતથી હઝરતની દરગાહના દરવાજા પાસે ઉભા રહીને આંખો સારી થવા દોઆ કરતો અને આંધળો હોવાથી ઝવ્વારો વી૦ કાંઇ આપતા તેથી મજાહ કરતો, પછી ઇરાનના શાહ નાદરશાહ મરહુમ ઝીયારત માટે ગયા તો આંધળાને જોયો તેથી પુછયું કેમ ઊભો છે? તેણે કહ્યું આંખો સારી થવાની દોઆ માગું છું, શાહે પુછયું કેટલી મુદત થઇ? તેણે કહ્યું આટલા મહીના થયા, બાદશાહે કહ્યું તું જુઠો છે જો ખરા અંતઃકરણથી દોઆ માંગતે તો ઇમામ અલયહીસ્સલામ આંખો આપ્યા વીના ન રેહતે, હવે હું ઝીયારત પડવા અંદર જાઉં છું જો બાહેર આવું એટલીવારમાં તારી આંખો સારી નહીં થઇ તો કતલ કરી નાંખીશ. એમ કહી બાદશાહ અંદર ગયા, અને તેને કતલ થવાની બીક લાગી તેથી ખરા અંતઃકરણથી એવી દોઆ કરી કે તરત તેની આંખો નુરાની થઇ ગઇ, હકીકતમાં જે દોઆ બરાબર ધ્યાન આપી રોઇને આજેઝીથી કરવામાં આવે છે તે જરૂર કબુલ થયા વીના રહેતી નથી અને આ બાબત કેટલીક વખત અજમાવેલી છે. બાકી ઊંચે જીવે આડા અવળા વીચાર થતા હોય તે વખતે દોઆ કરવી તે કબુલ થવી મુશકીલ છે, હાંસલકલામ તેને આંખો તો મળી પણ નાદરશાહે તેને પોતાનો વઝીર બનાવ્યો, અને પોતે વઝીર હતો તેજ વખતમાં પોતાને દફન થવા માટે એ કુબ્બો બનાવેલો અને તેમાંજ દફન થયો.

રોઝા મુબારકની રૂબરૂ ગવહરશાહની એક મોહટી મસજીદ છે, તેને સાત દરવાજા છે, દરેક મોહલ્લામાં એક એક દરવાજો છે, હાલ તેમાં આઠ મીમ્બર છે, દરેક મીમ્બર પાસે જમાઅતની નમાઝ થાય છે, નમાઝ પછી નમાઝ રોઝા હજ ઝકાત ખુમસ વેહપાર વી૦ ના મસાએલ બયાન થાય છે, પછી ફઝાએલ અને મસાએબ બયાન થાય છે, આ તરફ રોઝા મુબારકનો રૂપાનો મોટો દરવાજો છે તેની બાહેર કોટડીમાં ઊંચા તખતની જેમ એ પથરો રાખેલો છે કે જેના ઉપર હઝરતે ઇમામે રઝા અ૦ ને ગુસલ આપ્યું હતું. તેની અંદર કોટડીની ભીંતમાં એ રકાબી રાખેલી છે કે જેમાં ઝેરવાળા રતબ રાખીને હઝરતને ખવરાવ્યા હતા.

એ મસજીદની જમણી તરફ ભીંત ઉપર ચે મુજબ લખ્યું છે, **"અલ મોઅમેનો ફિલમસજીદે કસ્સમકે ફિલમાઅ."**

એટલે મોઅમીન મસજીદની અંદર એવી હાલત હોય છે જેવી હાલતમાં માછલી પાણીમાં હોય છે, મતલબ એ કે જેમ માછલીને પાણી સારૂ લાગે છે અને પાણીમાંજ તેની જીંદગી છે; તેમ મોઅમીનને મસજીદમાં સારૂ લાગે છે અને મસજીદમાં જવા અને રહેરવાથી ધભરાતો નથી.

અને તે મસજીદની ડાબી ભીંત ઉપર નીચે મુજબ લખ્યું છે. **"અલમુનાફેકો ફિલમસજીદે કત્તયરે ફિલ કફસ."**

એટલે મુનાફેક મસજીદમાં એવી હાલતમાં હોય છે કે જેવી રીતે પીંજરામાં પંખી હોય. મતલબ એ કે જેમ પીંજરામાં પંખી ધભરાય છે અને જેમ તેને સારૂ લાગતુ નથી અને બાહેર ભાગી જવા ચાહે છે, તેમજ મુનાફીક મસજીદમાં ધબરાય છે અને તેને મસજીદથી બાહેર નીકળી જવું સારૂં લાગે છે.

એક હુજરામાં શેખ બહાઊદ્દીન મોહમ્મદ અલયહીર રહમાની કબર છે.

બબરચીખાના ત્રણ છે, એક તો મુલ્લાઓ અને તાલીબે ઇલ્મો માટે, બીજુ ખુદામો માટે, ત્રીજુ ઝવ્વારો માટે, પણ ઝવ્વારો વધારે હોય તે વખતે સર્વેને ખાણું આપતાં નથી, ધણેભાગે મીસકીનો અને ગરીબો ખાય છે અને લઈ જાય છે; અને અમીરો માટે

તબરરૂક તરીકે એકાદ વખત પુલાવ ચુલાબ નાન કબાબ ખીર વી૦ ઈનામની લાલચે ખુદ્દામ લઇ જાય છે.

દવાખાનું બીમારોને દવા આપવા માટે રાખેલ છે. ગામમાં હમામ માતમસરા વીગેરે ઘણી છે,

રોઝા મુબારકની બાહેર એક મ્હોટું કબ્રસ્તાન છે એ જગ્યોએ હઝરતને ઝેર આપ્યું હતું, તે વખતમાં એ જગો એક બાગ હતો હઝરતે વેચાતો લઇ વકફ કર્યો હતો, હવે ત્યાં મ્હોટું કબ્રસ્તાન થયું છે ત્યાં મસજીદ અને મુરદાને ગુસલ આપવાનો હોઝ ગુસલખાનું છે, કેટલાક આલીમો જેમકે શેખ તીબરીસી અલલબદીર રહમા વી૦ ત્યાં દફન છે, આબાદીને કીનારે હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૦ની ઇમારતમાંથી સૈયદ મોહમ્મદનો રોઝો છે,

મશહુર છે કે હઝરતે ઇમામે રઝા અ૦ ત્યાંના પથરની એક દેગ બનાવરાવી હતી અને તેમાં ખાવું પકાવરાવી હજારો મીસકીનોને ખવરાવ્યું, અને ખુદાએ એ પથ્થરને એવી સીફત અતા કરી છે કે જે ઘરમાં એ પથ્થરની ચીજ વાપરવામાં ત્યાં બરકત થાય છે, ત્યાં પથરાના જાતજાતના ચીતરવાળા કામ બનાવે છે. જેમકે તપેલાં પ્યાલા નમકદાન હોકા કુજા વિગેરે.

આબાદીના કીનારે કદમગાહ (પગનો જગો) પણ છે, અને એ તરફ સરદી અને બરફની મોસમમાં સખત સુરદી પડે છે, ઘરની કોટડીમાં વચે ખાડા રાખે છે, અને સરદી અને બરફની મોસમમાં તે ખાડાઓમાં પીતળ અથવા લોઢા અથવા માટીની મોટી મોટી સગડીઓ કોલસા સળગાવીને રાખે છે, તે ખાડા ઉપર કાંઇ રાખેછે અને ઉપર રજાઇ પાથરીને સુવે છે, અહીંયા ખાટલાનો રીવાજ નથી, અને ગરમ પાણીથી હાથ ધોવે છે.

કેટલાક મોમીનનો દાવો કરનારા પૈસાવાળા લંડન પારીસ અને બીજા એવા એવા મુલકની સૈર કરવા જાય છે તો તેને બદલે એવે ઠેકાણે જતા હોય તો બે લાભ થાય કે સૈરની સૈર અને પૈસો હલાલ અને સવાબના કામમાં વપરાય અને ઝીયારતો નસીબ થાય અને એટલી ઉમ્મર તે હીસાબમાં મજરે ન લેવાય એટલે સીત્તેર વરસની ઉમ્મર હોય તેમાં બે વરસ ઝીયારતોમાં થયાં હોય તો ૭૨ વરસ જીવશે ખુદાવંદે કરીમ એ બુઝરગના સદકાથી જલદીથી તેઓની ઝીયારત નસીબ કરે.

(આમીન.)

હજ કરવાનો સવાબ અને ન કરવાનો અઝાબ.

જાણવું જોઇએ કે શરતો પુરી થાય તેના ઉપર હજ કરવી વાજીબ અને ફરઝછે તે હજ કરવામાં સવાબ ઘણો છે; મનકુલ છે કે એક શખસે હઝરતે રસુલે ખુદા સ૦ ની પાસે આવીને અરજ કરીકે યા હઝરત હું મારા ઘરેથી હજ જવા માટે નીકળ્યો પણ હજ નસીબ થઇ નહીં, અને હું માલદાર છું માટે કોઇ એવું નેક કામ બતાવો કે ખુદાવંદે કરીમ મને હજનો સવાબ આપે અને હું હજ કરનારાઓમાં ગણાઉં.

હઝરતે જવાબ આપ્યો કે જો આ "અબુકોબએસ" નામનો પહાડ છે, અગર તે તમામ સોનાનો થઇ જાય અને તારા કબજામાં આવે અને તેને રાહેખુદામાં વાપર તોપણ હજ કરવાવાળાની બરાબર તને સવાબ નહીં થાય.

પછી હઝરતે ફરમાવ્યું જે કોઈ હજ કરવા જવાનો વિચાર કરે તો દરેક ચીજ ઉપાડવા રાખવાના બદલામાં ખુદાવંદે કરીમ દસ દસ નેકીનો સવાબ આપે છે, અને દસ દસ ગુનાહ માફ કરી આપે છે, અને દસ દસ દરજા બેહીસ્તમાં બુલંદ ફરમાવે છે અને જ્યારે પોતાની સ્વારીના હયવાન ઉપર બેસે છે તો તે

હયવાન જેમ જેમ કદમ ઉપાડે તેમ તેમ સવાબ થયા કરે છે.

અને જ્યારે ખાનએકાઅબાનો તવાફ કરે ત્યારે તમામ ગુનાહથી પાક થઈ જાય છે, હઝરતે ઈમામે જાઅફર સાદેક અ૦ ફરમાવ્યું કે હાજી હજ કરીને આવે તે પછી ચાર મહીના સુધી સગીરા (નાના) ગુનાહ તેના લખાતા નથી.

હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે કોઇ ઇનસાનના ગુનાહ આસમાનના સીતારા અથવા જંગલની રેતી બરાબર હોય અને તે હજ કરીને આવે તો તેના તમામ ગુનાહ માફ થઇ જાયછે.

હજની અંદર એક રૂપીઓ વાપરવો તે બીજા કામમાં હજાર રૂપીઆ વાપરવા કરતાં બેહતર છે.

અને મસજીદુલ હરમમાં એક નમાઝ પડે તો તેની બરકતથી પોતાની ઉમ્મરમાં જેટલી નમાઝ પડયો હોય અને તે પછી જેટલી નમાઝ પડે તે તમામ મકબુલ છે અને મસજીદુલ હરામની અંદરની એક નમાઝનો સવાબ બીજે ઠેકાણેની લાખ નમાઝની બરાબર છે.

હવે જાણવું કે જેના ઉપર હજ વાજીબ થાય તે છતાં વગર ઉજરે શરઈ જો હજ કરવા ન જાય અને મરી જાય તો તેના માટે હઝરતે ઈમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવે છે કે તે યહુદી અને નસરાનીના દીન ઉપર મરશે

હજ માટે લોકો ખરચ વધારે સમજે છે, અને તેનું કારણ એ છે કે હજ કરવા જાય તે મદીનએ મુનવ્વરા હ૦ રસુલે ખુદા સ૦ અને ઇમામોની ઝીયારત કરવા જાય છે. પણ પોતાના ઘેરથી ફકત મકકે જઇ તે હજ કરીને આવે એટલો ખરચ હોય તો હજ વાજીબ થઇ જાય છે, મદીનાનો ખરચ હોવાની શરત નથી કેમકે ઝીયારત સુન્નત છે વાજીબ નથી, અને મકકા કાંઇ છેટે પણ નથી મુંબઇથી જદા સ્ટીમર જાય છે, જદાથી એક રાતનો રસ્તો મકકા છે.

હજની મુસાફરીનું બયાન.

જાણવું જોઇએ કે હજની મુસાફરીમાં પણ કરબલાની મુસાફરીની જેમ ખાવાપીવાની ચીજો સામાન વી૦ સાથે લેવો અને વધારામાં એહરામ માટે એક લુંગી અને એકચાદર માટે કપડું સાથે લેવું, કેટલાક ઊંચો ધોએલો નેનકલાક મોટા પનાનો લીએ છે, કેટલાં લુંગી માટે નેનકલાક અને ચાદર માટે ઊંચો ઓછાડ અથવા ઓછાડ જેવો ટુવાલ લીએ છે, અને હજ કરવા જવા માટે સાધારણ રીતે મુંબઇથી મકકે જઇને આવવા માટે દોઢસો રૂપીઆ બસ છે અને મદીને પણ જાય તો અઢીસોથી ત્રણસો રૂપીઆ કાફી છે, કેટલાક ગરીબો તેથી ઘણા ઓછા ખરચમાં જઇને આવે છે, અને કેટલાક અમીરો હજારો રૂપીઆ ખરચ કરી આવે છે.

એટલું ધ્યાનમાં રાખવું કે ઇસ્ટીમર પર તહારતની બહુજ ગડબડ રહે છે, કેમકે આખી ઇસ્ટીમર હાજીઓથી પુર હોય છે તેથી મારી સમજ મુજબ તમામની સાથે બેસીને તહારત રાખવી મુશકીલ છે તેથી સેકન્ડ અથવા ફર્સ્ટ કલાસની ટીકીટ લીએ, અને સાથે નાનો એવો હોજ સવાકુરના આસરાનો રાખે, તો એ હીસાબથી બસો રૂપીઆ તમામથી વધારે બેસે પણ તહારત સાથે હજ થાય, અને તહારત વિના નમાઝ પડે એવી રીતે હજ કરવા જવું વાજીબ નથી બલકે હરામ છે. બાકી જઇને આવે ત્યાં સુધી બાલબચ્ચાની ખોરાકી વગેરેનો ખરચ પણ હોવો જોઇએ ઉપરાંત પાછો આવે તે વખતે એકદમ કામ ધંધો બંધ થઇ જાય એવી હાલત ન થવી જોઇએ વગેરે.

હજ કરવા જવાના મુંબઇથી બે રસ્તા છે એક સુવેઝને રસ્તે અને બીજો જદાને રસ્તે

અમે સુવેઝ થઇને ગયા પણ પાછું ફરીને ત્યાંથી જદ્દે આવવું પડયું માટે સહેલ અને થોડા ખરચમાં ઉકલે તે જદ્દેથી જવાનુ બેહતર છે; હા જેને વધારે ખરચ કરવો હોય અને સુવેઝથી મીસર, ઇસકનદરીયા, વીગેરે ફરવા જવું હોય તો સુવેઝ જહાં તે તરફ રેલવે છે તેમાં બેસી ફરી આવી પછી જદ્દે થઈ હજ કરવા જાય.

મુંબઇથી× સ્ટીમર ઉપડેછે તે કામેરાનમાં દસ દીવસે પહોંચે છે અને કામેરાન એક જગ્યો છે ત્યાં સરવેને ઉતારી દસ દીવસ સુધી જંગલમાં રાખે છે; જેને કવારનટીન કહે છે. ત્યાં રહેવાના છાપરાં અને પાણી લાકડાંની સોઇ સારી છે, ત્યાં ઉતર્યા પછી આપણાં તમામ કપડાં કઢાવી ધોએલાં પહેરાન પહેરાવી આપણા જુના કપડાને એક જાતનો બાફ આપીને પછી છાપરામાં જવાની રજા મળે છે, આશરે આઠ નવ રૂપીઆ લીએ છે.

દસ દીવસ પુરા થવા પછી રજા મલવાથી તેજ ઇસ્ટીમરમાં બેસી બે દીવસમાં જદ્દે જવાય છે; જદ્દામાં મકાન ભાડે મળે છે; હવે ત્યાંથી જો પહેલે હજ કરવા જવું હોય તો શીઆહ લોકો સાઅદીયા થઇને મક્કે જવા ઊંટ ભાડે કરે છે, અને જદ્દેથી સાઅદીયે થઇ પાંચમે દીવસે મક્કામાં પહોંચે છે અને સાઅદીએ જવાનું એટલુંજ કારણછે કે હજનો એહરામ ત્યાં જઇને બંધાય છે આપણા ભાઇ સુન્નત જમાત ઇસ્ટીમરમાંથી સાઅદીયા દેખાય ત્યાંથી એહરામ બાંધે છે, અને શીઆહને ઇસ્ટીમરમાંથી સઅદીયા પહાડનું યકીન થતું નથી તહારતથી ગુસલ કરી એહરામ બાંધવાનું બનવું મુશકીલ તેથી જદ્દે ગયા પછી સઅદીએ એહરામ બાંધવા જાય છે, સુન્નત જમાતવાળા જદ્દાથી પરભારા મક્કે બીજે દિવસે પહોંચી જાય છે, અને હજ કરીને પછી મદીને જવા વાળા મક્કાથી ઊંટ ભાડે કરી મદીને જાય છે તે દસ બાર દિવસે પહોંચે છે.

જેઓને પહેલે મદીને જવું હોય અને હજનો ટાઈમ વધારે હોવાથી મદીને જઈ આવીને પછી હજ કરેછે, તેઓ જદ્દેથી મદીને જાયછે અને મદીનાથી પછી મક્કે જાયછે, અને મક્કે હજ કરી અને પાછા જદ્દે આવે છે.

જદ્દાથી મદીને જવાના બે રસ્તા છે એક તો ખુશ્કી રસ્તે ઊંટ ભાડે કરીને પરભારા જદ્દેથી મદીને જાય છે અને મદીને દસ દીવસમાં પહોંચે છે, અને બીજો રસ્તો જદ્દેથી સ્ટીમર મારફતે યંબુ જાય છે અને તે ૨૪ કલાકે યંબુ પહોંચે છે યંબુથી ઊંટ ભાડે કરીને ચાર દિવસમાં મદીને પહોંચે છે.

ઊંટની સવારી માટે ઊંટપર બે તરફ શુગદુફ હોય છે, ખાટલા જેવા લાંબા દોરીથી ભરેલા અને ઉપર લાકડાની કમાનો હોય છે કે તેના ઉપર ચાદર શેતરંજી વિગેરે નાંખી હોય તો તડકો પડે નહીં અને લાંબા પગ કરીને સુવાય છે, એક ઊંટપર બે શુકદુફ બાંધે છે તેથા બે જણ બેસે છે, અંદર ખાવાની થોડી ચીજો કપડાં તકીયા પાણીના કુજા રાખવાની જગ્યો હોય છે, ચડવા ઉતરવાં માટે નીસરણી રાખે છે, કેટલાક જુવાન માણસો નીસરણી વગર ઊંટની ગરદનઉપર પગ રાખીને ચડે ઉતરે છે.

તે તરફ એ બહુજ સારૂ છે કે ઊંટનું ભાડુ હાકીમ તરફથી ઠેરાવવામાં આવેછે, અને તેજ ભાડુ તમામ પાસેથી લેવામાં આવે છે.

મક્કા શાહેરની વચમાં ખાનએ કાઅબા, આતરાફ મસજીદુલ હરામ તેની આતરાફ લોકોનાં ઘર તેની આતરાફ પહાડ છે, મદીના પણ ગામ સારૂં છે હઝરતે રસુલે ખુદા મોહમ્મદ

× હવે મુંબઈથી રવાના થતી વખતે પીરપાઉ નામની જગ્યોમાં પાંચ દીવસ કવારેનટીનમાં રાખ્યા પછી જદ્દે જવા આપે છે.

મુસતફાનો સ૦ નો રોઝો ઘણોજ સારો તાઅરીફ કરવા લાયક છે, તેની અંદર જનાબે ફાતેમાહ અ૦ ની પણ તુરતબ મુબારક છે અને અતરાફ મસજીદ છે. અને શહેરની બાહેર જનતુલબકીઅ છે અને ત્યાં કોણ કોણ દફન છે તે અમારી મુસાફરીના હાલમાં જુઓ.

અમારી હજની મુસાફરીનો અહવાલ:

હું મારા પીતાજી મારા મેહરબાન દોસ્ત હાજી ગુલામહુસેનભાઇ પીરભાઇ દેવજીભાઈ તથા તેવણે પોતાના પીતા મરહુમ પીરભાઈના તરફથી નાએબ લીધેલ જનાબે હાજી શેખ અબુલકાસીમ સાહેબ;* એટલા જણ હજ માટે સુવેઝને રસ્તે ગયા હતા, મુંબઇથી ઇસ્ટીમર પરશીઆની ૩૫૦) મુજબ સુવેઝની ટીકીટ લીધી; માહે રમઝાન સન ૧૩૧૩ તારીખ ૨૬ ગુરૂવારના રાતના સાડાઆઠ વાગે ઇસ્ટીમર રવાના થઇ; શવ્વાલ તારીખ ૪ ગુરૂવારના સવારના ૪ વાગ્યા પછી કપતાન ઇસ્ટીમરપર નહતો તેથી જણાયું કે તેણે કોઇ પણ કારણસર આપઘાત કરી દરીયામાં પડયો હશે. તા૦ ૧૦ શવ્વાલના ચઉદમે દીવસે વચમાં કોઇ પણ બંદર ન કરતાં સુવેઝ પહોંચ્યા. ત્યાં મઅઝીનનો રોજનો દોઢરૂપીઓ કરી રહયા, તા૦ ૧૨મી શવ્વાલના રેલમાં બેસી દરેકના આશરે ૩૫) આપી મીસર ગયા, મીસર બહુજ મોહટું વખાણવા લાયક શેહર છે, પણ અમારે ટાઇમ ઘણોજ થોડો હોવાથી એકજ દીવસ રહી બીજી ચીજો ન જોતાં ફકત ચાર ઠેકાણે ઝીયારતો કરી. તેમાં ખાસ કરીને ઇમામે હુસયન અ૦ નું સર દફન થયું છે એમ સમજી મોહટો રોઝો બનાવેલ છે તેની પણ ઝીયારત કરી. તા૦ ૧૩ શવ્વાલના સાંજના રેલમાં બેસી તા૦ ૧૪ ના સવારે સુવેઝ આવ્યા.

તા૦ ૧૬ શવ્વાલના સુવેઝથી જદ્દાની ઇસ્ટીમર ઇસોનઝોમાં ૩૩૫) મુજબ ટીકીટ લઇ રવાના થયા; તા૦ ૧૭ શવ્વાલના સવારે જબલેતુરપર પહોંચ્યા ત્યાં કયારેનટીન માટે ઉતારી પાંચ દીવસ જંગલની અંદર રાખ્યા, રહેવા તંબુ હતા અને પાણી હવા બહુજ વખાણવા લાયક, પણ તેની હદથી છેટે જવાનો હુકમ નહતો, અમારા તંબુઓથી થોડે છેટે અમારાથી પહેલે આવેલા લોકો હતા, જબલેતુર જે પહાડ ઉપર હઝરત મુસા અ૦ દોઆ કરવા જતા તેનું નામ છે, તે છેટેથી દેખાય છે પણ બાહેર જવાનો હુકમ ન હોવાથી ત્યાં જઇ શકયા નહીં. અમારાથી પહેલે હાજી જાનમાહમદભાઇ સાલેમાહમદ મીસર ગએલાઅને પાછા મજકુર ઠેકાણે તંબુઓમાં કયારેનટીનમાં હતા, પણ મળવા જવાનો હુકમ ન હોવાથી કાગળથી એક બીજાના અહવાલથી વાકેફથયા, તેઓ અમારી અગાઉ આવેલા અને દસ દીવસ પુરા થવાથી જદ્દે ગયા; અને અમોને પાંચ દીવસ પછી રજા મળવાથી તા૦ ૨૨ શવ્વાલનાં ઇસ્ટીમરપર બેસી જદ્દે રવાના થયા.

તા૦ ૨૫ શવ્વાલના જદ્દે પહોંચ્યા જદ્દેથી જાનમોહમ્મદભાઇ ભેગા થયા તે મુંબઇ સુધી હતા, તા૦ ૨૭ શવ્વાલના જદ્દેથી યંબુ* જવા માટે તેજ ઇસ્ટીમર ઇસોનઝોપર ૩૪) મુજબ ટીકીટ લઇને બેઠા તા૦ ૨૯ શવ્વાલના યંબુ પહોંચ્યા. યંબુમાં કાફલો તૈયાર હોવાથી બએ જણના ૩૧૮) મુજબ ઊંટનું ભાડુ કરી તા૦ ૧

* તેઓ હાલ મુંબઇમાં ખોજા શીઆહ ઇસનાઅશરી મસજીદમાં કેટલાંક વરસથી પેશનમાઝ છે.

* સુવેઝ અને જદ્દાની વચે યંબુ આવે છે, પણ યંબુમાં ડાકટર નહોવાથી અમોને યંબુમાં ઉતરવા દીધા નહીં તેથી જદ્દે જવું પડયું, અને જદ્દાથી યંબુ ગયા.

લી ઝીલકાદના મદીને રવાના થયા; તા૦ ૨ જી ઝીલકાદના બીરેશઅરની મનજીલપર પહોંચ્યા, તા૦ ૩ ના બીરે અબ્બાસ મનજીલપર પહોંચ્યા. તા૦ ૪ ના મનઝીલે બીરે રોહાપર પહોંચ્યા. તા૦ (૫) મીના મદીનએ મુનુવ્વરામાં પહોંચ્યા.

* મદીનામાં ગામની બાહેર નખાવલામાં શીઆહ લોકોનો ઇમામવારો છે જેને હુસએનીયા કહે છે અને તે હવશે સહદીયાહમાં છે ત્યાં ઉતર્યા નખાવલામાં સઇયદો પણ છે. અને તે સરવે લોકો નખાવલાના ગરીબ અને અશરાફ છે.

મદીનામાં ગામમાં હઝરતે રસુલે ખુદા સ૦ નો રોઝો જે મસજીદની અંદર છે તે અને હઝરતના વાલીદ અબદુલ્લાહ, તથા ઇમામ જાઅફર સાદેક અ૦ ના ફરઝંદ હઝરતે ઇસમાઇલનો રોઝો પણ ગામમાં છે, અને ગામની બાહેર જન્નતુલ બકીઅમાં હઝરતે ઇમામે હસન, ઇમામ ઝએનુલ આબેદીન, ઇમામ મોહમ્મદ બાકેર ઇમામ જાઅફરે સાદેક અને હઝરતે રસુલે ખુદાના કાકા જનાબે અબ્બાસ એ પાચ બુઝુરગવારોનો એક નાનો એવો રોઝો સાદો છે, જેની અંદર જગ્યા ઘણી થોડી અને રાતના ખોલતા નથી; અને બીજી કેટલીએક ઝીયારતો જન્નતુલબકીઅમાં છે, અને ગામથી બબે ગાઉને છેટે હઝરતે હમઝા અ* નો રોઝો જંગે ઓહદ, તથા બીજી કેટલીક મસજીદો વીગેરે છે, અને તે તમામ જગ્યાએ મુતવલ્લીને કહેવાથી બતાવા સાથે આવે છે, અમો ૧૭ દીવસ મદીનામાં રહયા.

તા૦ ૨૨ મી ઝીલકાઅદાહના મક્કે રવાના થયા, અને તેજ દીવસે મસજીદે શજરા પહોંચી રાત રહયા, તા૦ ૨૩ ના એહરામ બાંધીને રવાના થયા, તે તા૦ ૨૪ ના સવારે **મનઝીલે આર** (૧) પર પહોંચ્યા, તા૦ ૨૫ મીના સવારે **મનઝીલે ખલીસ** (૨) માં પહોંચ્યા; તા૦ ૨૬ ના મનઝીલે ઉગેત (૩) પહોંચ્યા. તા૦ ૨૭ ના **મનઝીલે તીબ્બેશ** (૪) પહોંચ્યા, તા૦ ૨૮ નાં **મનઝીલે બીરે બરી** (૫) પહોંચ્યા, તા૦ ૯ ના **મનઝીલ રાબેક** (૬) પહોંચ્યા ત્યાં આરામ લેવા માટે એક દીવસ રહયા પણ ત્યાંના લોકો ચોર હોવાથી બબે કલાકના વારા કરી ચોકી કરવી પડીહતી તા૦ ૧ લી ઝીલહજના **મનઝીલે ગઝોમા** (૭) પહોંચ્યા. તા૦ ૨ જીના **મનઝીલે ઇસફાન** (૮) પોહચ્યા તા૦ ૩ ના **મનઝીલે વાદીએ ફાતેમા** (૯) માં પહોંચ્યા અને તા૦ ૪ના સવારે (૧૦) **મક્કએ મોઅઝ્ઝમામાં** પહોંચ્યા.

તે દીવસે ત્યાંના હીસાબે પાંચમી તારીખ હતી, તેજ દીવસે તવાફ સઇ વીગેરે કરી એહરામ કાઢી કપડા પહેર્યા.

તા૦ ૮ મી ઝીલહજના પાછો હજ માટે એહરામ બાંધીરાતના ૮ વાગે **અરફાત** જવા માટે રવાના થયા, તે આખી રાત મીનામાં રહી સવારે ૯મીના **અરફાત** ગયા; સાંજે ત્યાંથી નીકળીને **મશઅર**માં રાત રહયા;* અને સવારે તા૦૧૦મીના મીનામાં આવ્યા ત્યાંના જરૂરી અઅમાલ કરી તા૦ ૧૧ મીના **મક્કા**માં ગયા ત્યાં તવાફ વીગેરે કરી એહરામના કપડાં કાઢી બીજા કપડાં પેહરીને પાછા મીનામાં ગયા મીનાથી તા૦ ૧૨ મીના સાંજે મક્કે આવ્યા, અને મક્કાથી તા૦ ૧૪ ના રાત્રે જદ્દે* રવાના થયા તા૦ ૧૫ મીના મનઝીલે હીદે પહોંચ્યા, તા૦ ૧૬ મીના સવારે જદામાં પહોંચ્યા, તા૦ ૧૯ ઝીલહજના જદ્દાથી

જદ્દામાં આગા જંગીશાહ તથા તેઓના ફરઝંદ અબ્બાસને સાથવાળા ખોજા પંજેભાઇ બેકાકા ભત્રીજાએ રાતના વખતે ત્યાં મારી નાંખ્યા, જે બાબત મશહુર છે, આગા જંગીશાહે રસ્તામાં ઘણી સખાવત કરી અને કાફલાની સારી ખબર રાખતા હતા.

ઇસ્ટીમર ટીકેટપર બેસીને તા૦ ૧ લી મોહર મના મુંબઇ પહોંચ્યા.

મક્કાની અંદર પણ કેટલીક ઝીયારતો છે, જેમકે હઝરત અલી અ૦ ના વાલીદ જનાબે અબીતાલેબ. તથા દાદા હઝરત અબદુલ મુત્તલીબ, જનાબે ખદીજએ કુબરા વીગેરેના રોઝા છે, ઉપરાંત અબુકોબેસ પહાડ તથા ચાંદના બે કટકા થયા તે જગોની ઝીયારત છે.

મદીનેથી મક્કા બાર દીવસે પહોંચાય છે, અને મનઝીલોમાં ફકત ચાર છ કલાક ખાવા પીવા ઉતરે છે બાકી રાતને દીવસ ચાલવાનું છે; તમામ મનઝીલોમાં ગામ આવતા નથી, ફકત બે જગોએ ગામ આવે છે. કાફલાથી છેટે ઝાડે કે પેશાબે જવું નહીં મારવાનો ખોફ રહે છે ઉટની કતારની બાજુમાંજ રહેવું, અને રસ્તામાં ઉતારા માટે તંબુ લેવો તે ત્યાં મળે છે અને ઝાડા પેશાબ માટે નાની એવી સનડાસ કપડાની લેવી કે ઉતારો કરે ત્યાં ઝાડા પેશાબ માટે છેટે જવું ન પડે રસ્તો બીકટછે કાફલા વગર જવાએ નહીં, વળી હુશીયારી રાખવી જોઇએ અને ખુદા પર તવક્કલ કરવો. અમો હતા તે કાફલામાં બે ત્રણને મારી નાંખ્યા હશે પણ તેઓની ગફલત કે અંધારામાં વેહલા ઉતરે અને તજવીજ ન રાખે. અલહમદોલીલ્લાહ અમો સરવે સહીહ સાલીમ કાંઇ જાતની ઇજા વગર જઇને આવ્યા.

લોકો બહુજ ખાય અને આડી અવળી ખરાબ જણસો ખાય એટલે પણ બીમાર પડી જાય છે માટે ઘણું થોડું અને તપાસીને ખાવું, હાથ જરા છુટો રાખવો તો તમામ જણ ગુલામી કરે. અને બખીલાઇ કરે તો હેરાન કરે. અને હજના અઅમાલમાં કોઇ જાતની સખતી કે ન આવડે એવી બાબત નથી તમામ સેહલ અને આસાન છે; ઇ૦ ખુદા યારી આપશે તો હજના અઅમાલની એક કીતાબ લખીશું.

ખાતેમો મનાકેબ ઉપર.

મનાકીબે ઇમામે હુસયન અલયહીસ્સલામ મિન્તસનીફે જનાબે "વઝીર."

યા શાહે કરબલા તેરી મદહત મોહાલ હય=મંય કયા ઝબાને ખુલ્‌મુલે સીદરેકી લાલ હય*
દાઅવાજો ઇસકા કીજીયે નકસે કમાલ હય=તું ફાતેમાહકા માહ હઓ હયદરકા લાલ હય*
કુરઆનમેં વસ્ફ જબ તેરા રબ્બે હુદા કરે*
બંદેકી કયા મજાલ જો મદહો સના કરે*
પર દીલકે વલવલેને હએ બેતાબ કર દીયા=રૂકતા હય અબ કલમ ન ઝબાનેરસા મેરા*
નીય્યતસે મેરી આપ હંએ વાકીફ શાહેહોદા, તાલીબ હું મએં ઝરકા ન ઇનઆમો નામકા*
તાઅત ખુદાકી તેરી ઇતાઅત સમજતા હું*
મદહો સનાકાં ઠીક ઇબાદત સમજતા હું*
ફઝલો કરમકા શુકર તેરે કયા કરૂં બદા=બરસો રહા મંય નઝલેકો આફતમેં મુબતેલા*
કયા કયા હુએ ઇલાજ નહાસીલ હુઇ શફા=આજીઝ હુવા તો આપસેકી રોકે ઈલતેજા*

ગાયા કરીબે મર્ગીબા પસેહત બોલી મુજહે*
શીરીનીએ હયાતકી લઝ્ઝત મીલી મુજહે*
યે ક્યા હય તુમને મુર્દે જીલાએ હંય બેશુમાર, લાશા પીસરકા લાઇ જઇફાજો અશ્કબાર*
નોકે સીનામેં સર હુવા હઝરતકા બેકરાર=જી ઉઠા વોહ હીલેજો લબે ખુશ્ક એકબાર*
જબ કુમ કહા હુઝુરને વોહ ઉઠ ખડા હુવા*
આલમકો દેખ કર યે તહય્યુર બડા હુવા*
હઝરતપે હય ઇનાયતે ખાલીકકા ખાતેમા=ઝાહેર હ* સબપે બચ્ચએ ચાહુકા માજરા*
શબ્બરકો મુસતફાને ખુદાને તુમ્હેં દીયા=મલબુસે ઇદ માસે જો રોકર તલબ કીયા*
હુઝન આપકા હુવા ન ગવારા ગફુરકો*
પોશાકે ઇદ ભેજે જન્નતસે હુઝુરકો*
એઅજાઝકા હુઝુરકે મુમકીન નહીં શુમાર=એક સરસે તાબશામ હુએ મોઅજીઝે હઝાર*
ખાલીકને હર તરહકા દીયા તુમકો ઇખતેયાર=મુશકીલમેં હર નબીકે હુવે તુમ મોઇનોયાર*
ઇદરીસકો બેહીશ્તકી ફીતરસકો પર દીએ*
તાલીબ હુવા પીસરકા જો રાહેબ પીસર દીએ*
પયદા હુવે હંય ગરચે પયગમ્બર કઇ હઝાર=લયકીન સબમેં કોઇ નહીં તુમસા ઝીનહાર*
નાના વોહ જીસકા રૂતબા હય કશ્શમ્સ આશકાર=બાબા વોહ હય કે ભેજી જીસે હકને ઝુલફેકાર*
ખાઅફૂર ચચા હય કુશ્તએ અલમાસ ભાઇ હે*
માં વોહ હય જીસકો ચાદરે તત્હીર આઇ હે*
રજઅત હુઇ હય મેહરકો બહરે અબુતોરાબ=રોઝા રખા જો આપને તીફલીમેં અએ જનાબ*
જીસવકત તશનગીસે રહી આપકો ન તાબ=વકતે ઝવાલ છુપગયા મગરીબમેં આફતાબ*
યેહ ક્યા હય હુકમ પાએ જો ઇસા જનાબકા*
સરપર લગાએં આપકે ચતર આફતાબકા*
તુમસા દીલેર હોગા ન દુન્યામેં દુસરા=નવલાખસેં એકેલે લડે વાહ વાહ વાહ*
આબીદ જહામેં આપસા પયદા ન હોયગા=ખંજર ફીરા ગલેંપે ન સીજદેસે સર ઉઠા*
ઇશ્ક ખુદામેં રેહાતુ આબો ગીઝા છુટી*
સર કટ ગયા કદમસે ન રાહે રઝા છુટી*
ક્યું પ્યાર હકકા તુમપે ન હોવે ઝીયાદાતર=અલ્લાહકે રસુલકે હો પારએ જીગર*
ઝુલેસે તુમકો લે ગએ જીબરઇલ અર્શ પર=ખાતેર યેહ આપકીથા કે દો કરદીયા ગોહર*
જો બાત તુમને અર્ઝકી હકને કબુલકી*
ચાહા જો તુમને બખશદી ઉમ્મત રસુલકી*
કહર આપકા હએ કહરે જનાબે અબુતોરાબ=દરઆઓ એક તુર્ક જો રવઝેમેં બેહેજાબ*
આયા જલાલ આપકો નાઝીલ હુવા અઝાબ=એક ઝર્બમેં તમાંચે કે મુંહ ફીરગયા શીતાબ*
ક્યા ઝર્બથી ઝમીંપે નગીરકર તપાં હુવા*
નારે સકરકી સીમ્મત વોહ નારી રવાં હુવા*
હઝરત સા રહમદીલ ન કોઇ હોગા ઝીનહાર=સય્યાદને જો બચ્ચએ આહુ કીયા શીકાર*
રોતીથી હરની બચ્ચે કે છુટનેસે બાર બાર=હઝરત કે જબ હુઝુરમેં આઇ વોહ અશ્કબાર*

રોનેને ઉસ્કે આપકે દીલકો હીલા દીયા*
સચ્યાદસે હુઝુરને બચ્ચેકો દીલા દીયા*

શમશુઝઝોહા નબી હે તો બદરૂદ દોજાહેં આપ=મુશકીલ કોશા અલીહે તો ઉકદાકોશાહહેં આપ*
ઝહરા હેં બહરે નુર દુરરે બેબહા હંય આપ=શબ્બર હેં સબઝ પોશ ગુલગું કબા હેં આપ*
એઅજાઝ આપકે નહીં આતે બયાનમેં*
વારીસહો અંમબીયાએ સલફકે જહાંનમેં*

વજહે કબુલે તવબએ આદમથા કવન આપ=ગુલ કીફલકા કફીલ દમે ગમથા કવન આપ*
શુતુસકા બતને હું તમે હમદમ થા કવન આપ=તાઅવીઝે હીફઝે ઇસીએ મરયમથા કવન આપ*
કીસ કીસકે સરસે તુમને બલા જાકે રદનકી*
મીસલે અલી હુઝુરને કીસકી મદદ ન કી*

નુરે ખુદા રસુલકે નુરે નઝરભી હો=જાનો તને બતુલહો લખતે જીગરભી હો*
ચશમે અબુતોરાબહો શમસો કમરભી હો=બાઝુ હસનકે તાબેતવાં કમરભી હો*
જીબરઇલને શરફ તેરી ખીદમતસેં પાએ હેં*
મેવે તબક તબક તુમ્હે જન્નતસેં આએ હેં*

હંય સબ ઇમામ બુરજે શરફતકે આફતાબ=એકએક હય મદીનએ ઇલમે નબીકા બાબ*
ગંજીનએ રમુઝે ખુદા મખઝને સવાબ=પર ખાસ યેહ શરફ હંય તુમ્હારે લીએ જનાબ*
ભાઇ ઇમામ અવર પદરભી ઇમામ હંય*
ખુદભી ઇમામ લખતે જીગરભી ઇમામહંય*

બસ અએ ઝબાં બસકે અદબકા મકામહય=કર અરઝ મુદઆકે મુનાકીબ તમામ હય*
અબ આગે ઇલતેમાસમેં તુલેકલામ હય=નીય્યતસે તેરી આલીમો દાના ઇમામ હય*
જીસતરહ "વઝીર" હુઇહય શફા તુજહે*
યુંહી તલબ કરેંગે શહે કરબલા તુજહે*

હાજી ગુલામે અલીભી ગુલામે શહે હોદા=મીસ્લે વઝીર કરતા હય હરદમ યેહી દોઆ*
યા રબ બેહકકે અહમદો ઝહરા વમુસ્તફા=બહરે હસન હુસયન શહીદે રહે ખુદા*
ફીર ચવથી બાર શાહકી ઝીયારત નસીબહો*
મહશરમેં પંજેતનકી શફાઅત નસીબ હો*

લ૦ ખાકસાર હાજી ગુલામઅલી વલદે હાજી ઇસમાઇલની અરજ અગર
કોઇ જગોએ ભુલ [illegible] તો [illegible] વનું. તા૦ ૧૦ મી
[illegible]

નકશાઓ.

જાણવું જોઇએ કે શીઆઓ ઇસ્નાઅશરી મઝહબમાં પયગમબરો અને ઇમામોને માઅસુમ જાણે છે, અને હકીકતમાં એ બુઝરગવારો માઅસુમ હતા, જે અકલી અને નકલી દલીલથી સાબીત છે.

અને ખાસ કરીને ૧૪ માઅસુમ અલયહે સુસ્સલામનો મરતબો તમામ ફરતાં મહોટો અને અઆલા છે. આપણા માટે ઝીયારતોની જગ્યો ૧૪ માઅસુમ અ૦ ના રોઝા મુબારક છે, અને તેઓ જ્યાં શહીદ થયા ત્યાં દફન છે, જેની તફસીલ આ પ્રમાણે છે.

મદીનએમુનવ્વરામાં હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ જનાબે ફાતેમા અ૦ ઇમામે હસન અ૦ બીજા ઈમામ, ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ચોથા ઇમામ, ઇમામે મોહમ્મદે બાકેર અ૦ પાંચમા ઇમા, ઇમામે જાઅફરે સાદેક અ૦ છઠ્ઠા ઇમામ, મળી એ છ માઅસુમ અ૦ ના રોઝા મુબારક છે, તો જેઓ હજ કરવા જાય છે તેઓ મદીને [illegible] ઝીયારત કરવા જાય છે તો આ છ માઅસુમ અ૦ ની ઝીયારત નસીબ થાય છે;

કરબલાએ મોઅલ્લામાં હઝરતે ઇમામે હુસયન અ૦ ત્રીજા ઇમામનો રોઝો. [illegible] હ૦ અબ્બાસ અ૦ અને જ૦ હુરનો રોઝો છે, અને બાકી શહીદોના ખાસ જુદા રોઝા નથી.

નજફે અશરફમાં હઝરત અલી અ૦ પહેલા ઇમામ અ૦ નો રોઝો છે, [illegible] આદમ અને હઝરતે નુહ અ૦ ની કબરોની વચમાં દફન છે.

કાઝેમૈન [illegible] અ૦ માં ઇમામ મુસીએ કાઝીમ અ૦ સાતમા ઇમામ અને ઇમામે મો[illegible] તકી અ૦ નવમા ઇમામ મળી બે માઅસુમનો રોઝો મુબારક છે.


સુરરેમનરાય જેને સામરા કહે છે ત્યાં ઇમામે અલીયુન્નકી અ૦ દસમા ઇમામ, અને [illegible] હસને અસકરી અ૦ અગીયારમા ઈમામ મળી બે ઇમામ અ૦ ના રોઝા છે. [illegible] બારમા ઈમામ અ૦ ગાયબ થયા તે જગ્યો અને તેના ઉપર [illegible]

તુસ [illegible] મુકદસ અને ખુરાસાન કહે છે ત્યાં ઇમામે રઝા અ૦ આઠમા [illegible] છે.


મુસય્યબ [illegible] અને કરબલાની વચમાં છે ત્યાં હ૦ મુસલીમ અ૦ ના બે ફરઝંદોનો રોઝો છે.


કુફામાં હઝરતે મુસલીમ અ૦ નો અને જનાબે હાનીનો પણ રોઝો છે.

અને એ બુઝરગવારોના રોઝા મુબારક તથા મક્કા અને ખાનએકાબાના નકશા અહીંયાં આપવામાં આવ્યા છે.



અરફાત
عرفات
مکہ معظمہ
قلعہ مکہ
مصلی حنبلی
مصلی مالکی
مصلی حنفی
شافعی
حجر اسود
જમઝમ
મસજીદુલ હરામ



૨જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા ઇમામ
અ૦ નો રોઝો.
જન્નતુલ બકીઅમાં
جنت البقیع
ખુદાનો રોઝો.
مدینہ منورہ
મદીના.
સહન.
મસજીદ.
ચમન.




تصویر عالم پریس لکھنؤ ڈیوڑھی آغا میر۔ امجد علی بسمہ۔

روضہ نجف اشرف


હઝરત અલી અ૦ નો રોઝો
નજફે અશરફમાં.



تصویر عالم پریس لکھنؤ کٹرہ آغا میر مہتمم محمد تقی حسین -



تصویر عالم پریس لکھنؤ ڈیوڑھی آغا میر - امجد علی پریسمین -




تصویر عالم پریس لکھنؤ ڈیوڑھی آغا میر امجد علی پریسین لکھنوی

ઇમામે અલીયુન્નકી અ૦ અને
ઇમામે હસને અસકરી અ૦ નો
રોઝો.


روضہ عسکریین ع

مشہور بہ سامرہ معمورہ

સામરામા



تصویر عالم پریس لکھنؤ



تصویر عالم پریس لکھنؤ ڈیوڑھی آغا میر

ઈંડકાંડે ઓગળ્યા ઉછેરું શરદે ખાતા છપ .

ઉંડરો મૂકે કહતે પૂરે આવે છે . મફત ૨

ટો આંબેરે શાકેશીભડા સ્મ્યાં ઉકસે

ને સંસારે શાંતિ, ઇચ્છાવી ભલી છે